# ખોજ

જીવન એક અવિરત ખોજ-આવિષ્કાર

માર્ચ-એપ્રિલ ૨૦૦૬
વર્ષ ૨ અંક ૧



## સૌરાષ્ટ્રનું જળસંચય અભિયાન શું નર્યું ગાંડપણ છે ?

## આ NPV વળી શું ચીજ છે ?

## બેસ્ટ બેકરી ચુકાદો અને ગુજરાત ૨૦૦૨

## મારે ન્યાય વ્યવસ્થા બદલવી છે

*Whence this creation has come*
*He who is its surveyor in heaven*
*he alone knoweth*
*And yet doth he know?*
*- Rig Ved*

*The gods did not reveal, from the beginning*
*All things to us; but in the course of time,*
*Through seeking we may learn, and know things better.*
*But as for certain truth, no man has known it,*
*Nor will he know it; neither of the gods,*
*Nor yet of all the things of which I speak.*
*And even if by chance he were to utter*
*The perfect truth, he would himself not know it,*
*for all is but a woven web of guesses.*
*- Xenophanes*
*A Greek bard, 570-475 B.C.*

# ખોજ

માર્ચ-એપ્રિલ ૨૦૦૬
વર્ષ ૨, અંક ૧
સળંગ અંક - ૭

જીવન એક અવિરત ખોજ-આવિષ્કાર

**સંપાદક**
અંબરીષ મહેતા

**સંપાદક મંડળ**
તૃપ્તિ પારેખ
અનિલ પટેલ
રાજેશ મિશ્રા

**પરામર્શ સમિતિ**
રશ્મિ કાપડિયા
દક્ષા પટેલ
મહેન્દ્ર ચોટલિયા
સુદર્શન આયંગાર
કિરીટ પાનવાલા
અપર્ણા કડીકર
નિમિષા શુક્લ
પાર્થ શાહ

**આલેખન-સજાવટ**
જરીન જોષી

| | | |
|---|---|---|
| સંપાદકીય | અંબરીષ મહેતા | ૪ |
| પત્રો / પ્રતિભાવો | | ૫ |
| સ્વતંત્રતા - જ્ઞાન અને બજાર (૫) | અનિલ પટેલ | ૯ |
| બેસ્ટ બેકરી ચુકાદો અને ગુજરાત ૨૦૦૨ | પ્રો. જે.એસ. બંદૂકવાલા | ૧૭ |
| કલિંગનગરમાં પોલીસ ગોળીબાર : પીયુસીએલ ઓરિસ્સાનો તપાસ અહેવાલ | | ૨૦ |
| 'કેલો' અને અમેરિકાની સુપ્રીમ કોર્ટ | તૃપ્તિ પારેખ | ૨૨ |
| મારે ન્યાય વ્યવસ્થા બદલવી છે | કિરીટ પાનવાલા | ૨૩ |
| સૌરાષ્ટ્રનું જળસંચય અભિયાન શું નર્યું ગાંડપણ છે ? | અંબરીષ મહેતા | ૨૬ |
| આ NPV વળી શું ચીજ છે ? | તૃપ્તિ પારેખ | ૩૭ |

'ખોજ' દ્વિમાસિકનો આ અંક આર્ચના 'પહેલ' કેન્દ્ર (Initiative for Open Society), ફતેગંજ વડોદરા વતી અંબરીષ મહેતાએ પ્રકાશિત કર્યો.

સહયોગ રાશિ :
વાર્ષિક રૂા. ૧૨૦/-
દ્વિવાર્ષિક રૂા. ૨૪૦/-
પાંચ વર્ષની રૂા. ૫૫૦/-

સહયોગ રાશિના ચેક / ડી.ડી.
એકશન રિસર્ચ ઈન કોમ્યુનિટી હેલ્થ એન્ડ ડેવલપમેન્ટ (ARCH)ના નામે મોકલવા વિનંતી છે. બહારગામના ચેકો પર બેંક કમિશનના વીસ રૂપિયા ઉમેરવા. પત્રવ્યવહાર/લવાજમ મોકલતી વખતે પોતાના સરનામા સાથે ફોન નંબર અચૂક લખવા.

સંપર્ક :
આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩, ૫૫૩૩૪૩૬
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com

મુદ્રણ : વિશાલ ઓફસેટ, વડોદરા

'ખોજ'માં પ્રસિદ્ધ થતાં મંતવ્યો સાથે સંપાદક મંડળ સહમત હોય એ જરૂરી નથી.

કવર પેજ-૧ના ફોટોગ્રાફ માટે પ્રેમજીભાઈ પટેલ તેમજ કવર પેજ-૪ના ફોટોગ્રાફ માટે વિનાયક દવેના આભારી છીએ.

## સંપાદકીય

ગયા મહિને મેક્સિકો સિટીમાં ચોથી દ્વિવાર્ષિક વર્લ્ડ વોટર ફોરમ ભરાઇ ગઈ. સામાન્ય રીતે આવી કોઈ પણ આંતરરાષ્ટ્રીય મિટિંગોમાં જુદા જુદા દેશોના હજારો સરકારી અધિકારીઓ / પ્રતિનિધિઓ અને કર્મશીલો પાણીની ગંભીર કટોકટી વિશે તેમજ તેને નિવારવા, 'સૌને પાણી પૂરું પાડવા' સરકારોએ ક્યા સુધારા કરવાની જરૂર છે તે વિશે જાત જાતની દરખાસ્તો કરતા રહે છે. મોટાભાગની દરખાસ્તોનો ધરતી પરની સ્થિતિ સાથે કોઈ મેળ હોતો નથી અને એનો અમલ કરવા જઈએ તો પરિસ્થિતિ સુધરવાને બદલે ઉલ્ટાની વણસે (જુઓ 'ખોજ' અંક ૪). બીજી બાજુ સૌરાષ્ટ્ર જેવા પાણીની અછતવાળા કેટલાયે વિસ્તારોના લોકોએ 'સરકાર કંઈક કરશે' એ ભરોસે બેસી રહેવાને બદલે પરિસ્થિતિની બાગડોર પોતાના હાથમાં લઈ લીધી છે. વરસાદનું પાણી ઝીલીને તેને સંઘરવાનાં વ્યાપક અભિયાનો ચાલી રહ્યાં છે. આ અભિયાનો પાણીની ઉપલબ્ધિ તો વધારી જ રહ્યાં છે, પરંતુ સાથે સાથે સપાટી પરના પાણી પરની સરકારની ઈજારાશાહી પણ તોડી રહ્યાં છે અને લોકોના અધિકારોને પુનઃ પ્રસ્થાપિત રહ્યાં છે. પરંતુ પાણીના મોટાભાગના નિષ્ણાતો આવાં અભિયાનોથી અળગા રહ્યા છે, અને ધરાતલ પર શું થઈ રહ્યું છે તેને સમજવાની પણ પૂરી કોશિશ નથી કરી રહ્યા. એટલું જ નહીં, 'આ તો જૂના અધિકારોના ભોગે નવા અધિકારો પ્રસ્થાપિત થઈ રહ્યા છે' અને 'એનાથી પ્રાદેશિક સ્તર પર પાણીની સ્થિતિમાં કોઈ ફરક પડવાનો નથી' એવી દલીલો પણ કરી રહ્યા છે. આ અંકના અગ્રલેખમાં સૌરાષ્ટ્રના જળસંચય અભિયાનને વિગતે વર્ણવીને તેના વ્યાપક સૂચિતાર્થોની ચર્ચા કરી છે. અભિયાનના વિરોધમાં નિષ્ણાતોએ કરેલી દલીલો ખરેખર જે થઈ રહ્યું છે તે જોતાં કેટલી ખરી ઊતરે છે તેની પણ ચકાસણી કરી છે.

જંગલ જમીનો બિનજંગલ ઉપયોગો માટે હસ્તાંતરિત કરતી વખતે જંગલોની 'નેટ પ્રેઝન્ટ વેલ્યુ' (NPV) પણ વસૂલ કરવી જોઈએ એવો હુકમ સુપ્રીમ કોર્ટે ૨૦૦૨માં આપેલો. ત્યારબાદ જુદા જુદા વિસ્તારોમાં જુદા જુદા પ્રકારનાં જંગલો માટે NPV ની ગણતરી કેવી રીતે કરવી જોઈએ અને ક્યા પ્રકારની યોજનાઓને તેની વસૂલીમાંથી મુક્તિ આપવી જોઈએ તે અંગે ભલામણો કરવા એક એક્ષ્પર્ટ કમિટિની નિમણુક કરી છે. આ સંદર્ભમાં NPV શું છે, તે ઉઘરાવવાની વાત કઈ રીતે આવી, તેમાં કેટલું ઔચિત્ય છે, વગેરે સવાલો તપાસવાની કોશિશ 'આ NPV વળી શું ચીજ છે' લેખમાં કરી છે.

બેસ્ટ બેકરી કાંડમાં મુંબઈની કોર્ટે આપેલા ચુકાદાના અનુસંધાનમાં પ્રો. બંદૂકવાલા ૨૦૦૨ના એ કાંડ દરમિયાન તેમજ ત્યારબાદ વહીવટીતંત્રે તથા નામી-અનામી વ્યક્તિઓ / સંસ્થાઓએ ભજવેલી ભૂમિકા પર એક દૃષ્ટિપાત નાખે છે અને ફરીથી બેઠા થઈ રહેલા મુસ્લિમ સમાજ પાસે આર્થિક-સામાજિક રીતે ઉપર આવવાની આશા તો રાખે જ છે, સાથે દેશની અને વિશ્વની મુસ્લિમ અને બિન-મુસ્લિમ વિશ્વ વચ્ચેની તિરાડ જોડવાની ઐતિહાસિક ભૂમિકા નિભાવવા માટે આગળ આવવાની અપીલ કરે છે.

આપણી ન્યાય વ્યવસ્થાની અનેકાનેક ખામીઓને કારણે લોકો ન્યાય મેળવવાની આશા જ લગભગ ગુમાવી બેઠા છે. ભારેલા અગ્નિ જેવી આ સ્થિતિમાં જેસિકા લાલ ખૂન કેસના આરોપીઓને નિર્દોષ છોડી મૂકતા ચુકાદાએ જાણે કે એક જામગરી જ ચાંપી દીધી છે. ન્યાયના સિદ્ધાંતો અને ધરાતલની વાસ્તવિકતા - બંનેને સાથે મૂલવીને ન્યાય સંહિતા/પ્રણાલીમાં ક્યા સુધારા કરવા જરૂરી છે તેની ચર્ચા કરવા શ્રી કિરીટ પાનવાલાની 'મારે ન્યાય વ્યવસ્થા બદલવી છે' લેખમાળા આ અંકથી શરૂ કરીએ છીએ.

-સંપાદક.

# પત્રો / પ્રતિભાવો





આપના પત્રો / પ્રતિભાવો આવકાર્ય છે.
પત્ર વ્યવહારનાં સરનામાં :

આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦ ૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩, ૫૫૩૩૪૩૬
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com

આર્ચ, મુ. પો. માંગરોલ,
તા. રાજપીપળા, જિ. નર્મદા,
ગુજરાત. પીનઃ ૩૯૩ ૧૫૦
ફોન : ૦૨૬૪૦-૨૫૦૧૪૦


ચાર અને ૫-૬ અંકો વાંચ્યા પછી મારા પ્રતિભાવ જણાવવા રજા લઉં છું :

અતિ ઉચ્ચ વૈચારિક સ્તરની વાચન-સામગ્રી છે, જે 'પલ્લે પાડવા' કોઈક પેરેગ્રાફ કે લેખ બે વાર- પ્રથમ અલપ-ઝલપ અને બીજી વાર જે તે લેખના પૂર્વાપર સંદર્ભોના વિચાર-મનન સાથે વાંચું છું.

'ચર્ચાની એરણે' જેવી સામગ્રી વધુ ગમે છે, કેમ કે તેમાં ખંડન-મંડનના સ્થાને જે તે પ્રતિભાવકના તાજગીભર્યા વિચારો હોય છે. તેની સામે અન્ય મંતવ્યકાર પોતાની એરણે ટિપાઈને જે નીતરે તે રજૂ કરે છે. છેલ્લા અંકમાં મુ. શ્રી કાંતિભાઈની વાત અને અંબરીષભાઈની વાત એ ઉદાહરણ છે. અગાઉના એક-બે લેખો પણ ગણાવી શકું.

નાના, સમસામયિક બાબતોને સ્પર્શતા લેખો પણ ગમે છે કેમ કે તેની સામાન્ય જાણકારી વાચકને હોય છે, જેમાં અન્ય આનુષંગિક બાબતો વાંચી પ્રશ્ન-કથ્ય-વિષયને સમજવાની તક મળે છે.

'પેસ્ટીસાઈડ'ની માત્રા નક્કી કરવાની બાબતે અપેક્ષા એવી રાખું કે 'ખોજ' ખોરાકમાંથી મળતા પેસ્ટીસાઈડ સંબંધમાં વિશેષ વિચારસામગ્રી આપવા 'યોગ્ય કલમ' (અધિકાર પ્રાપ્ત લેખકો, સંશોધકો)ની ખોજમાં પડી જાય. આવી બાબતોમાં યુરોપીય કે અન્ય પ્રદેશોનાં માનકો સાથે સાથે ભારતીય પરિપ્રેક્ષ્યમાં અનિવાર્ય હોય તેવાં માનકો પણ રજૂ થવાં ઘટે.

'ખોજ' એ ખોજ સામગ્રી પણ આપે તો ગમે, જેમાં 'જોઈએ'ના આદર્શ-માનકો-ધોરણોની સમીક્ષા સાથે 'શું છે ?' તે વિષે, આપણે કે વિશ્વના અન્ય દેશો કઈ બાબતે શા -કેવાં વિધાયક પરિણામો મેળવી શક્યા તેની પ્રસ્તુતિ હોય. પાણી અંગેના પ્રયોગો જે ગોપાલધામમાં થયા તેના સર્વાંશોને ઉજાગર કરતી વિગતો મુકાય તો વિવેકાત્મા બનવાનું બળ મળે.

'એક વિજ્ઞપ્તિ'ના ચોથા પેરેગ્રાફનાં છેલ્લાં વાક્યોમાં જે મૂંઝવણ આર્થિક ગોઠવણ બાબતે રજૂ કરી છે તે 'ખોજ' પ્રકારનાં સામયિકો અનુભવે છે. ગુજરાતી ભાષાના કેટલાંક પ્રકાશનો ઓક્સિજન ઉપર ચાલે છે. કેવળ વા.લ. કે શુભેચ્છા-સહયોગ રાશિ પર ચાલે તેવું નથી. આ સંજોગોમાં 'ખોજ'ના વાચકો પાસેથી મંતવ્યો, સૂચનો મેળવી કોઈ પ્રયાસ - લઘુતમ આર્થિક જરૂરિયાતની જોગવાઈ ન થઈ શકે ?

*-ગુણવંતરાય ન. જોષી, ભાવનગર*

'ખોજ'ના બધા અંકો વાંચ્યા છે, પત્ર પ્રથમ જ લખું છું. આપનું 'ખોજ' ખોજીઓ માટે તૃષાને શાંત કરનાર પણ છે અને ભૂખ લગાડનાર પણ છે.

નવેમ્બર - ડિસેમ્બર-૦૫ના અંકમાં આપનો સંશયાત્મક પર્યાવરણવાદી-૪ શ્રેણીમાં 'પ્રદૂષણ અને રસાયણનો ભય' લેખ ગમ્યો. માની લીધેલાં તથ્યો વેર-વિખેર થયાં. લોકો એવું માને જ છે કે રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાના કારણે જ કેન્સર ફૂલ્યો-ફાલ્યો છે. પણ યોગ્ય ઉદાહરણો અને આંકડાઓ તથા સંશોધનોના તારણ દ્વારા માન્યતાનું ખંડન સુપેરે થયું. સારું છે કે કેન્સર માત્ર જંતુનાશક દવાથી નથી થતું. તો પછી આ પ્રશ્ન ઊભો થાય છે કે રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાની બીજી કઈ-કઈ આડઅસરો ખોરાકમાં આવતી હશે ? આ બાબતે વિશેષ ખોજ 'ખોજ' કરે તો આનંદ થશે. અન્ય લેખો પણ સારા છે. અભિનંદન.

*- રેવતુભા રાયજાદા, કેશોદ*

આપના તરફથી જાન્યુ.-ફેબ્રુ.-૦૬નો ખોજનો અંક મળ્યો. વાંચી આનંદ થયો. શ્રી અનિલભાઈ પટેલનો 'સ્વતંત્રતા - જ્ઞાન અને બજાર' લેખ ઘણો જ સરસ છે. 'પ્રદૂષણ અને રસાયણોનો ભય' લેખ વિચાર કરતા કરી મૂકે તેવો છે અને તે સંબંધે લોકજાગૃતિ અભિયાન ચલાવાય તો ઘણું સારું કામ થઈ શકે એમ હું

અંગત રીતે માનું છું. એકંદરે તમામ લેખો વાંચવા-મનન કરવા લાયક લાગ્યા છે. આ જાન્યુ.-ફેબ્રુ. ૦૬નો અંક પહેલી જ વાર વાંચ્યો. સમગ્ર તંત્રીમંડળને મારા હાર્દિક અભિનંદન.

*- ડૉ. ડી.ડી. ઝાલા, ભાવનગર*

આપના અંકમાં વિકાસલક્ષી અને પર્યાવરણલક્ષી લખાણ મને ખૂબ જ ગમે છે. ઘણા સમયથી આવા ગુણવત્તાસભર સામયિકની ખોજ હતી, તેમાં આ 'ખોજ' દ્વારા અમારી વાંચનતૃષાને સંતોષવાનો પ્રયત્ન કરીએ છીએ. અનિલભાઈ, તૃપ્તિબેન અને અંબરીષભાઈનાં લખાણોમાંથી વ્યક્તિને વિચારવાની એક દૃષ્ટિ મળે છે. અને નવી દુનિયા કે નવી વિચારણાનો સંપર્ક થયો હોય તેવો અહેસાસ થાય છે.

*-વિઠ્ઠલ પટેલ, ગાંધીનગર*

'ખોજ'ના જાન્યુ.-ફેબ્રુ.-૨૦૦૬ના 'કલિંગનગરની કરુણાંતિકા' બાબત લેખ વાંચ્યો. આ લેખમાં મહત્ત્વના બે મુદ્દાનો ઉલ્લેખ છે.

૧. જમીન સંપાદન : ફરજિયાત
૨. અસરગ્રસ્તોનું પુનર્વસન અને તેમને આપવાનું વળતર

પ્રથમ જમીન સંપાદનના ફરજિયાતપણા બાબત એટલું જ જણાવવાનું કે જ્યારે મોટા પ્રોજેક્ટ આકાર લેતા હોય ત્યારે ભૌગોલિક રીતે સંલગ્ન એવા બ્લોક હોવા જરૂરી છે. જો જમીનમાલિકો સ્વૈચ્છિક રીતે વેચાણથી જમીનો આપે તેવો આગ્રહ રાખવામાં આવે તો બે કે ત્રણ જમીનમાલિકો જમીનો આપવા ના પાડે (કોઈ પણ કિંમતે) તો પ્રોજેક્ટ મુશ્કેલીમાં મુકાય. ઔદ્યોગિક ગૃહોની અંદરોઅંદર ખટપટને કારણે કે અન્ય કારણસર પ્રોજેક્ટને ઘાંચમાં નાખનારાં તત્ત્વો ઘણાં હોય છે. ફરજિયાત જમીન સંપાદન થાય અને તેનું વળતર બજારભાવ કરતાં ઊંચા ભાવે સંમતિ દરે નકકી કરવામાં આવે તો એક વિશ્વસનીયતા પેદા થાય. સંપાદક સંસ્થાએ વિશાળ દૃષ્ટિ અને મોકળું મન રાખી અસરગ્રસ્તો સાથે પરામર્શ કરી સંમતિ દર નકકી કરવો જોઈએ. ગુજરાતમાં ઘણા સિંચાઈ બંધોમાં આ પ્રમાણે જોયું છે અને તેનાં સારાં પરિણામો આવ્યાં છે. નવી તૈયાર કરેલી જમીનોનો ચાર્જ લેવામાં આવે તેને વળતર સાથે સરખાવાય નહી, કારણ કે ભૌતિક સુવિધાઓ ઊભી કરવા ખર્ચ કરવો પડે. એટલું જ નહીં, વર્ષો વર્ષ તેને નિભાવવાની માથાકૂટ કરવી પડે. એટલે વિકસિત જમીનની કિંમત સંપાદક સંસ્થા વધુ લે તેમાં કાંઈ ખોટું નથી. તે કિંમત અને અસરગ્રસ્તને ચૂકવવાપાત્ર વળતરની કિંમતની સરખામણી કરવી ઉચિત નથી.

બીજો પ્રશ્ન અસરગ્રસ્તોના પુનર્વસનનો છે. જ્યારે કોઈ પ્રોજેક્ટ શરૂ થવાનો હોય ત્યારે ઘણી બિનસરકારી સંસ્થાઓ તેની સામે કૂદી પડે છે. વધુ વળતર અને વ્યવસ્થિત પુનર્વસનની માંગ કરે તેમાં કાંઈ ખોટું નથી. પરંતુ આ બાબતોમાં માંગણી મહદ્ અંશે સંતોષાયા બાદ જે પુનર્વસનની યોજના બની હોય તેના ઉત્કૃષ્ટ અમલીકરણ માટે સંસ્થાઓ ટકી રહેતી નથી. પરિણામે, સારું વળતર મેળવ્યું હોય તે પણ વેડફાઇ જાય છે, કારણ કે ગ્રામ્ય કક્ષાએ આવી સંસ્થાઓનાં મૂળ ઊંડાં હોતાં નથી.

ઉકાઈ યોજનાનો મારો જાત અનુભવ છે. સંમતિ દરે વળતર નકકી થયા બાદ આદિવાસી પ્રજા પાસેથી વળતરનાં નાણાં ધીરધાર કરનારા ઉપાડી ન જાય તેટલા માટે તેમનાં વળતરનાં નાણાં પોસ્ટ અથવા બેંક ડિપોઝિટ કરવા નકકી કરેલ, જેથી વળતર જમીનખરીદીમાં વાપરી શકાય. આ યોજના પુનર્વસન સમિતિમાં મૂકી મંજૂરી લેવાઈ. આખી યોજના પોસ્ટ તેમજ બેંક સાથે પરામર્શ કરી તૈયાર કરેલ. પરંતુ જે દિવસે વળતરનું પ્રથમ ચુકવણું ઉચ્છલમાં કરવા ગયા ત્યારે આ જ વિસ્તારની ઉકાઈ નવનિર્માણ સંઘના અગ્રણી દ્વારા 'આદિવાસીના પૈસાને હાથ લગાડનાર તમે કોણ છો?' તેમ કહી સખત વિરોધ કરેલ. છેવટે અમારે નમતું જોખી, ઘણા દુઃખી હૃદયે યોજના પડતી મૂકવી પડી અને નવાપુરના ધીરધાર કરનાર આદિવાસીઓના વળતરના પૈસા લઈ ગયા જૂની વસુલાત સંતોષવા. ઉકાઈ યોજનાની રૂા. ૮ કરોડની વળતરની રકમમાંથી ૭૫ ટકા રકમ વેડફાઇ ગઈ. અંગત રીતે મારી કારકિર્દીનો આ ઘણો દુઃખદ પ્રસંગ હતો.

*- ચિરંતન જોષીપુરા, વડોદરા*

### *લેખિકાનો પ્રતિભાવ :*

*ફરજિયાત જમીન સંપાદન અને અસરગ્રસ્તોના વળતર તથા પુનર્વસવાટના પ્રશ્ને શ્રી ચિરંતનભાઈ જોષીપુરાએ અગત્યના સવાલ ઊભા કર્યા છે, જેની ચર્ચા આગળ વધારવા જેવી છે. હકીકતના કે કાયદાકીય કે નીતિવિષયક મુદ્દાઓ પર આવતાં પહેલાં ''સંપાદક સંસ્થાઓએ વિશાળ દૃષ્ટિ અને મોકળું મન રાખીને સંમતિ દર અસરગ્રસ્તો સાથે પરામર્શ કરી નક્કી કરવો જોઈએ'' એમ કહેવામાં એમની આસ્થા વ્યક્ત થાય છે. પરંતુ, દેશભરની વિકાસ કે પર્યાવરણીય યોજનાઓમાં ક્યાંય અને કયારેય આવું બન્યું નથી એ હકીકત છે. નર્મદામાં દેશની સારામાં સારી પુનર્વસવાટ નીતિ બની કે ઘણો સારો પુનર્વસવાટ થયો છે તેમાં પણ સંપાદક સંસ્થાનો, વ્યક્તિગત અપવાદોને બાદ કરતાં, શરૂઆતનાં વર્ષોમાં તો સકારાત્મક અભિગમ નહોતો જ એના અમે અંતરંગ સાક્ષી છીએ.*

*કલિંગનગરમાં પણ આ જ જોવા મળ્યું છે. ઉદ્યોગીકરણના પાયા પર રાજ્યનો વિકાસ કરવા થનગની રહેલી ઓરિસ્સાની સરકારે અસરગ્રસ્તોના પાયાના અને સાચુકલા પ્રશ્નોને નજરઅંદાજ કરીને કૃપણતા બતાવી, તેને લીધે જ કદાચ પ્રશ્ન આટલો બધો વણસ્યો એવું*

*જાણવા મળ્યું છે. (આ અંકમાં કલિંગનગર પર ઓરિસ્સાના PUCLના અહેવાલના અમુક અંશો સંક્ષિપ્તમાં આપ્યા છે.)*

*મુખ્ય પ્રશ્નો પર આવીએ તો આજના ઉદારીકરણના માહોલમાં સરકારની eminent domainની સત્તાનો વ્યાપ કેટલો હોવો જોઈએ, એટલે કે સરકાર ખાનગી મિલકતને કયા 'જાહેર હિત'નાં કાર્યો માટે ફરજિયાત સંપાદિત કરી શકે એ સવાલ તપાસવાનો સમય આવી ગયો છે. ખાનગી ઉદ્યોગો કે કંપની માટે તો સરકારે 'ફરજિયાત' જમીન / મિલકત સંપાદન કરવાનો સવાલ ઊભો જ ન થવો જોઈએ. વળી, બે-ત્રણ જમીનમાલિકો કદાચ ના પાડે એવી બીક રાખીને બીજા સેંકડો જમીનમાલિકો પર 'ફરજિયાત' સંપાદન થોપવું કેટલું ઉચિત કહેવાય ? સૌ પ્રથમ તો અસરગ્રસ્તોને સારી કિંમતો / પુનર્વસવાટની સગવડો જો ખાનગી ઉદ્યોગો ઓફર કરે, તો સામાન્ય લોકોને પોતાની જમીન વેચવામાં કોઈ વાંધો ના હોય એ વાસ્તવિકતા છે. ત્યાર પછી પણ બે-ચાર વ્યક્તિઓ આડાઈ કરતી હોય તો એના તો ઘણા રસ્તા નીકળે. જરૂર પડ્યે એ માટે 'ફરજિયાત' જમીન સંપાદનનું શસ્ત્ર પણ વાપરી શકાય. અલબત્ત, અહીં પણ કાયદાકીય, બંધારણીય અધિકારનો અને પાયાની નીતિમત્તાનો ઊંડો સવાલ રહેલો છે. ખાનગી ઝૂંપડીની માલિકી ધરાવનારની ઈચ્છા વિરુદ્ધ એની ઝૂંપડી પણ સંપાદન કરી શકાય કે નહીં એમાં ઊંડા ઊતરવું જરૂરી છે. ખાનગી માલિકીની પવિત્રતા (sanctity) નો સવાલ આમાં રહેલો છે.*

*પહેલેથી જમીનો સંપાદિત કરીને એનો વિકાસ કરીને ઉદ્યોગોને આપવાની હોવાથી વળતર કરતાં જમીનોનો ચાર્જ વધુ જ થાય એ દલીલના સંદર્ભમાં એટલું જ કહેવાનું કે કલિંગનગરમાં તો જે જાણવા મળ્યું છે તે મુજબ ઈન્ડસ્ટ્રિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલેપમેન્ટ કોર્પોરેશને અસરગ્રસ્તો પાસેથી લીધેલ જમીનમાં કોઈ પણ જાતનો વિકાસ કર્યા વગર જ ઉદ્યોગોને મોંઘા ભાવે વેચી છે. વચ્ચેથી નવો હાઈવે પડ્યો છે, એનો ખર્ચ પણ એણે નથી કર્યો. આમ એણે શુદ્ધ નફાખોરીનું કામ જ કર્યું છે. આ જ કારણસર લોકોનો આક્રોશ ખાસ ભડકી ઉઠયો. આના કરતાં તો 'ઉદ્યોગો અને અમને જ એક બીજા સાથે નિપટી લેવા દોને. તમે શા માટે વચ્ચે રહો છો' એવું કેટલાય લોકો શરૂઆતમાં કહેતા હતા એવું પણ જાણવા મળ્યું છે.*

*ઉકાઈ યોજનાની એમણે જે વાત કરી છે તે ખરેખર દુઃખદ છે. પરંતુ ઉકાઈના અસરગ્રસ્તોની જે બેહાલી થઈ તેમાં જમીનના બદલે જમીન-સારી અને પૂરતી જમીન -ન મળ્યાનો ફાળો ઘણો મોટો છે તે પણ ભૂલાવું ના જોઈએ. જંગલો કાપીને જે જમીનો એમને આપવામાં આવેલી એમાંની મોટા ભાગની જમીનો એક-બે વર્ષમાં જ ધોવાઈને પથરાળ બની ગયેલી.*

*- તૃપ્તિ*

'ખોજ' ગમે છે એમ કહેવા કરતાં, 'ખોજ' સારું આવે છે એમ કહી શકું. સાથે, ગમે છે - એમ કહી શકું એવું બને તો સારું એમ પણ થાય !

કોઈ હોંશિયાર વિદ્યાર્થી ગ્રેજ્યુએટ થાય, એને એ આગળ આગળ ભણે, એમ.એ. થાય, પી.એચડી. પણ થાય એવી શુભેચ્છાઓ આપી શકાય, પરંતુ કોઈ સમાજસુધારકને 'તમે મહાત્મા ગાંધી બની જાઓ' એમ કહેવું કેવું લાગે ? તમને આવું છાપ્યા પછી, ફરીથી વાંચતી વખતે કેવું લાગ્યું ? એ આખો લેખ વધુ સારી રીતે લખાઈ શકયો હોત ! 'ખોજ'ને શોભે એવો થઈ શકયો હોત ! પૂંઠા પરના Quotes બદલાતા ન રહે ? 'સાબાર ઉપર માનુષ, તાહાર ઉપર નહિ' કવિ ચંડીદાસનું આ કથન માણસની અવળચંડાઈથી સામા છેડાનું બન્યું છે. માનુષ બન્યો અમાનુષ! પ્રકૃતિ પર વિજય કરવા નીકળ્યો હોય તેમ, તથા 'આ પૃથ્વી પર મારા સિવાય અન્ય કોઈનું રાજ ન ચાલે' એવો અભિગમ, ઉત્તમ અને ઉદાત્ત વિચારોની સંસ્કૃતિને Junk બનાવી રહ્યો હોય એમ નથી ?

*- રમેશ શાહ, સુરત*

'ખોજે' મારામાં આશા જન્માવી છે. મને એવી છાપ હતી કે ૧૯૯૦થી ભારતમાં શરૂ થયેલ ઉદારીકરણ અને વિશ્વીકરણથી ઊંચકાયેલા ઉપભોક્તાવાદના માહૌલમાં વિચારો અને ચર્ચાનો યુગ આથમી ગયો છે. એવું લાગતું હતું કે વિષયવસ્તુ કરતાં વાણીનો વૈભવ વધુ મહત્ત્વનો બની ગયો છે, વ્યક્તિ કરતાં એણે પહેરેલાં કપડાંની ડિઝાઈન વધુ મહત્ત્વની છે, અને વિચારોની પ્રમાણભૂતતા, વકતાના વિચારોના વિષયવસ્તુ કે સુસંગતતા પરથી નહીં પણ એની ગાડીનું કદ કે એની સત્તાની ખુરશી પરથી પેદા થાય છે. મને લાગતું હતું કે દલીલની પ્રમાણભૂતતા, એની પવિત્રતા કે ઈમાનદારીને બદલે, એ કોણ અને કેટલા આગ્રહપૂર્વક કહી રહ્યું છે એમાંથી નીપજતી હતી. ત્રીસ વર્ષ પહેલાં જ્યારે હું વિદ્યાર્થી હતો, ત્યારે વિચારો સાથે જોડાયેલી અગત્યતા અને તેમાંથી નીપજતી દલીલોનો હું સાક્ષી હતો, અને એ પ્રયત્નની ઉત્તેજનાને હું નોસ્ટાલ્જિયા સાથે વાગોળું છું. ''ખોજ'' જ્યારે મારા હાથમાં છે ત્યારે ફરીથી મને ખાતરી થઈ છે કે હું ઉપરોક્ત જે કાંઈ માનતો હતો એ જ એક માત્ર હકીકત નથી. બનવાજોગ છે કે હું થોડો નાસીપાસ થઈ ગયેલો - ઉપરની ટિપ્પણીઓ કરવામાં થોડો પેરેનોઇડ બની ગયેલો. પણ, કોઈ જ દલીલ એના લેખકના સાઈકોપેથોલોજીથી સ્વતંત્ર ન હોઇ શકે.

ખેર, નોસ્ટાલ્જિયા ખૂબ થઈ ગયું ! કાર્લ પોપર અને ફ્રેડરિક હાયેકના વિદેશી વિચારોનો પરિચય કરાવવા બદલ તૃપ્તિબેનનો આભાર માનું છું. મને ખાતરી છે કે ભવિષ્યના અંકોમાં બીજી વધુ રસપ્રદ હસ્તીઓ અને એમના વિચારો આપવામાં આવશે.

અનિલ પટેલના સ્વતંત્રતા, જ્ઞાન અને બજાર પરના લેખો નમૂનેદાર છે. તે વિશ્વીકરણની પ્રક્રિયા સામેના આઈડિયોલોજિકલ વિરોધને પર્યાપ્ત રીતે સંબોધે છે અને આધારભૂત દલીલો વડે વિરોધને નબળો બનાવી દે છે. આ સંદેશનો હેતુ, અલબત્ત, આઈડિયોલોજિકલ દલીલ કે યુદ્ધ જીતવા કરતાં વધારે ઉપયોગી એવા ધ્યેયને વરવા પ્રત્યે તમારું આખું જૂથ લાગી પડે એનો છે.

હું વિકાસના પ્રશ્નને જે રીતે જોઉં છું, તે જોતાં એનાં બે પાસાંઓ છેઃ કાર્યક્ષમ ઉત્પાદન અને ન્યાયસંગત વહેંચણી. મૂડીવાદ અને ખુલ્લા બજારની થિયરીઓ પહેલા પાસા પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને માર્ક્સવાદ કે સર્વોદય બીજા પર કેન્દ્રિત કરે છે; સર્વોદય અને ગાંધીવાદમાં, અલબત્ત, નૈતિકતાનો પ્રશ્ન ઉમેરાયેલો હોય છે. મારો અભિપ્રાય એ છે કે માનસિક વલણો કઈ રીતે ઉત્પાદન અને વહેંચણી - બન્નેને અસર કરે છે એ આ વિશ્લેષણમાં જોડવાથી આ ચર્ચાથી ઉપર ઊઠી શકાય. એનું સ્વાભાવિક પરિણામ એ તપાસવાનું આવે કે કઈ રીતે વિવિધ અભિગમોનું ગથન થાય છે અને નિશ્ચિત સ્વરૂપ પકડે છે, તેમજ વિવિધ અભિગમો, ઉત્પાદન અને વહેંચણીની વ્યાપક પ્રક્રિયાઓનાં પરિણામો પર કઈ રીતે અસર કરે છે. હાલ પૂરતા, ન્યુયોર્ક ટાઈમ્સમાં પ્રસિદ્ધ થયેલા બે લેખો અને તેના પરની મારી ટિપ્પણી મોકલું છું. આ લેખોમાં ઊભા થતા મુદ્દાઓ ઉપર ખોજના આગામી અંકોમાં 'ખોજ'ના જૂથના વિચારો વાંચવા મળશે એવી આશા છે.

*- મુકેશ એડનવાલા, અમદાવાદ*

'ખોજ'નો સંયુક્ત અંક મળ્યો. રાજી થયો. 'ખોજ'માંના વિચારો કે લેખકોનાં મંતવ્યો સાથેના વિવાદની વાત નથી કરવી. દરેકને પોતાનાં મંતવ્યોનો આગ્રહ હોવાનો જ. પણ મૂળ વાત એ કે આપણે 'ખોજ' કરીએ છીએ ? શાની ? શા હેતુથી ''ખોજ''ની જરૂર ઊભી થઈ ? - આ માટે આપણા વિચારોને આપણે બીજા ઉપર આરોપતા તો નથી ને ? કારણ, સૌને પોતપોતાના અનુભવ અને પરિસ્થિતિ મુજબ અભિપ્રાય હોવાના અને તત્પૂરતા તેમને માટે - તેમના પોતાના માટે તે સત્ય હોવાના.

ધર્મના નામે વર્ણવ્યવસ્થાને અને નાસ્તિકતાને બિનસંપ્રદાયનું મહોરું પહેરાવવાથી પરિસ્થિતિ પલટાઈ જવાની નથી. ધર્મનો અર્થ Duty અને ફરજ કરીએ તો ? કેટલી વાર તો આપણી ચકાસણીમાં ના આવે તે તમામ હંબગ અને નિરાધાર, એ માન્યતા પણ કેટલી હદે યોગ્ય ગણાય ? - તે અંગે જાતે 'ખોજ' આદરવાની જરૂરત જણાય. પરંતુ આવા વિચારો લેખકના પોતાના છે અને સંપાદન મંડળ આ માટે જવાબદાર નથી તેવું લખાણ છાપવાની જરૂરત શા હિસાબે ઊભી થઈ છે તે પણ વિચારવું. બાકી, ખોજનો પ્રયાસો ચાલુ રાખવો - ખોજને ટકાવવું - એ આપણો ધર્મ છે. નવા વિચારો સર્વ દિશાઓથી આપણે સ્વીકારીએ એવા હિન્દુ ધર્મનું સ્વાગત કરવામાં નાનમ અને શરમ કેવી?

*- રમેશ પંડયા, જુનાગઢ*

'ખોજ'ના અત્યાર સુધીના બધા જ અંકો મેં નિયમિત વાંચ્યા છે. જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૦૬ના અંકમાં 'પ્રદૂષણ અને રસાયણનો ભય' લેખમાં જે વિગતો પ્રસ્તુત કરવામાં આવી છે તે જરૂર વિચારણીય છે.

પાલનપુરની લો કોલેજના આચાર્ય અશ્વિનભાઈ કારિયાના લેખમાં પ્રાથમિક શાળાના તૂટેલા ઓટલાથી શરૂ કરી લેખના બાકીના આંટામાં જે વાત કરવામાં આવી છે, તે યથાર્થ છે. પૂજ્ય મોરારિબાપુએ જાહેર શૌચાલય હેતુ કથા યોજી તે વાંચીને આનંદ થયો. આ રીતે કથા દ્વારા વંચિતો-ગરીબો માટે શૌચાલય બાંધવાનો વિચાર યોગ્ય છે. ખોજમાં પ્રત્યેક અંકમાં સારા પુસ્તક વિશે વિસ્તૃત સમીક્ષા પ્રસિદ્ધ કરવા નમ્ર સૂચન.

*- બાબુલાલ ગોર, ભુજ*

આજે ગુજરાતી મેગેઝિનોની દુનિયામાં અનેક મેગેઝિનો અઠવાડિક, પાક્ષિક અને માસિક નિયમિત રીતે બહાર પડે છે. અમુક ઉચ્ચ પ્રકારના સંસ્કારી વાચકો કેવળ સંસ્કારને લગતું સાહિત્ય માગે છે, વાંચન માગે છે. ખોજ એ એક શ્રેષ્ઠ રુચિકારક સંસ્કારી મેગેઝિન છે. ખોજના વાચકો માટે નિયમિત રીતે દર મહિને બહાર પાડશો તો એક પ્રકારની નિયમિતતા જળવાઈ રહેશે.

શહેરોમાં અને ગામડાંઓમાં મનુષ્યોનું આયુષ્ય ઓછું થતું જાય છે, કેવળ ચાલીસ પચાસ વર્ષની વયમાં એક પ્રકારની બીમારી આવે છે, તેને લીધે સમસ્યાઓ સામે સંઘર્ષ કરવો પડે છે. તેમાં પ્રદૂષિત પાણી અને રસાયણ આવી જાય છે. રસાયણમાં પ્રદૂષણ છે કે નહીં તે માટે મૂંગાં પ્રાણીઓ ઉપર અત્યાચાર કરવામાં આવે છે. આજે દેશની નદીઓ પવિત્ર છે, સ્વચ્છ છે અને પીવા માટે શ્રેષ્ઠ છે, પણ અમુક ગામડાંમાં કે શહેરોમાં રહેલી કેમિકલ કંપનીઓ અનેક પ્રકારનાં રસાયણોથી દૂષિત પાણી નદીમાં ફેંકી દે છે. આવાં રસાયણો ઝેરી અને રોગથી ભરપૂર હોવાથી નદીનાં પાણી સાથે મિશ્રિત થતાં પાણી દૂષિત બની જાય છે. તેથી કંપનીના સંચાલકોએ રસાયણનાં દૂષિત પાણીને જમીનમાં સુકાવી દેવું એ જ ઉપાય છે.

દરેક દેશ પાસે વ્યાપાર વિસ્તૃત કરવા માટે આધુનિક ટેકનોલોજી છે. હોંગકોંગ પાસે વિજ્ઞાન છે, નવી ટેકનોલોજી છે, યુવા પેઢી છે અને આ દેશે ખેડૂતોને એક પ્રકારનું ઉત્તેજન આપ્યું છે. કોઈ પણ દેશ પોતાનો દેશ દરેક રીતે સફળ જાય તે માટે પગલાં લે છે.

*-ઘનશ્યામ ભરૂચા, હંસાબહેન ભરૂચા, મુંબઈ*

# સ્વતંત્રતા - જ્ઞાન અને બજાર - ૫

## બજાર કિંમતો- મેન્જરની સીમાંત ક્રાંતિ અને પ્રત્યાઘાત

*- અનિલ પટેલ*

*"... only marginal utility theory brought real understanding of how demand and supply were determined, of how quantities were adapted to needs, and how measures of scarcity resulting from mutual adjustment guided individuals".*

*F.A. Hayek (1988)*

*"(M)arginal utility theory is although a basic advance one that has been obscured from the start".*

*F.A. Hayek (1988)*

આદમ સ્મિથનો મહાન ગ્રંથ ''Inquiry into the Nature and Cause of the Wealth of Nations'' ૧૭૭૬માં પ્રસિદ્ધ થયો. સ્મિથે બજારની થિયરી આ ગ્રંથમાં બહુ રોચક અને સરળ શૈલીમાં મૂકીને, ક્લાસિકલ અર્થશાસ્ત્રની શરૂઆત કરી એમ કહી શકાય. The Wealth of Nationsનો મુખ્ય સવાલ એ જ છે કે રાષ્ટ્રોની આર્થિક વૃદ્ધિ અને ઉન્નતિ કયા કારણોસર થાય છે.

રાષ્ટ્રના ઉત્પાદનના કદનો આધાર સમાજની વ્યક્તિઓ તેમનાં નિજી સાધનોનો ઉપયોગ કેવી ચીવટ, કૌશલ્ય અને નિર્ણયશક્તિથી કરે છે તેની ઉપર છે. તો તેનો આધાર વળી શ્રમની વહેંચણી કેટલી ઝીણવટભરેલી છે અને જુદી જુદી વ્યક્તિઓ અલગ-અલગ ક્ષેત્રોમાં કેટલી નિપુણતા મેળવે છે તેની ઉપર છે. પરંતુ આ નિપુણતા તો જ વિક્સે છે, જો મુકત વ્યાપાર અને વિનિમય થઇ શક્તો હોય. સંકુલ સમાજમાં કોઇપણ વ્યક્તિ ચીજવસ્તુઓ, આવડતો અને સેવાઓના વિનિમય દ્વારા જ જીવી શકે છે. દરેક વ્યક્તિ કે વ્યક્તિઓનો નાનો સમૂહ લગભગ બધી જ બાબતમાં સ્વાવલંબી રહીને જીવન જીવી શકે તે એક કલ્પના જ છે. વાસ્તવિકતા સાથે તેનો કોઈ સંબંધ નથી. દરેક વ્યક્તિને પોતાને કાંઇક આપવાનું છે અને અનેક પ્રકારનું બીજાઓ પાસેથી લેવાનું છે તે કોઇપણ સંકુલ, વિકસિત સમાજનું અગ્રગણ્ય લક્ષણ છે. લાખો-કરોડો વ્યક્તિઓ વચ્ચેના આ સ્વૈચ્છિક વિનિમયોના સમન્વય (Co-ordination)નું કાર્ય કરે છે - બજારમાં નિત્ય બદલાતી સાપેક્ષ કિંમતો (Relative Prices). સ્મિથ માટે મહત્ત્વનો સવાલ એ બન્યો કે બજારમાં આ સાપેક્ષ કિંમતો (હવે પછી કિંમતો) કેવી રીતે નિશ્ચિત થાય છે. સ્મિથ પછીના અર્થશાસ્ત્રીઓ માટે પણ કિંમતોનો પ્રશ્ન જ મુખ્ય રહ્યો છે.

સ્મિથ આ પ્રશ્નનો જવાબ શોધવા ખૂબ મથ્યો, પણ અસફળ રહ્યો. સ્મિથ અને તેના પછીના ડેવીડ રીકાર્ડો, જહોન સ્ટુઅર્ટ મીલ વગેરે જેવા ધુરંધર અર્થશાસ્ત્રીઓએ કિંમતોનો આધાર શ્રમમૂલ્યની થિયરી (Labour Theory of Value) કે વસ્તુના ઉત્પાદનખર્ચ (Cost of Production) માં શોધવાનો ભગીરથ પ્રયાસ કર્યો.

આ થિયરીઓ વિસંગતિઓ અને ઉણપોથી ભરપૂર હતી. સંતોષકારક જવાબો આપવામાં તે નિષ્ફળ નીવડી. કાચા માલમાંથી આકાર લેતી ચીજ-વસ્તુની અંતર્ગત ગુણવત્તા ઉપર જ બધાનું ધ્યાન કેન્દ્રિત થયું હતું. ચીજના ઉત્પાદનખર્ચ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાથી કિંમતનો પ્રશ્ન એક ડગલું પાછળ જ ગયો, કારણ કે ઉત્પાદનખર્ચ પણ છેવટે તો કિંમતો જ છે. ઉત્પાદનમાં ઉપયોગમાં લેવાયેલો કાચો માલ, કારીગરોનાં વેતન, કે અન્ય સાધનોનો ખર્ચ છેવટે તો કિંમતોમાં જ મુકાય છે, તો વળી રીકાર્ડોની શ્રમમૂલ્યની થિયરી પણ નિષ્ફળ રહી, કારણ કે શ્રમના કલાકોને કિંમતના એકમ તરીકે લેવામાં આવે તો પણ મૂળ પ્રશ્ન તો

વણઊકલ્યો જ રહે, કારણ કે દરેક વ્યક્તિએ એકમ સમયમાં ખર્ચેલા શ્રમથી જે પેદા કર્યું તેનો જથ્થો અને ગુણવત્તા ઘણી જુદી હોય, બધા શ્રમ કલાકોને એકસરખા ગણી શકાય નહીં.

સ્મિથ પછી લગભગ ૭૫ વરસે મીલના મતે ''ઉત્પાદન'' મુખ્ય વસ્તુ છે, ઉત્પાદન કુદરતી નિયમોને આધીન છે પરંતુ ઉત્પાદનની વહેંચણી એ જુદી જ વાત છે. તેના મતે વહેંચણી તો મનુષ્યએ રચેલી માળખાગત વ્યવસ્થા ઉપર આધારિત છે. એક વાર ઉત્પાદન થઇ ગયું પછી તેનું વિતરણ કેવી રીતે કરવું તે માનવજાતે તેને પસંદ પડે તે રીતે કરવાનું છે. તેને માટે જે નિયમો ઘડવા હોય તે ઘડી શકાય. ઉત્પાદન અને વિતરણમાં બજારકિંમતોની નિર્ણાયક ભૂમિકાને નકારતાં મીલે તો ત્યાં સુધી કહી દીધું કે ''વર્તમાન કે ભવિષ્યના અર્થશાસ્ત્રીઓ માટે બજારકિંમતો નક્કી કરતા નિયમોની વધુ છણાવટ કરવાની કોઇ જરૂર નથી. જે પણ થિયરી છે તે સંપૂર્ણ છે.'' ઉત્પાદન અને વિતરણને સાવ અલગ અલગ સ્વતંત્ર ફાડિયામાં વહેંચતાં મીલ ઉપર બૌદ્ધિક રચનાવાદ (Rationalistic Constructivism)ની અસરો કેટલી ગાઢ હતી તે અહીં જોવા મળે છે. આ વિચારોએ જ મીલને ફેબીઅન સોસીયાલિઝમનો પિતા ઠેરવ્યો.

ઉત્પાદન એ ફક્ત તકનિકી (technological) પ્રશ્ન છે અને તેનો વહેંચણી સાથે કોઇ સંબંધ નથી એવી રેડિકલ ધારણા કરવામાં મીલ જેવો વિચક્ષણ, પારદર્શક પ્રામાણિકતા ધરાવનારો અને સૂક્ષ્મ વિચારક પણ મોટું ગોથું ખાઇ ગયો. મીલની આ ગંભીર અને અકલ્પનીય ભૂલ હતી. મીલ એ ભૂલી જ ગયો કે ઉત્પાદનનું કદ એ ફક્ત તકનિકી બાબતો ઉપર જ આધારિત નથી; સમાજમાં હયાત વણપ્રીછી માંગ-પુરવઠાની અસંખ્ય તકોના કરી શકાતા ઉપયોગ ઉપર પણ આધારિત છે. તકોની શોધ અને ઉપયોગ એ તકનિકી વિષય નથી; એ અર્થશાસ્ત્રનો વિષય છે. બજારકિંમતોના માર્ગદર્શન વગર સમાજમાં કયાં કઇ તકો પડેલી છે તેનો કોઇનેય કદીયે પૂરો અંદાજ આવી શકે નહીં, તેમને ઉત્પાદનમાં પૂરેપૂરા જોતરી શકાય નહીં. માર્કસ અને મીલ બંને એ ભૂલનો શિકાર બન્યા કે ઉત્પાદન અને વિતરણ એકબીજાથી સાવ ભિન્ન, સ્વતંત્ર હસ્તીઓ છે. એમ માનવું કે એક વાર ઉત્પાદન હાથમાં આવી જાય એટલે તેનું વિતરણ કેવી રીતે કરવું તે આપણી મુનસફીની વાત છે, તેના જેવી મોટી કોઇ છલના નથી. જો બજારકિંમતોના સંકેત હોય જ નહીં અને તેના વગર ઉત્પાદન કરવાથી શું મળતર મળશે તે ભાગ નિશ્ચિત ના હોય તો ઉત્પાદક ઉત્પાદન કરવા પ્રેરાય જ નહીં. ઉત્પાદન અને વિતરણ એકમેકને વીંટળાયેલાં છે, તેને અલગ કરી જ ના શકાય. વળી કિંમતોની પ્રેરણા અને ઉત્તેજન વગર વણપ્રીછી તકો પ્રકાશમાં આવતી જ નથી.

એક બાજુ બજાર કિંમતોને સમજાવતી કોઇ થિયરી નજરે ચઢતી ના હતી અને છતાંય બજાર કિંમતોના ચાવીરૂપ સ્થાનનો સ્વીકાર કર્યા વગર ચાલે તેમ ના હતું. તેના ''અદૃશ્ય હાથ''દ્વારા વિરાટ અર્થવ્યવસ્થાનું લગભગ સ્વયંભૂ સંચાલન થતું હતું, તેમાં મનુષ્યની સીધી દરમિયાનગીરીને કોઇ સ્થાન ના હતું. અર્થશાસ્ત્રના વણકથેલા નિયમો પણ કુદરતી નિયમોની જેમ અનિવાર્ય અને જડબેસલાક લાગતા હતા. તો બીજી બાજુ યુરોપ મધ્યયુગની સાર્વત્રિક કારમી ગરીબીની ભીંસમાંથી તો મુક્ત થઇ ગયું હતું, યુરોપીય સમાજ પહેલાં કદીયે જાણી-જોઇ ના હોય તેવી શાંતિ અને આર્થિક આબાદીનો અનુભવ કરી રહ્યો હતો. આમ છતાં સમાજમાં હજીયે ગરીબી અને અસહાયતાના ટાપુઓ દેખાતા હતા. ઉદ્દામવાદી વિચારકો અને સમાજસુધારકો આ ચલાવી લેવા તૈયાર ના હતા. વિજ્ઞાન હરણફાળો ભરતું ક્યાંનું કયાં નીકળી ગયું હતું. વિજ્ઞાન ટેકનોલોજીની સહાયે કયારનુંય પહોંચી ગયું હતું. મનુષ્ય ટેકનોલોજી-વિજ્ઞાનનો ઉપયોગ કરીને ધારે તે સમસ્યાનો ઉકેલ લાવી શકે તેવો આશાવાદ અને આત્મવિશ્વાસ સમાજમાં ઊંડે સુધી વ્યાપી ગયો હતો. હવે અમાનુષી અને ગુઢ લાગતા માર્કેટની દયામાયા ઉપર બધું છોડવું એ સ્વીકારવાની તૈયારી ન હતી. બુદ્ધિની સીધી જ દરમિયાનગીરીથી આ દૂષણોને મારી હટાવવાની એક અધીરાઇ દેખાઇ રહી હતી.

વૈચારિક સ્તરે આમાં બે અંતરાયો હતા. એક, રાજ્યના માધ્યમ દ્વારા દરમિયાન થવાની ઇચ્છાને અવરોધતું કાયદાનું શાસન અને તેના અમૂર્ત સાર્વત્રિક નિયમો, અને બે, બજાર-વ્યવસ્થાનું સંચાલન કરતી બજારકિંમતો જે મનધારેલી વિતરણવ્યવસ્થા ગોઠવવામાં અંતરાય બનીને બેઠી હતી. સ્મિથનો ''અદૃશ્ય હાથ'' સમાજસુધારકો અને રેડિકલોની તીખી આલોચનાનું નિશાન બની ગયો. માનવીય વ્યાપારોમાંથી ''ઇશ્વરી સત્તા''ને માંડ હટાવી, ત્યાં વળી આવી પડી આ બીજી ''પારલૌકિક'' લાગતી બજારની અમૂર્ત સત્તા. બૌદ્ધિક આયોજન દ્વારા આપવાની દોરવણીને ઇન્કારતી આ ''અમાનવીય'' વ્યવસ્થાનો સ્વીકાર કરવા તેઓ તૈયાર ના હતા. વિજ્ઞાન અને ટેકનોલોજીથી બધું જ હલ કરી શકાય તે વિચારના સમર્થક રેડિકલ વિચારકો માર્કેટની ''તાબેદારી'' સ્વીકારવાના મૂડમાં ના હતા.

### બજાર કિંમતો–મેન્જરની તુષ્ટિગુણ ક્રાંતિ (Marginal Revolution)

તો બીજી બાજુ જ્હોન મીલના બજારકિંમતોને લગતા વિચારો સામે અસંતોષ વધતો જતો હતો. એક ઊંડી આશા એ પણ ખરી કે જો બજારકિંમતોની થિયરી હાથમાં આવી જાય તો કિંમતોની સચોટ આગાહી તો કરી જ શકાય, પરંતુ તેનો એકડો જ કાઢી નાખીને તે જે

કાર્ય કરે છે તેને આયોજનપૂર્વક કરી શકાય. વધુ ઇચ્છનીય અને કાર્યક્ષમ ઉત્પાદન અને વિતરણ ગોઠવી શકાય. મીલ બહુ મોટી હસ્તી, તેનો વિરોધ કરવો સહેલું ન હતું, પરંતુ યુરોપમાં અને ઇંગ્લેન્ડમાં ઘણા નવોદિત અર્થશાસ્ત્રીઓ મીલને બાજુ ઉપર રાખીને કોઇનું ધ્યાન આકર્ષ્યા વગર આ પ્રશ્ન પાછળ મચી પડયા હતા. જોવા જઇએ તો ખુદ મીલના બહુ પ્રખ્યાત પુસ્તક ''Principles of Political Economy'' (1848) માં આગળના ઇશારા જોવાના મળે જ છે.

અઢારમી સદીમાં સ્મિથ-રીકાર્ડોની શ્રમકિંમત-ઉત્પાદનખર્ચની થિયરીને સમાંતર કિંમતોને સમજાવવા બીજી વિચારધારા યુરોપમાં વિકસી રહી હતી. વસ્તુના ઉપભોગથી વ્યક્તિને અનુભવાતા સંતોષ-તુષ્ટિ (utility) ઉપર આ થિયરી કેન્દ્રિત થઇ રહી હતી. લોઇડ, ગોસેન જેવા મૌલિક ચિંતકોએ આદરેલા નવા ખેડાણમાંથી સીધી પ્રેરણા લીધી ઇંગ્લેન્ડના સ્ટેનલી જેવન્સે અને સ્વીત્ઝરલેંડ સ્થિત ફ્રેન્ચ ચિંતક લીઓન વોલરસે. આ મહાન અર્થશાસ્ત્રીઓનો ત્રીજો સમકાલીન હતો ઓસ્ટ્રીયાનો કાર્લ મેન્જર. મેન્જરની વિચારપ્રક્રિયા ઉપર તુષ્ટિ (utility)ની વિકસી રહેલી થિયરીની સીધી કોઇ અસર ના હતી, પરંતુ જે જર્મન થિયરીઓનો મેન્જર ઉપર ઊંડો પ્રભાવ હતો તેમાં વસ્તુની કિંમત અને વસ્તુથી મળતી તુષ્ટિ વચ્ચેના સંબંધો ઉપર ઘણું ધ્યાન અપાયેલું હતું. કાર્લ મેન્જર, સ્ટેનલી જેવન્સ અને લીઓન વોલરસ લગભગ એક સાથે જ સ્વતંત્ર રીતે એ નતીજા ઉપર પહોંચ્યા કે વ્યક્તિ માટે ચીજવસ્તુનું વ્યક્તિસાપેક્ષ (subjective) મૂલ્ય શું છે અને ત્યાંથી જ કિંમતની થિયરીની શરૂઆત કરી શકાય. ત્રાણેયે બજારકિંમતોની તેમની થિયરીઓ આ પ્રસ્થાનબિંદુમાંથી વિકસાવી.

ત્રણેયમાં કાર્લ મેન્જરની થિયરી સૌથી વધુ ક્રાંતિકારી, સર્વગ્રાહી અને મહત્ત્વની પુરવાર થઇ. કાર્લ મેન્જર (૧૮૪૦-૧૯૨૧)ની થિયરી મુકાઇ તેના પ્રખ્યાત પુસ્તક Grundsatze-Principles of Economics (1871)માં. યુરોપમાં અન્યત્ર તો આદમ સ્મિથ-જહોન મીલના કલાસિકલ વિચારો છવાઇ ગયા હતા, પરંતુ ઓસ્ટ્રિયામાં તેની અસરો નહીંવત્ હતી. ઓસ્ટ્રિયામાં ત્યારે ચલણ હતું જર્મનીની બહુબળૂકી હિસ્ટોરીકલ સ્કૂલનું. આ વિચારધારા અર્થશાસ્ત્રમાં થિયરી માત્રની વિરોધી હતી. તેનો મુખ્ય મુદ્દો એ હતો કે ભૌતિક પદાર્થો કુદરતી નિયમોને આધીન છે તે સાચું, પણ આર્થિક વ્યવહારોમાં આવા કોઇ નિયમો છે નહીં અને તે શોધવાના પ્રયત્નો મિથ્યા છે, આવા કોઇ નિયમોની જરૂર પણ નથી. તેનો તો સતત આગ્રહ હતો કે ''સમાજમાં બની રહેલી ઘટનાઓના ક્રમને નિહાળો, તેમને ઐતિહાસિક દૃષ્ટિથી જુઓ તો આર્થિક તથ્યો તેની મેળે છતાં થઇ જશે. જે-તે-સમય-સ્થળની મર્યાદામાં તે સાચાં હોઇ શકે, પરંતુ તેમને કોઇ સાર્વત્રિક નિયમોની થિયરીમાં બાંધવાં શકય નથી, જરૂરી નથી.'' આ થિયરીથી વિરોધી અસરોને મેન્જર ખાળવા માંગતો હતો. ઇંગ્લેન્ડના જેવન્સ, માર્શલ અને ફ્રાંસનો વોલરસ મેન્જરની આ લડાઇમાં તેની સાથે હતા. મેન્જર અર્થશાસ્ત્રના સાર્વત્રિક નિયમોને શોધી કાઢવા કટિબદ્ધ હતો. મેન્જરની થિયરીના હાર્દમાં પણ તુષ્ટિ હતી. તુષ્ટિના વિચારમાંથી નિષ્પન્ન થયેલી થિયરી પાછળથી સીમાંત તુષ્ટિગુણ (marginal utility)ના નામથી જગપ્રસિદ્ધ બની. એક વાત સ્પષ્ટ કરી દેવી જોઇએ કે સીમાંત તુષ્ટિગુણના ત્રણેય પ્રણેતાઓમાંથી એકપણ ચિંતકની મૂળ પ્રેરણા એ હતી જ નહીં કે કલાસિકલ અર્થશાસ્ત્રમાંથી તારવેલા કોઇપણ વ્યવહારુ નિયમોને થિયરીથી વ્યાજબી ઠેરવવા. ત્રણેયની સહાનુભૂતિ સામાજિક સુધારાની ઊઠી રહેલી માંગ સાથે જ હતી. અને ત્રણેયને થિયરીનો જ વિરોધ કરતી હિસ્ટોરીકલ સ્કૂલ સાથે ઊંડી તકરાર પણ હતી.

### સીમાંત તુષ્ટિગુણ (Marginal Utility)

મેન્જરની થિયરી સમજીએ તે પહેલાં સીમાંત તુષ્ટિગુણ વિશે વિચારી લઇએ. કોઇપણ ચીજ (કે સેવાઓ)ને વપરાશમાં લેતી વ્યક્તિ તેમાંથી આનંદ અને સંતોષ (તુષ્ટિ)નો અનુભવ કરે છે. ઉપભોગથી થતી તુષ્ટિ એ વ્યક્તિનો પોતાનો અંગત મામલો છે. માત્ર તે જ વ્યક્તિ જાણે છે કે ઉપભોગથી તેને કેટલી અને કેવી તુષ્ટિ થઇ. જે ચીજ-વસ્તુનો ઉપયોગ થયો તે મોટાભાગે પદાર્થ સ્વરૂપની હોય છે, જ્યારે તુષ્ટિ કોઇ પદાર્થ નથી. પરંતુ તુષ્ટિ માત્ર અનુભૂતિનો વિષય હોવાથી તેના અસ્તિત્વને નકારી શકાય નહીં, જે શુદ્ધ ભૌતિકવાદી કે વર્તણૂકવાદી (behaviourist) કરવા ઇચ્છે.

મેન્જરના પુરોગામીઓ વસ્તુ અને ઉપભોકતા વચ્ચે તુષ્ટિથી બંધાતા સંબંધોથી આકર્ષાયા હતા અને વસ્તુની કિંમત નકકી કરવામાં તેના ફાળા વિશે ઘણા સભાન બન્યા હતા. તુષ્ટિગુણના પાયાના સિદ્ધાંતોને વિકસાવનાર જર્મન અર્થશાસ્ત્રી હરમન ગોસેન. ગોસેને પ્રતિપાદિત કરેલા બે પાયાના નિયમોથી મેન્જર સાવ અજાણ હતો. પોતાની સ્વતંત્ર મથામણો પછી તે પણ તે જ તારણો ઉપર તો પહોંચ્યો, બલ્કે તેથી ઘણો આગળ ગયો.

વસ્તુના ઉપભોગથી વ્યક્તિને થતી તુષ્ટિ જે તે વ્યક્તિ આધારિત (વ્યક્તિસાપેક્ષ) હોવાથી જે તે ચીજમાંથી કુલ કેટલી તુષ્ટિ (Total Utility) મળે છે તે વસ્તુગત રીતે નકકી કરવાનું અશકય છે. વળી એક જ ચીજનો એક સાથે ઉપભોગ કરનારી બે વ્યક્તિઓ જે તુષ્ટિ

મેળવે છે તેની સરખામણી પણ અશક્ય છે. તો જુદા જુદા સમયે તે જ ચીજમાંથી મેળવેલી તુષ્ટિની પણ સરખામણી અશકય છે. આમ, આંતર વ્યક્તિ તુષ્ટિ (inter individual utility) અને આંતર સમય તુષ્ટિ (inter temporal utility)ની સરખામણી અશકય છે. પરંતુ તુષ્ટિની બીજી ખાસિયત બજારકિંમતોને સમજવામાં બહુ મહત્ત્વની સિદ્ધ થાય છે. આ છે સીમાંત તુષ્ટિગુણ (marginal utility). કુલ તુષ્ટિગુણને માપવો અશકય છે. પરંતુ સીમાંત તુષ્ટિગુણ માટે તેમ કહી શકાય નહીં. સીમાંત તુષ્ટિગુણનું માપ કાઢી શકાય. કેવી રીતે ?

સામાન્ય વ્યવહારમાં સીમાંત તુષ્ટિગુણની ખાસિયત હંમેશાં જોવા મળે છે. ઉદાહરણની મદદથી સરળતાથી સમજી શકાય છે. ખૂબ ભૂખ લાગી છે. એક રોટલો ખાધો. તુષ્ટિ થઇ. બીજો રોટલો ખાધો. કુલ તુષ્ટિમાં ઉમેરો થયો. પરંતુ પહેલો રોટલો ખાધો ત્યારે થયેલી તુષ્ટિ કરતાં સહેજ ઓછી થઇ. ત્રીજો રોટલો ખાધો. કુલ તુષ્ટિમાં ઓર વધારો થયો પરંતુ બીજો રોટલો ખાધા પછી કુલ તુષ્ટિમાં જે વધારો થયેલો તેના કરતાં ઓછો થયો. જેમ રોટલા ખવાતા જાય તેમ કુલ તુષ્ટિમાં વધારો તો થાય છે, પરંતુ દરેક વખત આગળના રોટલા વખતે કુલ તુષ્ટિમાં જે ઉમેરો થયો હતો તેના કરતાં ઓછો જ ઉમેરો થાય. છેવટે હદ આવે છે. પૂરું ધરાઇ જવાય છે. વધારાનો રોટલો ખાવાની ઇચ્છા જ થતી નથી.

કુલ તુષ્ટિમાં દરેક રોટલા દ્વારા ઉમેરાતી તુષ્ટિ છેવાડાની સીમા (margin) ઉપર ઉમેરાતી વધારાની તુષ્ટિ છે તે રોટલાની સીમાંત તુષ્ટિ (marginal utility) છે. વળી જેમ રોટલા ખવાતા જાય છે તેમ દરેક રોટલામાંથી મળતી સીમાંત તુષ્ટિમાં ક્રમશઃ ઘટાડો થતો જાય છે. આ છે સીમાંત તુષ્ટિગુણના ઘટાડાનો (Law of Diminishing Marginal Utility)-ગોસેનનો પ્રથમ નિયમ.

''છેલ્લે, કે છેવાડે'' વપરાયેલ એકમની તુષ્ટિમાં વપરાયેલ શબ્દ ''છેલ્લે'', ''છેવાડે'' એટલે કે સીમા (Marginal) બહુ મહત્ત્વનો વિચાર છે. અર્થશાસ્ત્રની બધી ગતિવિધિઓમાં થતા સુધારા, વધારા, ઘટાડાના બધા જ ફેરફારો હંમેશાં સીમા- margin ઉપર થતા રહેતા ફેરફારો છે. આર્થિક જગતમાં કયારેય કોઇપણ ચીજ-વસ્તુનો આખો જ ઉદ્યોગ અચાનક બંધ થઇ જતો નથી. ઉદ્યોગનાં થોડાં એકમો બંધ થઇ જાય કે થોડાં નવાં અસ્તિત્વમાં આવે છે. તે જ રીતે ઉપભોકતાઓ કોઇ ચીજ-વસ્તુનો ઉપયોગ અચાનક સદંતર બંધ કરતા નથી, તેમાં પણ સીમા ઉપર જ વધારો - ઘટાડો જોવા મળે છે. આર્થિક જગતમાં ઉત્પાદક અને ઉપભોકતા જે કાંઇ બાંધ-છોડ કરે છે કે તડ-જોડ (adjustment) કરે છે તે હંમેશાં સીમા- margin ઉપરની જ તડજોડ હોય છે. ઉત્પાદક માંગમાં થતા વધારા-ઘટાડાને ધ્યાનમાં લઇને જ ઉત્પાદનમાં ફેરફારો કરે છે. તેવું જ ઉપભોકતાનું પણ. વસ્તુના ભાવોમાં કે ફેશનોમાં ફેરફારોને અનુલક્ષીને જ તેના ખર્ચની ભાત (Pattern) માં ફેરફાર કરે છે. મોટા ભાગનું અર્થશાસ્ત્ર હકીકતમાં માર્જીન ઉપર થતા રહેતા આવા સતત ફેરફારોની સમગ્ર અર્થવ્યવસ્થા ઉપર થતી અસરોનું વિશ્લેષણ (marginal analysis) હોય છે, અથવા હોવું જોઇએ. સીમાંત તુષ્ટિગુણને ગણતરીમાં કેવી રીતે લેવાય છે તેની ચર્ચામાં જઇએ.

સૌ પ્રથમ એક પૂર્વધારણા કરીએ જે રોજિંદા વ્યવહારમાં સામાન્ય રીતે પ્રવર્તતી જોવા મળે છે : સામાન્ય રીતે દરેક વ્યક્તિ તેની આવકમાંથી મહત્તમ તુષ્ટિ મેળવવાની કોશિશ કરે છે.

જો સીમાંત તુષ્ટિગુણમાં ક્રમશઃ ઘટાડો થતો જતો હોય (ગોસેનનો ૧લો નિયમ) અને દરેક વ્યક્તિ તેની આવકમાંથી મહત્તમ તુષ્ટિ મેળવવા પ્રયત્નશીલ હોય તો એ જરૂરી બને છે કે સાર્વત્રિક રીતે ચીજનો સીમાંત તુષ્ટિગુણ અને તે ચીજની કિંમતનો ગુણોત્તર વપરાયેલી દરેક ચીજ માટે એક સરખો જ આવે. ઉપભોકતા પોતાની મર્યાદિત કુલ આવકની જુદી જુદી ચીજવસ્તુઓ વચ્ચે એવી ફાળવણી કરશે જેથી દરેક ચીજના છેલ્લા વપરાયેલા એકમમાંથી મળતી સીમાંત તુષ્ટિ અને તેની કિંમતનો ગુણોત્તર (Ratio) વપરાશમાં લેવાયેલી દરેક ચીજવસ્તુ માટે એકસરખો જ આવે - equi marginal return. આ છે ગોસેનનો બીજો નિયમ. ગોસેનના બીજા નિયમમાં સીમાંત તુષ્ટિગુણના માપનો નિર્દેશ આપણને મળે છે.

જો ચીજનો સીમાંત તુષ્ટિગુણ અને તેની બજારકિંમતોનો ગુણોત્તર દરેક વપરાશી ચીજ માટે એકસરખો જ હોય તો નીચેનું પરિણામ જોવા મળશે.

$$\frac{MUA}{PA} = \frac{MUB}{PB} = ........$$

$$\therefore \frac{MUA}{MUB} = \frac{PA}{PB}$$

MUA – ચીજ A નો સીમાંત તુષ્ટિગુણ (Marginal Utility of A)

MUB – ચીજ B નો સીમાંત તુષ્ટિગુણ (Marginal Utility of B)

PA – PB અનુક્રમે A અને B ની કિંમત (Price of A and B)

ચીજ A અને B ના સીમાંત તુષ્ટિગુણના ગુણોત્તરનું વસ્તુલક્ષી (objective) માપ બે ચીજોની કિંમતના ગુણોત્તર ઉપરથી મળે. એટલે

કે ઉપભોકતા જે ચીજો વચ્ચે તેની આવકની વ્યવહારમાં ફાળવણી કરે છે તેની કિંમતોનો ગુણોત્તર તે ચીજોની પસંદગીનું - તેમની સીમાંત તુષ્ટિઓનું વસ્તુલક્ષી માપ આપે છે. ગોસેનના બે મહત્ત્વના નિયમોનો ઉપયોગ કરીને કોઇ પણ ઉપભોકતા તેની મર્યાદિત આવકને અગણિત પ્રાપ્ત ચીજો વચ્ચે કેવી રીતે ફાળવે છે તેનો સિદ્ધાંત તારવવામાં આવ્યો. મેન્જર સ્વતંત્ર રીતે આ જ તારણો ઉપર પહોંચ્યો, પરંતુ મેન્જર માટે આ નિયમો તો માત્ર પ્રસ્થાનબિંદુ હતા. તે તેનાથી ઘણો આગળ ગયો. તેના પ્રખ્યાત પુસ્તક Grundsatze માં તેણે બહુ વિગતે સમજાવ્યું કે બજારકિંમતો કેવી રીતે નક્કી થાય છે.

સાવ દેખીતી રીતે ઉપયોગમાં લઇ શકાય તેવી ચીજ-વસ્તુઓના જુદા જુદા ગુણધર્મોને તે સવિસ્તાર સમજાવે છે. આમાંથી ધીમે ધીમે ઉપભોગની ચીજોનું ઉત્પાદન કરતા પદાર્થોના ગુણધર્મોની ચર્ચામાં તે જાય છે. ત્યાંથી આ બધા જ પ્રકારની ચીજોનું મૂલ્ય નિશ્ચિત કરતાં જુદાં જુદાં ઘટકોની ચર્ચા ઉપર તે પહોંચે છે. છેલ્લે તે નાણાં (money) ઉપર પહોંચે છે, જે લગભગ બધા જ વિનિમયો વચ્ચેનું સામાન્ય સાધન-માધ્યમ બને છે. વિશ્લેષણના દરેક તબક્કે મેન્જર એક વાત સતત ઘૂંટ્યા કરે છે કે આ ગુણધર્મો છેવટે બે વાત ઉપર આધારિત છે. (૧) ચીજો માટે સક્રિય થતી વ્યક્તિની ઇચ્છા ઉપર અને (૨) આ ઇચ્છાઓને સંતોષવા જોઇતાં સાધનોને પ્રાપ્ત કરવા માટેની હકીકતો અને સંજોગોનું તેનું જ્ઞાન. આ લાક્ષણિકતાઓ પોતે વસ્તુમાં નથી હોતી, ચીજવસ્તુઓને ઉપભોક્તાઓથી અલગ પાડી દઇને તપાસવાથી આ ગુણધર્મો સમજી શકાતા નથી. કિંમતો નકકી કરતા ગુણધર્મો તો ચીજો અને તેની પ્રાપ્તિ માટે સક્રિય બનેલી વ્યક્તિઓ વચ્ચે સર્જાતા સંબધોમાં શોધી શકાય છે. વ્યક્તિઓની ચીજો માટેની ઇચ્છા - જે વ્યક્તિસાપેક્ષ (subjective) હોય છે તે અને તેની તુષ્ટિ મેળવવાની તેમની વાસ્તવિક ક્ષમતાનો તેમનો અંદાજ બંને ભેગા થઇને ચીજોનું વ્યક્તિઓ દ્વારા કેટલું મહત્ત્વ અંકાશે તે નકકી કરે છે. વ્યક્તિસાપેક્ષ (subjective) ઘટકોના આધારે નિશ્ચિત થતી ચીજોની કિંમતની તેની થિયરી વ્યક્તિસાપેક્ષ કિંમતોની થિયરી (subjective theory of value) તરીકે ઓળખાઇ છે.

વ્યક્તિની તુષ્ટિને કેન્દ્રમાં રાખતી આ થિયરી તુષ્ટિની કડી દ્વારા ચીજ અને ઇચ્છા વચ્ચે સાધન- સાધ્ય (means-ends)નો કાર્યકારણનો સંબંધ બાંધી આપે છે. બધી જ ઇચ્છાઓ સાધ્ય બની શકતી નથી કે બધી જ ચીજો સાધન બની શકતી નથી. સાધન-સાધ્યના સંબંધથી જોડાયેલી ચીજો (things) જે આર્થિક વિનિમય શકય બનાવે છે તેને મેન્જર માલ (goods) કહે છે. મેન્જરનું ચોકસાઇભરેલું, બારીક વિશ્લેષણ પ્રભાવિત કરી જાય છે, કારણ કે ગોસેનના પાયાના બે નિયમોને હવે તે બહુ વ્યવસ્થિત રીતે નવી પરિસ્થિતિઓને લાગુ કરે છે, જેમાં ઇચ્છાની તુષ્ટિ બહુ પરોક્ષ રીતે ઉપભોગની ચીજો સાથે સંકળાયેલી છે.

મેન્જર અહીં આપણી અર્થવ્યવહારની સમજણને ગોસેન કરતાં ઘણી આગળ લઇ જાય છે. માલ (goods)નો વિચાર મૂળે તો તુષ્ટિનો સીધો અને તત્કાળ અનુભવ કરાવતી ચીજો સાથે જોડાયેલો છે. આવા માલને તે પ્રથમ શ્રેણી (First Order)નો માલ કહે છે. તેના પછી તે દ્વિતીય, તૃતીય વગેરે શ્રેણીઓના માલનો વિચાર પણ વિકસાવે છે. બ્રેડ પ્રથમ શ્રેણીનો માલ છે. પરંતુ ઘઉં, અનાજ દળવાની ઘંટી, લોટ વગેરેને દ્વિતીય શ્રેણીનો માલ કહે છે, કારણ કે તેમની તુષ્ટિ કરાવી શકવાની ક્ષમતા પરોક્ષ છે. આ બધા માલને એકી સાથે પ્રયોજી શકાય તો જ પ્રથમ શ્રેણીનો માલ બનાવી શકાય. તુષ્ટિને સાધવા એકબીજાને પૂરક બનતો આ માલ પૂરક માલ (complementary goods) કહેવાયો. આવા ઝીણવટભર્યા વર્ગીકરણનો હેતુ ઉત્પાદન માટેની તકનિકી શરતોને ખુલ્લી કરી આપવાનો હતો. (પાછળથી આનો ઉપયોગ કરીને ઉત્પાદનની અને મૂડીની થિયરીઓ વિકસાવી શકાઇ.) આ વર્ગીકરણની મદદથી પ્રથમ શ્રેણીના માલની કિંમતો અને અન્ય શ્રેણીનાં દરેક પ્રકારનાં ઉત્પાદનો (goods of other orders)ની કિંમતો વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરી શકાયો. આના આધારે જ ઉત્પાદનનાં સાધનો (Factors of Production)ને જુદા જુદા પ્રમાણમાં પ્રયોજવાનો ઉત્પાદકતા (Productivity)નો મહામૂલો સિદ્ધાંત વિકસાવી શકાયો.

આ ઉપરાંત મેન્જરે માલનું બીજી રીતે વર્ગીકરણ કરીને બીજો મહત્ત્વનો વિચાર પણ તારવ્યો. તેણે બતાવ્યું કે માલના જથ્થા અને તેની માંગ (ઇચ્છા) વચ્ચે પણ સંબંધ છે. જો માલની માંગ કરતાં તેનો પુરવઠો (supply) ઓછો હોય તો તે માલને આર્થિક માલ (economic goods) કહેવાય. દરેક વ્યક્તિને તેના વપરાશમાં કરકસર કરવી પડે (economise the goods), કારણ કે તેને ખબર છે કે તેના કોઇપણ હિસ્સા કે ભાગનો ત્યાગ કે વ્યય તે ભાગમાંથી મળનારી તુષ્ટિનો ત્યાગ છે. અલબત્ત, કોઇપણ માલ આર્થિક છે કે બિનઆર્થિક તે કાયમી ધોરણે નકકી ના કરી શકાય. આ સતત બદલાતી પરિસ્થિતિ છે. જ્યારે માલ આર્થિક બને છે ત્યારે આપોઆપ અછતનું મૂલ્ય (Scarcity Value) ધારણ કરે છે અને તેનો દરેક હિસ્સો કિંમત ધરાવતો બને છે. આવા માલની લેવડદેવડમાં અનિવાર્યપણે હંમેશાં લેવા -મૂકવાનું (trade off) હોય જ છે. ભલે તે ઘણાને અકળાવે પણ મોટાભાગના વ્યવહારોમાં આવા trade off અનિવાર્ય જ હોય છે. ઇકોનોમિક ગુડઝના વિચારને કારણે કોઈ ચોક્કસ હેતુ માટે વપરાશમાં લેવાયેલ માલની કિંમત નક્કી કરવાનું શકય બન્યું. માલની કિંમત એ જ કે તે માલના વૈકલ્પિક

ઉપયોગમાં મળી શકનારી તુષ્ટિ એટલે કે વૈકલ્પિક તકના ઉપયોગમાં મળનારી તુષ્ટિનો ત્યાગ (Opportunity Cost). ઉપભોક્તા અને ઉત્પાદક બંનેને ‘‘સીમા (margin) ઉપરની સૌથી છેલ્લી અને સૌથી ઓછી ઉપયોગી જતી કરેલી તુષ્ટિ તે માલની કિંમત’’નો આ સિદ્ધાંત એકસરખો લાગુ પડે છે.

ઉપભોગમાં ઉપયોગમાં લેવાતા માલમાંથી મળતી તુષ્ટિમાંથી માલની કિંમતને તારવવાના સિદ્ધાંતનો વિસ્તાર કરીને મેન્જરે આમાં ઉત્પાદનનાં સાધનો સહિતના બધા જ પ્રકારના માલને પણ સમાવી લીધા તે તેની સૌથી મોટી ઉપલબ્ધિ છે.

મેન્જરે વ્યક્તિ માટે પ્રસ્તુત સાધન (માલ) અને સાધ્ય (ઇચ્છા)ને જોડી આપતી તુષ્ટિની કડીના તર્કનો ઉપયોગ કરીને માલની કિંમતો નક્કી કરી આપતું એક નમૂનારૂપ માળખું ઊભું કરી આપ્યું અને સાધન-સાધ્યનાં આવાં અગણિત માળખાં રચવાનો રસ્તો બતાવી આપ્યો. અર્થશાસ્ત્રમાં પાછળથી વિકસવાના પસંદગીના શુદ્ધ તર્ક (Pure Logic of Choice) એટલે કે આર્થિક ગણતરી (economic calculus)નો પાયો નાંખી આપ્યો.

આધુનિક એકમલક્ષી અર્થશાસ્ત્ર (modern microeconomics)ની કિંમતની થિયરીનાં બે અનિવાર્ય અંગો ઉપભોક્તાની વર્તણૂક અને ઉત્પાદકની વર્તણૂકની સમજ મેન્જરે વિકસાવી. વળી એ પણ નોંધવું જોઇએ કે પસંદગીનો શુદ્ધ તર્ક વ્યક્તિગત પસંદગીને જ લાગુ પાડી શકાય છે. આ તર્કમાંથી સામૂહિક પસંદગી તારવી શકાય નહીં. સીમાંત તુષ્ટિગુણના વિચારમાં ગૃહિત રહેલા કિંમતોની થિયરીના તર્કને મેન્જરે પૂરેપૂરો વિકસાવી આપ્યો. એ સાચું છે કે મેન્જરના નિકટના શિષ્યોએ તેમનું ધ્યાન મુખ્યત્વે ઉપભોક્તા વર્તણૂક ઉપર કેન્દ્રિત કર્યું અને ઉત્પાદક વર્તણૂકની થિયરી વિકસાવવાનું કાર્ય ઇંગ્લીશ અર્થશાસ્ત્રી આલ્ફ્રેડ માર્શલે (૧૮૪૨-૧૯૨૪) કર્યું. પણ મેન્જરની થિયરીમાં ઉત્પાદક વર્તણૂકના પાયાના સિદ્ધાંત સીમાન્ત ઉત્પાદકતા (marginal productivity)ના વિશ્લેષણનાં મૂળ તત્ત્વો સ્પષ્ટ રીતે ઓળખી શકાય છે. મેન્જરનું આખરી ધ્યેય બજારની કિંમતોને સમજાવવાનું હતું જેનાં મૂળભૂત તત્ત્વો તેણે બજારની પ્રક્રિયામાં ભાગ લેતી વ્યક્તિઓની વર્તણૂકમાંથી તારવી બતાવ્યાં.

મેન્જરની કિંમતની થિયરીનાં ત્રણ પાસાંઓ છે. આ બધાં પાસાં અમુક અંશે અલગઅલગ સમજાયાં હતાં. ત્રણેય એકસૂત્રે બંધાયાં તેની થિયરીમાં.

### (૧) માંગ-પુરવઠા વચ્ચે ઉભયપક્ષી નિર્ણાયકતા (mutual determination)

મેન્જર પહેલાના અર્થશાસ્ત્રીઓએ સાપેક્ષ કિંમતોનું કારણ ચીજોના ઉત્પાદનખર્ચમાં જોયેલું. કાર્યકારણના સંબંધને એકમાર્ગી વ્યવહાર(one way causality) રૂપે જોવાની ચાલી આવેલી પ્રણાલી આને માટે જવાબદાર હતી. વિજ્ઞાનમાં છવાઇ ગયેલા યંત્રવિજ્ઞાન (mechanics)નો એકમાર્ગી કાર્યકારણની સાંકળનો વિચાર એક આદર્શ ધોરણ બની ગયો હતો, જયારે બજારના વિનિમયમાં વસ્તુની કિંમત ગ્રાહકની તે માટેની ઇચ્છા અને તેના તુષ્ટિગુણ ઉપર આધારિત છે એટલે કે વસ્તુની માંગ ઉપર આધારિત છે. વસ્તુની બનાવટમાં વપરાયેલા કાચા માલની કિંમત અને મજૂરીની કિંમત પણ ગ્રાહકની તૈયાર માલ ચૂકવવાની ઇચ્છા (willingness to pay) ઉપર પણ ઘણો આધાર રાખે છે. માંગ અને પુરવઠા વચ્ચેની ઘનિષ્ઠ આંતરક્રિયા બજારકિંમતોને નક્કી કરે છે.

### (૨) સીમાંત આંતરસૂઝ (marginal insight)

વધારે કિંમતી શું છે? હીરો કે પાણી ? લગભગ એક જવાબ જ મળશે, પાણી વળી. પાણી વગર જીવન જ શક્ય નથી. પણ સવાલ પૂછીએ કે એક ગ્લાસ ભરીને હીરા અને એવો જ ગ્લાસ ભરીને પાણી બે વચ્ચે શેની પસંદગી કરશો? થોડા હીચકીચાટ પછી મોટા ભાગની પસંદગી હીરા ઉપર જ ઊતરશે ! રણ મધ્યે તરસથી જીવ જતો હોય ત્યારે હીરા કરતાં પાણીની કિંમત વધારે, પરંતુ સામાન્ય જીવનમાં રણ મધ્યેની તરસનો અનુભવ થતો નથી. પાણીની છૂટ હોય, હીરાની નહીં. જે તે આપેલી પરિસ્થિતિની સીમા-ધાર ઉપર જ જાણે કે આપણે હીરા વિરુદ્ધ પાણીનો નિર્ણય લેવાનો હોય છે. સીમા ઉપર જ કિંમતી લાગે તે જ પ્રસ્તુત કિંમત બને છે, ત્યારે પાણી અને હીરાની કુલ તુષ્ટિની તુલના કરાતી નથી. આ પરિસ્થિતિમાં હીરાનો સીમાંત તુષ્ટિગુણ પાણી કરતાં વધારે સિદ્ધ થાય છે.

### (૩) વ્યક્તિ સાપેક્ષ આંતરસૂઝ (subjective insight) - opportunity cost

વ્યક્તિનિરપેક્ષ કિંમતો હોય જ નહીં. ખર્ચ અને કિંમતો (ખર્ચ પણ આખરે કિંમત જ છે!) હંમેશાં વ્યક્તિસાપેક્ષ મૂલ્યાંકન જ દર્શાવે છે. વ્યક્તિથી નિરપેક્ષ વસ્તુની કોઇ કિંમત થઇ શકતી નથી. કોલેજના શિક્ષણની કિંમત શી છે? આ પ્રશ્નનો જવાબ આપતાં પહેલાં પૂછવું પડે

કે કોલેજ શિક્ષણ આપનારને પડતી કિંમત ? શિક્ષણ લેનારને પડતી કિંમત? વિદ્યાર્થીનાં માતા- પિતાને ચૂકવવી પડતી કિંમત? કે જે વિદ્યાર્થીની જગ્યા લેવા માંગતો હતો પણ નહીં લઇ શકેલો તેણે ચૂકવવી પડતી કિંમત? અર્થશાસ્ત્રની દૃષ્ટિએ કાંઇ પણ મેળવવાની ક્રિયાની કિંમત તેના કર્તાએ તે મેળવવા જતી કરેલી બીજી તકની કિંમત- opportunity cost જેટલી છે.

### મેન્જરની થિયરીનો આધાર વ્યક્તિવાદ (methodological individualism)

મેન્જરની સાપેક્ષ કિંમતોની થિયરીના મૂળભૂત સિદ્ધાંત સીમાંત તુષ્ટિગુણ (સીમાંત ઉત્પાદકતા સહિત)ના ઘેરા ફિલોસોફિકલ અને વ્યવહારુ સૂચિતાર્થો સમજી લેવા જેવા છે. વીસમી સદીના ઇતિહાસને આર્થિક વિકાસની થિયરીઓ વચ્ચેના જબરજસ્ત સંઘર્ષના ઇતિહાસની દૃષ્ટિએ સમજવો બહુ ઉપયોગી છે. આખો વિચારસંઘર્ષ મેન્જરની સાપેક્ષ કિંમતોના પાયામાં રહેલા વ્યક્તિગત તુષ્ટિ-ગુણની આસપાસ મંડાયો છે તેમ કહેવું પડે.

મેન્જરની થિયરીમાં પાયાનું એકમ ઘટક વ્યક્તિ છે, તે જ પ્રમાણે ભૌતિક પદાર્થોનો એકમ ઘટક અણુ કે પરમાણુ છે. એકમ ઘટક વ્યક્તિને આ સંદર્ભમાં અણુ કે પરમાણુ ગણવાની લાલચ સ્વાભાવિક થઇ આવે. આ બંને ઘટકો વચ્ચેની દેખીતી સામ્યતા તો મેન્જરે જોઇ જ, તે સાથે બંને વચ્ચેની મૂળભૂત અસમાનતા ઉપર પહેલું ધ્યાન પણ તેણે જ ખેંચ્યું. કોઇ પણ ભૌતિક પદાર્થના દરેક એકમ ઘટક – અણુ કે પરમાણુ એકસરખા ગુણધર્મો અને વર્તણૂક ધરાવે છે. આ ઘટકોના એકસરખા ગુણધર્મોની અવધારણા ઉપર તો આખું ભૌતિકશાસ્ત્ર રચાયેલું છે. ભૌતિક વિજ્ઞાનના નિયમો આ અવધારણા ઉપર મુકાયા છે અને તેના આધારે વિજ્ઞાન વાસ્તવિક ભૌતિક જગત વિશેની સચોટ આગાહીઓ કરે છે. પરંતુ જે ભૌતિક પદાર્થોના દરેક ઘટકના ગુણધર્મો અને વર્તણૂક વિશે કહી શકાય તેવું અર્થવ્યવસ્થાના એકમ ઘટક – વ્યક્તિની વર્તણૂક વિશે કહી શકાય તેમ નથી. બે વ્યક્તિના આગવા સીમાંત તુષ્ટિગુણની તુલના કદાપિ થઇ શકે નહીં. કોઇ વ્યક્તિ એક સમયે કે સ્થળે એક ચીજનો જે તુષ્ટિગુણ મનમાં આંકે તે બીજા સમયે અને સ્થળે બદલાઇ પણ જાય. વળી અન્ય વ્યક્તિ/વ્યક્તિઓની હાજરી-ગેરહાજરી પણ તેને બદલી નાખે છે. સીમા ઉપર સંજોગો બદલાતા જ રહેતા હોય છે. આ બદલાતા સંજોગો સાથે તાલ મિલાવતી જતી વ્યક્તિ તેની ઇચ્છાઓ, પસંદગીઓ અને નિર્ણયો સતત બદલતી જ રહેતી હોય છે, જેથી તે સમગ્ર પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધી શકે. દરેક વ્યક્તિ પોતે જ તેની શકયતાઓ, સંજોગોને, તકોને, સાધનોને, કૌશલ્યોને, અન્યોની પ્રસ્તુત ખાસિયતોને સતત મૂલવતી રહે છે અને તદ્અનુસાર તેની પસંદગીઓ બદલાતી રહેતી હોય છે. દરેક વ્યક્તિની આવી પ્રચંડ ગતિશીલતા અને વિવિધતાના કારણે તેની સરખામણી ભૌતિક પદાર્થોના અણુ-પરમાણુનાં ઘટકો સાથે કોઇ કાળે કરી ના શકાય. રાસાયણિક પ્રક્રિયાઓ કે ઉષ્મા જેવી ભૌતિક ઘટનાઓમાં પદાર્થના અબજો અણુ કે પરમાણુઓ તેમના મર્યાદિત અને નિશ્ચિત ગુણધર્મો છોડતા નથી હોતા; વળી વધારામાં આવા દરેક ઘટકને આ પ્રક્રિયાઓમાં એકબીજાથી સ્વતંત્ર ગણવામાં આવે છે. આ વિશેષતાના કારણે અણુઓને આંકડાશાસ્ત્રીય (statistical) માવજત આપીને આંકડાકીય ગણતરીઓમાં લઇ શકાય છે, Probabilityના નિયમો લાગુ પાડી શકાય છે, સ્થાયી આંકડાકીય અચલાંકો (Parameters) નિશ્ચિત કરી શકાય છે અને આ વિજ્ઞાનોના જાણીતા Laws of mass action માંડી શકાય છે. અણુઘટકોની આવી વિશિષ્ટતાને કારણે ભૌતિક જગતને લાગુ કરી શકાય તેવાં પ્રમાણમાં સાદાં ગાણિતિક મોડેલો રચી શકાય છે. વિજ્ઞાનના નિયમો અને મોડેલોને કારણે ઘણી સૂક્ષ્મ, ચોકકસ અને વ્યક્તિગત આગાહીઓ કરી શકાય છે. આ વિજ્ઞાનની મદદથી અનેક વિશિષ્ટ, ચોટદાર આગાહીઓ થતી માનવે જોઇ અને સાચી પડતી પણ જોઇ. રોજિંદા જીવનમાં તેની વ્યાપક અને ઊંડી અસરો થતી જોઇ. નવાઇ નથી કે ભૌતિક વિજ્ઞાનોને વિજ્ઞાનનો આદર્શ ગણી લેવાયા. તેની સાથે જ તેમાં ઉપયોગમાં લેવાયેલી કહેવાતી વિજ્ઞાનની કાર્યપદ્ધતિ (methodology) ઇન્ડકટીવીઝમ - પોઝીટીવીઝમને પણ આદર્શ ગણી લેવાયા. આ કહેવાતા આદર્શને આંબી જવા અર્થવિજ્ઞાન સહિતનાં સામાજિક વિજ્ઞાનો અને જીવવિજ્ઞાન જેવાં વિજ્ઞાનોમાં જાણે કે હોડ ચાલી.

વ્યક્તિઓની વ્યક્તિગત વર્તણૂકોના સંયોજનથી આર્થિક વ્યવસ્થાનાં સંકુલ માળખાં બનતાં હોય છે. વ્યક્તિઓની વર્તણૂકોનું સંપૂર્ણ જ્ઞાન જો આપણને હોય તો આ સંકુલ માળખાંઓમાં થતા નાના મોટા વ્યક્તિગત ફેરફારોની આગાહીઓ થઇ શકે. પરંતુ આમ કરવા માટે પ્રક્રિયામાં સક્રિય દરેક વ્યક્તિની વર્તણૂકનું સંપૂર્ણ જ્ઞાન હોવું જરૂરી છે. મેન્જર અને તેના સાથીઓ જાણતા હતા કે આવું સર્વગ્રાહી જ્ઞાન કદીયે, કોઇનેય, કયારેય પ્રાપ્ત ના થઇ શકે. વ્યક્તિનાં ઘટકોની ઉપર ચર્ચેલી લાક્ષણિકતાઓનું આ સીધું પરિણામ છે. શકય શું છે? કાળજીપૂર્વકનાં સામાન્ય અવલોકનોના આધારે વ્યક્તિની વર્તણૂકોને અમુક સીમિત પ્રકારો (types) માં વર્ગીકૃત કરી શકાય. આના કારણે કયા પ્રકારના લાક્ષણિક (typical) સંજોગોમાં કયા પ્રકારની વર્તણૂક જોવા મળી શકે તે કહી શકાય. વર્તણૂકના આ પ્રકારો (types) ના દરેક પ્રકારને જો એક

ઘટક માની લઇએ અને આવાં ઘટકોને ભેગાં કરવામાં આવે તો અમુક સંયોજનો સ્થાયી રૂપ લે, બાકીનાં નહીં. આ અર્થમાં થિયરી એ ભાખી શકે કે, કયા સ્થાયી માળખાં સ્થપાશે. જો થિયરીએ ભાખેલાં માળખાં ના રચાય તો થિયરી ખોટી પુરવાર થઇ શકે. વૈજ્ઞાનિક થિયરીની આ જ સાચી કસોટી છે. આવી આગાહીઓ આ માળખાંના અમુક ગુણધર્મો જ વર્ણવશે. પરંતુ આ માળખાંની અંદરની કોઇ વિશેષ ઘટનાઓ કે તેની અંદરના વિશિષ્ટ વ્યક્તિગત ફેરફારોની આગાહીઓ કરી શકે નહીં. બીજા શબ્દોમાં કહીએ તો એકમલક્ષી અર્થશાસ્ત્ર (micro economics)ની થિયરીઓ કયા ચોકકસ પ્રકારનાં સ્થાયી માળખાં રચાઇ શકે તેની પેટર્નની આગાહી કરી શકે, પરંતુ માળખાંની અંદરના ખાસ વ્યક્તિગત ફેરફારો કે ઘટનાઓની ચોક્કસ, સચોટ આગાહીઓ કદીયે કરી ના શકે. આર્થિક વ્યવહારોનું એકમ ઘટક સક્રિય વ્યકિત (acting individual) છે. આવી દરેક વ્યક્તિની સમય-સ્થળને અનુરૂપ બદલાતી રહેતી પસંદગીના સંદર્ભમાં તેની વર્તણૂકને કદીયે એક નિશ્ચિત, સ્થાયી ઢાંચામાં ઢાળી ના શકાય. આ કારણે જ માળખાંની પેટર્નની આગાહીઓ કરી શકાય, તેથી વિશેષ નહીં.

આપણે આગળ જોઇશું કે મેન્જરના સમકાલીન, સીમાંત તુષ્ટિગુણના સિદ્ધાંતને સ્વીકારનાર ત્રીજા અર્થશાસ્ત્રી લીઓન વોલરસના અનુયાયીઓ વોલરસે માંડેલા યુગપદ સમીકરણો (simultaneous equation)ના દુર્બોધ ગણિતનો ઉપયોગ કરીને આવી ઝીણી અને વ્યક્તિગત આગાહીઓ કરવા માંગતા હતા.

પરંતુ મેન્જર અને તેના શિષ્યો કયારેય આ છટકામાં પ્રવેશ્યા જ નહીં. મેન્જર સીમાંત તુષ્ટિગુણ આધારિત થિયરીઓની અમુક હદથી વધારે બારીક આગાહીઓ કરી શકવાની અશક્તિની મર્યાદાથી પૂરો પરિચિત હતો. મેન્જરના મતે જો થિયરી એટલું ભાખી શકે કે કિંમતો એક ગાળામાં (Range) સ્થિર થશે તો તે પૂરતું છે. કિંમતો કોઇ એક ચોક્કસ બિંદુ ઉપર સ્થિર થાય તેવી આગાહી ના કરી શકાય તો તે મર્યાદા સ્વીકારવી રહી. આ પછી પણ અર્થશાસ્ત્ર તેની વૈજ્ઞાનિકતા કે ઉપયોગિતા ગુમાવતું નથી. ભૌતિકશાસ્ત્રના આદર્શને સ્વીકારવાનો મેન્જરે ધરાર ઇન્કાર કર્યો. મેન્જરને અર્થશાસ્ત્રમાં ગણિતના વધારે પડતા ઉપયોગ સામે ઊંડો વાંધો હતો, કારણ કે આવો ઉપયોગ જે સાધી ના શકાય તેવી ચોક્કસતા સ્થાપવાનો એક ડોળ (Pretence) જ છે તેવી તેની દૃઢ માન્યતા હતી. આ જ કારણે મેન્જરનાં લખાણોમાં વોલરસની સાર્વત્રિક સમતુલા (general equilibrium)ની કોઇ ચર્ચાઓ નથી.

મેન્જરની થિયરીનાં આંખે ઊડીને વળગતાં બે લક્ષણોએ તેની સામેના વિરોધને ભડકાવ્યો. તેની કિંમતની થિયરી મૂળે જ વ્યક્તિસાપેક્ષ (subjective) હતી. વસ્તુલક્ષિતા (objectivity) તો વિજ્ઞાનનું અને રેશનાલિટીનું સૌથી ટોચનું લક્ષણ ગણાતું હતું. વળી વસ્તુલક્ષિતાની નિર્ણાયક કસોટી પોઝીટીવીઝમે નક્કી કરેલી હતી. આ કસોટીએ મેન્જરની થિયરી ઊણી ઊતરી. પોઝીટીવીસ્ટ સમાજચિંતકો આવી વ્યક્તિસાપેક્ષ થિયરીને સ્વીકારે તે અસંભવ હતું. વળી તેની થિયરીઓ અર્થવ્યવહારમાં બારીક, ચોક્કસ અને વ્યક્તિગત ઘટનાઓની આગાહીને અસંભવ ગણાવતી હતી, જે ભૌતિકશાસ્ત્રોને સહજ હતું. એકમલક્ષી અર્થશાસ્ત્ર સામે અસંતોષની આગ ભડકી ઊઠે તે અનિવાર્ય હતું. તેના પ્રત્યાઘાતમાં બીજી થિયરી ઉદ્ભવે તે સ્વાભાવિક હતું.

આમ છતાં મેન્જરની એકમલક્ષી થિયરીનો પ્રભાવ ૧૮૮૦ થી ૧૯૩૦ ના ગાળામાં ઇંગ્લેન્ડને છોડતાં સમગ્ર યુરોપમાં છવાઇ ગયો. એકમલક્ષી થિયરીઓ ઉપર મંડાયેલી બજારની અર્થવ્યવસ્થાને પડકારવાની તાકાત બીજી કોઇ થિયરીમાં હતી નહીં. સમાજવાદી વિચાર આ થિયરીને તોડવા મરણિયો હતો પણ નિઃસહાય હતો. ઇંગ્લેન્ડમાં માર્શલની થિયરીઓનું પ્રભુત્વ જામેલું હતું. માર્શલ મેન્જરની થિયરીઓથી પૂરો પરિચિત હતો, ઊંડો અભ્યાસ પણ કરી ચૂક્યો હતો પરંતુ તેના પુરોગામી જ્હોન સ્ટુઅર્ટ મીલ સાથે સંપૂર્ણ છેડો ફાડવા તૈયાર ના હતો. આ કારણે તે સીમાંત તુષ્ટિગુણના સિદ્ધાંતને પૂરેપૂરો સ્વીકારતાં અચકાયો.

૧૯૨૧માં મેન્જરની મૃત્યુનોંધ લખતાં તે જમાનાના સીમાંત તુષ્ટિગુણની થિયરીઓના જુદા જુદા પ્રવાહોના સર્વમાન્ય નિષ્ણાત નટ વિકસલે લખ્યું કે‘‘રીકાર્ડોના Principles પછી અર્થશાસ્ત્રના વિકાસ ઉપર મેન્જરના Grundsatze જેટલી મહાન અસર કોઇએ ઊભી કરી નથી.’’

આ નોંધ લખાયાનાં ૫૦ વર્ષ પછી તેના વિચારનું પુનરુચ્ચારણ કરવું લગભગ અશકય બની ગયું. આ દાયકાઓમાં અર્થશાસ્ત્રીઓનો ઝુકાવ એકમલક્ષી અર્થશાસ્ત્રી ઉપરથી હટીને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર (macro economics) તરફ નમી ગયો હતો. લોર્ડ મેનાર્ડ કેઇન્સ (૧૮૮૩-૧૯૪૬)ની થિયરીઓનો આ પ્રતાપ હતો. સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર (macro economics)ના પિતા કહેવાયેલા કેઇન્સની થિયરીઓ, મેન્જરની થિયરી સાથેનો તેનો ટકરાવ, કેઇન્સની થિયરીઓની બજારવ્યવસ્થા ઉપર ગાઢ અસરો, રાજ્ય દ્વારા અર્થવ્યવસ્થામાં વિશાળ હસ્તક્ષેપ કરી શકવાની કૂંચી કેઇન્સે સમાજવાદી વિચારધારાને આપી તે અને બજારને તોડવા મથતી વિચારધારાની વાત હવે પછી. •

# બેસ્ટ બેકરી ચુકાદો અને ગુજરાત ૨૦૦૨

- પ્રો. જે.એસ. બંદૂકવાલા

*[બેસ્ટ બેકરી કાંડની ચોથી વરસીની આગળ-પાછળ, ન્યાયતંત્ર પરથી ડગમગવા લાગેલી લોકોની શ્રદ્ધાને પુનઃસ્થાપિત કરતા બે અભૂતપૂર્વ ચુકાદા આવી ગયા. એક ચુકાદો છે મુંબઈની સેશન્સ કોર્ટનો, જેમાં વરસ પહેલાં જ વડોદરાની સેશન્સ કોર્ટ દ્વારા નિર્દોષ છોડી મુકાયેલા આરોપીઓને સજા ફરમાવવામાં આવી; અને બીજો છે બેસ્ટ બેકરી કેસની ફરિયાદી અને મુખ્ય સાક્ષી ઝાહીરા શેખે બદલેલી જુબાનીઓ દ્વારા કોર્ટનું અવમાન (contempt of court) કરવાના આરોપસર સજા કરતો સુપ્રીમ કોર્ટનો ચુકાદો. પહેલા ચુકાદાનું સૌથી મોટું મહત્ત્વ, રાજકારણીઓ અને વીએચપી જેવાં કટ્ટર હિન્દુત્વવાદી સંગઠનોના હાથા બનેલા ગરીબ હિન્દુ યુવાનોને થયેલી સજાનું એટલું નથી, જેટલું આ ચુકાદાથી પ્રસ્થાપિત થયેલા 'કાયદાના રાજ'ના સિદ્ધાંતનું છે, હજારો મુસ્લિમ ભાઈઓ-બહેનો તેમજ સૌ નિસ્બત ધરાવતા નાગરિકોમાં 'છેવટે ન્યાય મળશે'ની સંચાર થયેલી આશાનું છે. સુપ્રીમ કોર્ટે આપેલો ચુકાદો, આપણી ફોજદારી ન્યાય વ્યવસ્થામાં ફરી જતા-હોસ્ટાઈલ થઈ જતા સાક્ષીઓ સામે લાલ બત્તી ધરે છે.*

*મુંબઈ સેશન્સ કોર્ટના ચુકાદા પછી એ અંગે લખવાનું અમારું ઈજન પ્રો. બંદૂકવાલાએ સ્વીકાર્યું તેનો આનંદ છે. તેમનો આ માર્મિક લેખમાં અહીં રજૂ કરીએ છીએ. બેસ્ટ બેકરી કાંડ દરમિયાન અને ત્યાર બાદ વહીવટીતંત્ર તથા ન્યાયતંત્રે ભજવેલી ભૂમિકાથી માંડીને રી-ટ્રાયલ સુધીના નાટ્યાત્મક વળાંકો તો એમણે ચર્ચ્યા જ છે, સાથે જ ૨૦૦૨ના હત્યાકાંડ દરમિયાન અને બાદ વિવિધ નામી-અનામી વ્યક્તિઓ-સંગઠનો-પક્ષોએ ભજવેલી ભૂમિકા પર એક ઝડપી વિશ્લેષણાત્મક નજર નાખી છે; અને ૨૦૦૨ના આઘાતમાંથી ફરીથી બેઠાં થયેલાં મુસ્લિમ ભાઈઓ-બહેનોમાં આવેલી જાગૃતિ પર તથા તેમની આર્થિક-સામાજિક સ્થિતિ સુધારવા પર એમણે ખાસ ભાર મૂક્યો છે. -સં.]*

બેસ્ટ બેકરીનો કેસ, તેની તમામ આંટીઘૂંટીઓ સાથે, ૨૦૦૨ના ગુજરાતનું પ્રતીક બની ગયો છે. ૧૧ મુસ્લિમો અને ત્રણ હિન્દુઓ સહિત ૧૪ વ્યકિતઓને જીવતી સળગાવી દેવામાં આવી. એ બધા જ ગરીબ હતા. નરોડા પાટિયા અને ગુલબર્ગ સોસાયટી (અમદાવાદ) સહિતના ગુજરાતનાં અનેક સ્થળોએ અનેક લોકોની હત્યા કરવામાં આવી, માલ- મિલકતોને સળગાવવામાં આવી. જોકે બેસ્ટ બેકરી કેસ ગુજરાતની આ કરુણાંતિકાનો આયનો બની ગયો છે, જેમાં અનેક પરિબળોએ ભૂમિકા ભજવી છે. તેમાં ગુનેગારોને સજા અપાવવાનો ઝાહીરા શેખનો નિર્ધાર ખૂબ જ અગત્યનો બન્યો હતો. બેસ્ટ બેકરીની માલિકી ઝાહીરાના પરિવારની હતી. એ ગોઝારા દિવસે તેણે પોતાના કાકા અને બહેનને ગુમાવ્યાં હતાં. આ હત્યાકાંડ બાદ તેણે શપથ લીધા હતા કે જ્યાં સુધી ગુનેગારોને સજા નહીં થાય, ત્યાં સુધી તે લગ્ન કરશે નહીં. તેણે જે મૂળ ફરિયાદ દાખલ કરેલી તેમાં નોંધાયેલા બધાને જ છેવટે સજા થઈ છે.

વડોદરામાં આ કેસની સુનાવણી સમયે ન્યાયતંત્ર અને પોલીસતંત્ર બંને અપરાધને સાબિત થતો અટકાવવા જાણે કે કૃતનિશ્ચયી હતા. સરકારી વકીલ તરીકે વીએચપીના સભ્યની નિમણૂક થઈ હતી. પોલીસતપાસ પણ ઇરાદાપૂર્વક એટલી હદે અવ્યવસ્થિત રીતે કરવામાં આવેલી, કે જિલ્લા વહીવટી તંત્રને એટલી પણ જાણ નહોતી કે બેસ્ટ બેકરી કાંડમાં કેટલા લોકો મૃત્યુ પામેલા. આ બેદરકારીભર્યા વલણને કારણે મુખ્ય ચૂંટણી કમિશ્નર જેમ્સ લિંગ્દોહે વડોદરા જિલ્લા મેજિસ્ટ્રેટને ''જોકર'' કહીને નવાજ્યા હતા. નરેન્દ્ર મોદીએ આની પ્રતિક્રિયા રૂપે લિંગ્દોહ અને સોનિયા ગાંધીને ગુજરાતને બદનામ કરનારા ખ્રિસ્તી તરીકે ગણાવ્યા

હતા. સંજોગવશાત્ જિલ્લા મેજિસ્ટ્રેટ ચુસ્ત આરએસએસ વિચાર ધરાવતા કુટુંબમાંથી આવતા હતા, અને રાજ્ય વહીવટી તંત્રની સેવામાં હતા, જેમને મોદીએ આઇએએસ તરીકે બઢતી આપીને સંવેદનશીલ હોદ્દા પર નીમ્યા હતા. આ જ વાત પોલીસ કમિશ્નર માટે પણ સાચી હતી. તેઓ રાજ્યની સેવામાં હતા, પણ તેમની આઇપીએસ તરીકે બઢતી કરવામાં આવેલી અને તેમને શહેરના મુખ્ય પોલીસ અધિકારી બનાવવામાં આવેલા હતા. આ બંને કિસ્સામાં અનેક આઇએએસ/આઇપીએસ અધિકારીઓને બાજુ પર રાખીને એમની બઢતી કરવામાં આવી હતી. કહેવાની જરૂર નથી કે આ બંને મહાનુભાવો મોદીના જોરદાર સમર્થકો હતા, જેમની પાસેથી રમખાણોનો ભોગ બનેલા કોઇ જ મદદની આશા રાખી શકે તેમ ન હતા.

એ જ રીતે ટ્રાયલ જજને પણ નિવૃત્તિમાંથી પાછા બોલાવીને આ અગત્યનો કેસ ચલાવવા માટે નીમવામાં આવેલા. કેસ ચલાવનાર પ્રોસિક્યુટર (સરકારી વકીલ) અને બચાવપક્ષ બંનેને એક બની જતાં તેમણે શાંતિથી જોયા કર્યું. કેસના ચાવીરૂપ સાક્ષીઓને ઇરાદાપૂર્વક તપાસ માટે બોલાવવામાં આવ્યા નહોતા. અદાલતનો ખંડ વિશ્વ હિન્દુ પરિષદના ઉગ્રવાદી સમર્થકોથી ભરેલો રહેતો. ફરિયાદી સહિતના મોટા ભાગના સાક્ષીઓ ફરી (હોસ્ટાઇલ બની) ગયા. આ તબક્કે ટ્રાયલ જજ કમસેકમ બહારની વ્યકિતઓને અદાલત ખંડમાંથી બહાર જવાનો આદેશ આપી શકયા હોત અને સાક્ષીઓ શા માટે ફરી જઈ રહ્યા હતા તે જાણવાની પ્રામાણિકપણે કોશિશ કરી શકયા હોત. એને બદલે તેમણે કાંગારુ ટ્રાયલ ચલાવી, તમામ અપરાધીઓને નિર્દોષ છોડી મૂકયા અને પોતાના લાંબા ચુકાદામાં કોમવાદી રમખાણો માટે નહેરુની ઔદ્યોગિક નીતિઓ, અનામત પ્રથા અને સામ્યવાદીઓ પર દોષનો ટોપલો ઢોળ્યો. ગુજરાતની વડી અદાલતમાં બે ન્યાયાધીશોની બનેલી અદાલતે અપીલમાં ગુનેગારોને નિર્દોષ છુટકારો આપતા નીચલી કોર્ટના આદેશને બહાલી આપી, અને રમખાણોનો ભોગ બનેલાઓને મદદરૂપ થનારાઓને રાષ્ટ્રવિરોધી અને અસામાજિક તત્ત્વો ગણાવ્યાં; ન્યાયતંત્રની ગરિમાને લાંછન લગાડયું. આ ફારસે એક જ વાતની પૂર્તિ કરી કે નરેન્દ્ર મોદીની સત્તાવાળા ગુજરાતમાં એક સમુદાય માટે ન્યાય મેળવો અસંભવ છે.

એમાં નવાઈ નથી કે દેશભરમાં આ સામે રોષ ભભૂકી ઊઠયો. એ જ અરસામાં મુખ્ય ફરિયાદી ઝાહીરા મુંબઇમાં તિસ્તા સેતલવાડ સાથે જોડાઇ અને ભાજપના સાંસદ ઉપર તેને ધમકી અપાયાનો આરોપ મૂકયો. તેણે અને તેની માએ મુંબઈ પ્રેસમાં જણાવ્યું કે તેમણે વડોદરામાં કેસની સુનાવણી દરમિયાન ભાજપના એક સંસદ સભ્યની ધમકીઓથી ગભરાઈને ધ્રૂજતા ધ્રૂજતા જુબાની આપી હતી. માનવ અધિકાર આયોગ પણ સક્રિય થયું. સર્વોચ્ચ અદાલતે ગુજરાત બહાર ફરીથી કેસ ચલાવવાનો આદેશ આપ્યો. હંમેશ મુજબ આને પણ નરેન્દ્ર મોદીએ પાંચ કરોડ ગુજરાતીઓના અપમાન તરીકે લેખ્યો. તિસ્તા સેતલવાડના એકધારા પ્રયાસો અને આદર્શવાદે તથા મુંબઇના નિષ્ણાત સ્પેશિયલ પ્રોસિકયુટર અને ન્યાયમૂર્તિએ ન્યાયના ચક્રને ફરી ઘુમાવ્યું. જે સાક્ષીઓને ઇરાદાપૂર્વક વડોદરામાં બોલાવવામાં આવ્યા ન હતા, તેઓ મુંબઇમાં જુબાની આપવા માટે તૈયાર થયા. તેમણે આરોપીઓને ઓળખી બતાવ્યા. વિહિપ માટે હવે એકમાત્ર આશા મુખ્ય ફરિયાદી ઝાહીરા શેખને પોતાને પક્ષે કરી લેવાની જ બચી હતી. એક અફવા ચાલી હતી કે વડોદરામાં મૂળ કેસ ચાલતી વખતે ભાજપના એક સંસદ સભ્યે ઝાહીરાને બહુ મોટી ઓફર કરી હતી. પાછળથી તહેલકા ડોટકોમના સ્ટિંગ ઓપરેશનમાં આ સંસદ સભ્યને કબૂલ કરતા બતાવાયા કે, તેમણે ઝાહીરા શેખને વડોદરા ખાતે કેસ ચાલતી વખતે રૂા. ૧૮ લાખની ઓફર કરી હતી.

ઝાહીરા શેખે મુંબઇમાં જુબાની આપતાં પહેલાં ફરીથી પલટી મારી. તે હવે પંચતારક અવતારમાં બદલાઇ ગઇ હતી. તેણે આરોપીઓ અને વિહિપની પડખે ઊભા રહીને એવી જાહેરાત કરી કે પોતે રમઝાન માસમાં કદી ખોટું બોલે નહીં, અને એટલે સુધી આરોપ લગાવ્યો કે તિસ્તા તેનું અપહરણ કરીને તેને મુંબઇ લઇ ગઇ હતી. ઝૂંપડીમાં રહેતી ગરીબ છોકરી હવે પેજ-૩ની રઈશ બની ગઇ. પરંતુ, વારંવારના તેના પલટાઓએ તેની વિશ્વસનીયતાને પૂરેપૂરી ખતમ કરી નાખી.

બેસ્ટ બેકરીનો આ ચુકાદો ન્યાયનો આદર કરનારા લોકો માટે બહુ મોટી વિશ્વસનીયતા સમાન છે. જોકે આરોપીઓને થયેલી સજાથી કોઇ ખુશી નથી. આખરે તો તેઓ બધા જ ગરીબ પરિવારોમાંથી આવે છે. તેમના પરિવારો બરબાદ થઇ જશે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી જીતવા ઝનૂની બનેલા રાજનૈતિક નેતાઓની ઉશ્કેરણીથી તેઓ ઉશ્કેરાયા હતા. જેટલા કેસના અભ્યાસ થયા છે, તેના પરથી આપણે જાણી ચૂકયા છીએ કે આ દ્વેષની આગ ચાંપવાનું કામ રાજકારણી નેતાઓએ કરેલું અને હિંસા ચાલુ થઇ જતાં તેઓ હોશિયારીપૂર્વક પડદા પાછળ જતા રહ્યા હતા. તેઓ જંગી બહુમતી સાથે ચૂંટણી જીત્યા, પરંતુ તેની કિંમત હિંસા અને હત્યાકાંડનો ભોગ બનેલા ગરીબ મુસ્લિમોએ અને એ ગુનાની સજા પામનાર એટલા જ ગરીબ હિન્દુઓએ ચૂકવવી પડી છે. વધુમાં, સામૂહિક હત્યાકાંડોમાં સ્પષ્ટપણે ઉશ્કેરણી કરનાર વીઆઇપીઓનાં નામો નથી. સંપૂર્ણપણે કોમવાદી બની ચૂકેલી પોલીસે એ વાતનું બરાબર ધ્યાન રાખ્યું છે કે કોઈપણ એફઆઇઆરમાં એમના રાજનૈતિક ગુરુઓનાં નામનો ઉલ્લેખ સુધ્ધાં ના થાય.

ગુજરાત આ તબક્કે કયાં જશે? બેશક, પહેલું ધ્યાન તો બાકી રહેલા અસંખ્ય કેસો ઉપર અને તેમાં પણ નરોડા પાટિયા અને ગુલબર્ગ સોસાયટી જેવા મોટા કેસો પર અપાવું જોઈએ. આ કેસો સીબીઆઇને સોંપી દેવાવા જોઇએ અને ગુજરાતની બહાર જ ચલાવવા જોઇએ.

આજે એ પણ સમય આવી ગયો છે, જ્યારે ગુજરાતી સમાજના આગેવાનોની ભૂમિકાઓને પણ ખુલ્લી કરવી જરૂરી છે, પછી એ સરકારમાં હોય કે ધંધામાં, અથવા બુદ્ધિજીવી, ગાંધીવાદી કે ધાર્મિક વ્યક્તિ હોય. તેમની ભૂમિકા આ હત્યાકાંડોને એક યા બીજી રીતે સમર્થન આપવાની રહી છે. એ સમયના ગવર્નરે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની કથળેલી સ્થિતિ અંગે અનિવાર્ય એવો અહેવાલ પણ રાષ્ટ્રપતિને મોકલ્યો નહોતો. ત્યારના વડા પ્રધાન આ હત્યાકાંડના મહિના બાદ અમદાવાદ આવ્યા હતા અને મોદીને રાજધર્મ અનુસરવાની સલાહ આપી ગયાના ત્રણ જ દિવસ પછી ગોવામાં પલટી મારી અને મુસ્લિમોની હત્યા માટે મુસ્લિમોને જ જવાબદાર ઠેરવ્યા. રમખાણોનો ભોગ બનેલાઓને મળતી કોઇ પણ સહાયને અટકાવવા માટે કેબિનેટ મિનિસ્ટરો પોલીસ કન્ટ્રોલમાં ગોઠવાઈ ગયા હતા. ગુજરાતી ભાષાનાં અખબારો - ખાસ કરીને સંદેશ - મુસ્લિમ વિરોધી દ્વેષ ફેલાવે એવાં ઉશ્કેરણીજનક લખાણો ચાલુ રાખી ગંદા પત્રકારત્વના સ્તરે ગરી ગયાં હતાં. ઘણા ગુજરાતી બુદ્ધિજીવીઓએ મુસ્લિમો પરના હુમલાઓને ન્યાયોચિત ઠેરવ્યા હતા અને બર્બર મુસ્લિમોને સભ્ય બનવાના ઉપદેશો આપવા મેદાને પડયા હતા. ધાર્મિક નેતાઓ અંગે તો જેટલું કહીએ એટલું ઓછું છે. ગરીબો, આદિવાસીઓ અને મહિલાઓના પ્રશ્ને વર્ષોથી કામ કરનાર કેટલીક વ્યક્તિઓ/સંસ્થાઓ દ્વારા બનાવો પર લીપાપોતી કરી હોવાના કિસ્સા પણ બહાર આવ્યા છે. અગ્રણી ઉદ્યોગપતિઓ અને વ્યાવસાયિકોએ મુસ્લિમોના આર્થિક બહિષ્કાર કરવાના વીએચપીના આહ્‌વાનને ટેકો આપ્યો હતો. નિરમા જેવી કંપનીમાં એક પણ મુસ્લિમ જોવા મળતો નથી, તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી.

આમ છતાં, ગુજરાતના આ અંધકાર વચ્ચે આશાનાં કિરણો પણ હતાં. ચુનિભાઇ વૈદ્ય, નારાયણ દેસાઇ અને જગદીશ શાહે ગાંધીજીની ભાવનાને જીવિત રાખી. કિરીટ ભટ્ટ, ઇન્દુકુમાર જાની, રોહિત પ્રજાપતિ, મુકુલ સિંહા, ગિરીશ પટેલ, ગગન શેટ્ટી અને તિસ્તા સેતલવાડ જેવા અનેક નામી-અનામી લોકોએ પોતાના જાનના જોખમે પણ આ અંધકારમય પરિબળો સામે લડત આપી હતી. ડૉ. આઇ.જી.પટેલ, મનુભાઇ પટેલ અને ઝીણાભાઇ દરજી જેવા પ્રતિષ્ઠિત ગુજરાતીઓએ પોતાના સમુદાયના આ ગાંડપણ ઉપર આંસુ સાર્યાં હતાં. તેમની પ્રાયશ્ચિત્તની ભાવના આપણાં હૃદયમાં હંમેશાં જીવંત રહેશે. દેશભરમાં, જાહેર માધ્યમો, સિનિયર વકીલો, ન્યાયાધીશો અને પ્રગતિશીલ પરિબળોએ ગુજરાતની વિવેકબુદ્ધિ પાછી આવે એ માટે પોતાનાથી બનતા બધા પ્રયત્નો કર્યા. ધર્મો-ધર્મો વચ્ચેની એકતાના ઉમદા દર્શન કરાવીને, આપણા ખ્રિસ્તીબંધુઓએ, અને ખાસ કરીને ફાધર સેડ્રિક પ્રકાશે વિશ્વ આખાનું ધ્યાન ગુજરાત તરફ દોરવામાં આગળ પડતી ભૂમિકા ભજવી હતી.

આજે ગુજરાતના મુસ્લિમો ૨૦૦૨ના ભયંકર આઘાતમાંથી ફરી બેઠા થયા છે. ઇશ્વરની કૃપાથી, પોતાના કોચલામાં પાછા ભરાઇ જવાને બદલે, તેઓ બહારી દુનિયા તરફ વળ્યા છે. મુસ્લિમોમાં, ખાસ કરીને છોકરીઓમાં, શિક્ષણનું પ્રમાણ ખાસ્સું વધ્યું છે. અંગ્રેજી, ગણિત અને વિજ્ઞાન જેવા વિષયોમાં ગુણવત્તાવાળું શિક્ષણ મેળવવાની માંગ વધી છે. મુસ્લિમ સમુદાયે હવે અંધારી આલમના ''ગુંડાઓને''ને પોતાના રક્ષક તરીકે જોવાનું બંધ કરી દીધું છે. આપણે આપણાં હિન્દુ ભાઇ-બહેનો સાથે જીવવાનું છે અને તેમની લાગણીને ઠેસ ના પહોંચે તે જોવાનું છે એવી સમજણ ઉત્તરોત્તર વધી રહી છે. આ એક મોટું કદમ છે. વધુમાં, દરિદ્રતામાંથી બહાર નીકળવાના એકમાત્ર રસ્તા તરીકે ઉદ્યોગ-ધંધા દ્વારા સમૃદ્ધિ ઊભી કરવી જોઈએ એવી જાગૃતિ મુસ્લિમોમાં આવી રહી છે.

રાજનૈતિક આગેવાનો તરફ તંદુરસ્ત કટુતા ઊભી થઈ છે. કોંગ્રેસની પોચા હિન્દુત્વની નીતિ સામે વ્યાપક નારાજગી ઊભી થઈ છે. ખાસ કરીને ગુજરાત કોંગ્રેસના આગેવાનોમાં ઘર કરી ગયેલો ખ્યાલ, કે સામે પક્ષે ભગવા ઝંડાધારીઓ હોય ત્યારે મુસ્લિમો પાસે કોંગ્રેસ સિવાય બીજો કોઇ વિકલ્પ નથી, એ એમની દુ:ખતી રગને દબાવે છે. આવી માન્યતાને કારણે કોંગ્રેસે ૨૦૦૨ના અત્યંત ખરાબ સમયે પણ પોતાને મુસ્લિમોના પક્ષધર તરીકે ઓળખાવવાનું ટાળ્યું હતું. કોઈ પણ એક પક્ષની બાંધી મતબેંક તરીકે એમને ન જોવામાં આવે એ મુસ્લિમોના અને ખુદ ગુજરાતના હિતમાં છે. મુસ્લિમોએ રાજકારણને પોતાની તાત્કાલિક સલામતીની નિસ્બતથી આગળ વધીને જોતાં શીખવું પડશે. તેઓ આ દેશનો જ એક ભાગ છે, અને પોતાના જીવનને સ્પર્શતા આર્થિક અને સામાજિક મુદ્દાઓને વધુ અગ્રીમતા આપવી પડશે.

વધુ અગત્યનું એ છે કે મુસ્લિમોએ એ સમજવું પડશે કે ગતિશીલ (dynamic) બિનસાંપ્રદાયિક ભારત સફળ થાય એમાં એમનું સર્વોપરી હિત રહેલું છે. એ જ ભારત તથા આખા વિશ્વમાં ઈસ્લામિક રેનેસાં માટેનું પ્રેરકબળ પૂરું પાડી શકે એમ છે. એકવીસમી સદી એમની છે, જે મુસ્લિમ અને બિન-મુસ્લિમ વિશ્વ વચ્ચેની તિરાડને જોડી શકે. અલ્લાહની કૃપાથી ભારતના મુસ્લિમો આ ઐતિહાસિક ભૂમિકા નિભાવવા માટે યોગ્ય રીતે ગોઠવાયેલા છે. •

# કલિંગનગરમાં પોલીસ ગોળીબાર :
# પીયુસીએલ ઓરિસ્સાનો તપાસ અહેવાલ

*[કલિંગનગરના બનાવોની તલસ્પર્શી તપાસ ઓરિસ્સાના ત્રણ જિલ્લા (ભુવનેશ્વર, કટક અને ધનેકનાલ)ના પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ (પીયુસીએલ)નાં એકમોએ સંયુક્ત રીતે કરેલી અને અહેવાલ બહાર પાડયો છે. 'ખોજ'ના ગયા અંકમાં આપણે આ બનાવની મુખ્ય વિગતો અને એમાંથી ઊભા થતા નીતિવિષયક પ્રશ્નો ચકાસેલા. પીયુસીએલના અહેવાલની વધારાની વિગતો તથા સ્થળાંતર અને પુનર્વસવાટ અંગે ઓરિસ્સાના સંદર્ભમાં તેમણે કરેલાં સૂચનોને અહીં સંક્ષિપ્તમાં સારવીને આપીએ છીએ. -સં.]*

દેશની કુલ પ્રાપ્ય ધાતુઓમાંથી ૬૦ ટકા બોકસાઈટ, ૨૫ ટકા કોલસો, ૯૮ ટકા ક્રોમાઈટ, ૨૮ ટકા લોખંડ (iron ore), ૯૨ ટકા નિકલ (nickel ore), ૨૮ ટકા મેંગેનીઝ વગેરે ધરાવતું હોવા છતાં ઓરિસ્સા અત્યંત ગરીબ અને પછાત રાજ્ય છે. કલિંગનગર વિસ્તાર, રાજ્યના પાટનગર - ભુવનેશ્વરથી ૧૦૦ કિ.મી. દૂર આવેલો છે, અને રાષ્ટ્રીય ધોરી માર્ગને અને પેરાદીપ બંદરને જોડે છે. આ વિસ્તાર પહાડી જંગલ વિસ્તાર છે, અને મુખ્યત્વે હો તથા મુંડા અને સાંથાલ આદિવાસીઓ અને દલિતો અહીંના રહેવાસીઓ છે.

અહીં છેલ્લામાં છેલ્લું જમીનોનું સર્વે સેટલમેન્ટ ૧૯૨૮માં થયેલું. ઓરિસ્સા એસ્ટેટ એબોલિશન એકટ ૧૯૫૧માં પસાર થયા પછી ત્યાંના સુકિન્દાના રાજાનો ગરાસ સરકારમાં નીમ થયો, પણ એ જમીનોનો પેઢીઓથી કબજો ધરાવનાર આદિવાસીઓના એ જમીનો પરના અધિકારો અંકે થયા નહીં. એટલું જ નહીં, ઓરિસ્સા સર્વે એન્ડ સેટલમેન્ટ એકટ ૧૯૫૮ પસાર થયા બાદ પણ આ વિસ્તારમાં કોઈ સર્વે સેટલમેન્ટ થયા નથી.

ઉદ્યોગીકરણ માટે સૌ પ્રથમ ૧૯૯૨ થી ૧૯૯૪ વચ્ચેના સમયગાળામાં મોટા પ્રમાણમાં જમીનો સંપાદન કરવામાં આવી. ત્યારે સ્થાનિક લોકોએ રાજ્યમાં ઉદ્યોગો આવવાની વાતને દિલથી વધાવી લીધી હતી. એમનું માનવું હતું કે નવા નવા ઉદ્યોગો આવવાથી એ વિસ્તારનો વિકાસ થશે, એમને રોજગારી મળશે અને એમનું જીવનધોરણ સુધરશે. તેથી જ્યારે એમની જમીનો સંપાદિત થઈ, ત્યારે એમણે કોઈ ઊંહકારો પણ કર્યા વગર વળતર સ્વીકારી લીધું. ઉદ્યોગો શરૂ થશે ત્યારે એમને નોકરીઓ મળશે, એવાં અધિકારીઓનાં મૌખિક વચનો પર એમણે વિશ્વાસ રાખ્યો. એમનું ખેડાણ અને કબજો ચાલુ હતો. ૧૯૯૭માં પહેલા જૂથને ખસેડવામાં આવ્યું, ત્યારે લોકોએ નોકરીની માંગણી કરી અને એના વગર ખસવાની ના કહી દીધી. લોકોના પ્રશ્નોને સકારાત્મક રીતે લેવાને બદલે પોલીસની મદદથી એમને હટાવવામાં આવ્યા. વળી, લોકોને હેકટર દીઠ રૂા. ૧૫ થી ૩૦ હજારનું વળતર ચૂકવેલું, અને પછીનાં વર્ષોમાં રૂા. ૨૫ હજાર સુધીનું રહેમરાહે ચૂકવણું કરેલું, પણ એ જ જમીનો ઉદ્યોગોને હેકટર દીઠ રૂા. ૩.૫૦ લાખ લઈને આપવામાં આવી. તેથી ધીમે ધીમે લોકોનો સ્થળાંતર સામેનો વિરોધ ચાલુ થયો. ૨૦૦૪માં 'વિસ્થાપન વિરોધી જન મંચ' હેઠળ લોકો સંગઠિત થયા, જેણે કલિંગનગરમાં ઉદ્યોગોની દરેક પ્રવૃત્તિ - જમીનોનો સર્વે, ભૂમિપૂજા, જમીનનું લેવલિંગ, દીવાલ વગેરેનો વિરોધ કરવો શરૂ કર્યો. સામે પક્ષે વહીવટીતંત્રે વાટાઘાટો અને સમજણથી કામ લેવાને બદલે અને ઉદાર પુનર્વસવાટ નીતિ અમલમાં લાવવાને બદલે બળપૂર્વક આ વિરોધ દબાવવાનું ચાલુ કર્યું. પરસ્પરના વૈમનસ્ય અને વિરોધની પરાકાષ્ઠા કલિંગનગરની કરુણાંતિકામાં આવી. વિસ્થાપન વિરોધી જન મંચે વિરોધ ચાલુ રાખ્યો અને સરકારની રહેમરાહની ઓફરને સ્પષ્ટ રીતે નકારી નાખી.

**મુખ્ય તારણો :**

- ૧૯૨૮ બાદ સર્વે સેટલમેન્ટ નહીં કરીને તથા ૧૯૫૧માં પણ કોઈને જ ગણોતના અધિકારો નહીં આપીને, રાજ્ય સરકારોએ સ્થાનિક લોકો અને આદિવાસીઓને જમીન અને આજીવિકાના પાયાના, કાયદેસરના અધિકારોથી વંચિત રાખ્યા છે. અને એટલે જ્યારે ઉદ્યોગીકરણ માટે એમને વિસ્થાપિત કરાઈ રહ્યા છે, ત્યારે વળતર આપવામાંથી પણ તેમને બાકાત રખાયા છે. (વળતર કેટલું અન્યાયી છે એ તો બીજો જ મુદ્દો છે.) જે કાયદેસરના અધિકારો સરકારે એમને બહુ પહેલાં આપી દેવાના હતા એ ન આપીને સરકારે સમાજના સાવ છેવાડેના લોકોની જાણીબૂઝીને ઉપેક્ષા કરી છે. સરકાર આ ભૂલ માટે જવાબદાર છે. પીયુસીએલ એવું પણ માને છે કે લાંબા ગાળાથી અટવાયેલું સેટલમેન્ટ જો સમયસર કરી દેવામાં આવ્યું હોત, તો પરિસ્થિતિ આટલી વણસી ના હોત.

- ખાનગી કંપની દ્વારા જમીન લેવલિંગ કરાવવાના સમયે પોલીસનો

આટલો મોટો કાફલો ખડકી દેવાનું ન કેવળ અનુચિત (unwarranted) છે, બલ્કે એ સ્થાનિક લોકો, ખાસ કરીને આદિવાસીઓ તરફનો સરકારનો ઊંડો પૂર્વગ્રહ છતો કરે છે. જ્યારે કંપની અને સરકાર સામેનો વિરોધ વધતો જતો હતો અને સંગઠિત સ્વરૂપ ધારણ કરતો જતો હતો, ત્યારે અત્યાર સુધી શાંત રહેલા લોકોની સાચુકલી ફરિયાદો પર ધ્યાન દેવાને બદલે, મોટા પાયા પર બળપ્રયોગ કરીને સ્થિતિ આટલી વણસાવવાની સરકારને પક્ષે કોઈ જરૂર નહોતી. પીયુસીએલનું માનવું છે કે જિલ્લા વહીવટી તંત્ર તો ટાટાના ખાનગી સૈન્યની જેમ જ વર્ત્યું હતું, અને તેની વર્તણૂક બિનજરૂરી રીતે ભડકાવનારી હતી.

- ૨ જી જાન્યુઆરીના બનાવને જે રીતે નિપટાવવામાં આવ્યો, એના પરથી લાગ્યા વગર નથી રહેતું કે કાયદો અને વ્યવસ્થાનો પ્રશ્ન બનાવીને સરકારનો ઈરાદો તો આંદોલનકારીઓને પાઠ ભણાવવાનો હતો. પોલીસ ફાયરિંગ વખતે લોકો જ્યારે નાસભાગ કરી રહ્યા હતા, ત્યારે સ્ત્રીઓ અને બાળકોને પણ નહીં છોડીને, પોલીસે લોકોનો મોરાલ તોડી નાખવવાનું જાણે કે ઠાની લીધું હતું એમ લાગે છે.

- શરૂઆતમાં લોકોએ કલિંગનગર ઔદ્યોગિક સંકુલને સકારાત્મક રીતે લીધું હતું, અને એમને આશા હતી કે એને લીધે એમની આર્થિક અને સામાજિક સ્થિતિ સુધરશે. પણ, શાંતિપ્રિય અને કાયદામાં માનતા લોકોને ભાઠે ચડાવાયા, અને જ્યારે એમની આશાઓ પર પાણી ફરી વળ્યું, ત્યારે તેમનામાં કડવાહટ ભરાઇ. પીયુસીએલ માને છે કે લોકોની માંગણી વાજબી છે, પણ સરકાર પક્ષે વાજબીપણું હોય એમ માની શકાય એમ નથી.

- આદિવાસીઓ લગભગ સદી ઉપરાંતથી અહીં રહે છે. શાસકપક્ષના કેટલાક નેતા અને અમુક સ્થાપિત હિતોએ એમ કહેવાનું ચાલુ કર્યું છે કે ''તેઓ બહારના'' છે. (શાસક પક્ષના ભુવનેશ્વરના સાંસદે તો ત્યાં સુધી કહ્યું કે જે લોકો મરી ગયા તેઓ તો 'ઝારખંડના ગુંડાઓ' હતા.) આ તો ઘા પર મીઠું ભભરાવવા જેવું થયું. રાજ્યના બીજા લોકોથી, અસરગ્રસ્ત આદિવાસીઓને જુદા પાડી દેવાનો આ કારસો છે. પીયુસીએલ રાજ્યના લોકોને આવા ખોટા પ્રચારનો ભોગ ના બનવા અપીલ કરે છે અને એ પૂછવા પણ લોકોને અપીલ કરે છે કે ટાટા, બિરલા, જિન્ડાલ, વેદાન્ત અને પોસ્કો, જેમનો એકમાત્ર ઉદ્દેશ પોતાના નફા માટે રાજ્યનાં ખનીજ સંસાધનોનો મોટા પાયે ઉપયોગ કરવાનો છે, તે 'અંદર'ના કેવી રીતે થઈ ગયા અને પેઢીઓથી આ વિસ્તારમાં રહેતા આદિવાસીઓ 'બહાર'ના કેવી રીતે થઈ ગયા ? અને જે મુખ્યમંત્રી રાજ્યની ભાષા પણ બોલી નથી શકતા એ 'અંદર'ના છે ?

- સરકાર દ્વારા એક આક્ષેપ એવો કરવામાં આવી રહ્યો છે કે નકસલવાદીઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓને કારણે લોકોનો વિરોધ ચાલુ ને ચાલુ રહ્યો છે. પીયુસીએલ માને છે કે ખરા પ્રશ્નોને દબાવી દેવા માટે સરકાર આવા મુદ્દા ઊભા કરે છે, અને જ્યારે લોકોના પ્રશ્નો ઉકેલાતા ન હોય, ત્યારે તેઓ એમનો આશરો લે છે. અને કોનો ટેકો લેવો એ નક્કી કરવાનો લોકોને અધિકાર છે.

- ઓરિસ્સાની સરકાર રાજ્યને ઔદ્યોગિક રાજ્ય બનાવવા મથી રહી છે, અને ઉદ્યોગીકરણને રાજ્યની વ્યાપક ગરીબી, બેરોજગારી અને બિનવિકાસના ઉપાય રૂપ માની રહી છે. પણ બીજી બાજુ, વિસ્થાપનના તાકીદના પ્રશ્નો હોવા છતાં સારી પુનર્વસવાટ નીતિની જરૂરિયાતને અવગણી રહી છે.

**એક અપીલ :**

ઓરિસ્સા સરકાર લોકોની આર્થિક-સામાજિક સ્થિતિ સુધારવા માટે દેશી અને વિદેશી ઉદ્યોગ કંપનીઓને ખનીજ-આધારિત ઉદ્યોગો સ્થાપવા માટે નિમંત્રણ આપવાની જલ્દીમાં છે. અને બીજી બાજુ સમાજના સાવ કચડાયેલા સ્થાનિક લોકો, મુખ્યત્વે આદિવાસીઓ અને દલિતો, વિસ્થાપન થવાની અને પોતાની સાવ નજીવી એવી આજીવિકા પણ ઝૂંટવાઈ જવાની બીકને લીધે આ વિકાસ / ઔદ્યોગિક યોજનાઓનો વિરોધ કરી રહ્યા છે. લોકોની ચિંતા હલ કરવાને બદલે કે લોકો સાથે ચર્ચાવિચારણા અને વાટાઘાટોનો માહૌલ ઊભો કરવાને બદલે, સરકાર એને કાયદો અને વ્યવસ્થાનો પ્રશ્ન બનાવીને લાઠી અને ગોળીઓમાં એનો ઉકેલ શોધે છે. પોલીસ અત્યાચારને વાજબી ઠેરવવા માટે 'બહારનાં તત્ત્વો, નકસલવાદીઓ, આત્યંતિકો' વગેરે દ્વારા ચઢામણી થઈ રહી છે એવો ખોટો પ્રચાર કરાઈ રહ્યો છે.

આ પરિપ્રેક્ષ્યમાં, પીયુસીએલ ઓરિસ્સાની સરકારને અપીલ કરે છે કે જ્યાં સુધી લોકોના પ્રશ્નો યોગ્ય રીતે ઊકલે નહીં ત્યાં સુધી બધી ઔદ્યોગિક યોજનાઓ પર રોક લગાવે, તથા 'વિકાસ' ના પ્રશ્ને વ્યાપક ચર્ચા માટેનું વાતાવરણ બનાવે. પીયુસીએલ સિવિલ સોસાયટીને, લોકતાંત્રિક બળોને તથા તમામ નિસબત ધરાવતા લોકોને પણ અપીલ કરે છે કે આવી વાટાઘાટો કરવા માટે સરકાર પર દબાણ લાવે, જેથી કરીને વિકાસના નામે બીજું કલિંગનગર ના સર્જાય. •

# 'કેલો' અને અમેરિકાની સુપ્રીમ કોર્ટ

- તૃપ્તિ પારેખ

ગયા અંકમાં કલિંગનગરના બનાવોની ચર્ચા કરતાં આપણે સવાલ કરેલો કે જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ નીચે 'જાહેર હેતુ' માટે ફરજિયાત જમીન સંપાદનની સત્તા મેળવતી સરકાર ખાનગી કંપની માટે ફરજિયાત જમીન સંપાદન કઈ રીતે કરી શકે ?

મજાની વાત એ છે કે અમેરિકામાં પણ હાલમાં દેશવ્યાપી હંગામો ખડો થયો છે. તે છે 'કેલો વિરુદ્ધ સિટી ઓફ ન્યુ લંડન' કેસમાં યુ.એસ. સુપ્રીમ કોર્ટે જૂન ૨૦૦૫માં આપેલા ચુકાદા પર. આ ચુકાદામાં પાંચ વિરૂદ્ધ ચારના મતથી કોર્ટે જણાવ્યું કે કનેકિટકટ સિટી અને એનું અર્ધસરકારી વિકાસ નિગમ દવાની મહાકાય કંપની ફાઈઝર માટે ખાનગી ઘરો અને ઉદ્યોગો (૧૯૧૮માં જન્મેલ અને એ જ ઘરમાં રહેતી એક વૃદ્ધાના ઘર સહિત)ની મિલકત લઈ શકે છે. ચુકાદો સ્પષ્ટ કરે છે કે સ્થાનિક ટેક્સ વધારવા અને આર્થિક વિકાસને વેગ આપવા માટે ખાનગી માલિકોની મિલકત લઈને અન્ય ખાનગી પાર્ટીને તબદીલ કરવાની રાજ્ય અને સ્થાનિક સરકારોને eminent domainની સત્તા છે. અમેરિકામાં ખાનગી મિલકતનો અધિકાર છે, પરંતુ તે પાંચમા સુધારા (Fifth Amendment)ને આધીન છે. પાંચમા સુધારા મુજબ 'જાહેર ઉપયોગ' માટે જ સ્થાનિક કે રાજ્ય સરકાર 'યોગ્ય વળતર' આપીને ખાનગી મિલકત લઈ શકે. પણ કેલોના કેસમાં ખાનગી ઉપયોગ માટે ખાનગી માલિકીની મિલકતો લેવાનો બહુમતી ચુકાદો કોર્ટે આપ્યો. અને Fifth Amendmentનું ઉલ્લંઘન કર્યું કહેવાય.

બહુમતી ચુકાદા સાથે અસંમત થનાર એક જસ્ટીસ સાન્ડ્રા ડે ઓ'કોનોરે પોતાની અસહમતિ નોંધમાં જણાવ્યું કે 'નાની મોટેલને રિટ્ઝ કાર્લટોનમાં, ઘરને મોટા શોપિંગ મોલમાં કે ખેતરને ફેક્ટરીમાં ફેરવતાં રાજ્યને હવે કોઈ રોકી નહીં શકે'. એમણે જણાવ્યું કે ''પાંચમા સુધારાના takingsના clauseમાંની 'જાહેર ઉપયોગની જોગવાઈને કોર્ટે અસરકારક રીતે ભૂંસી નાખી છે.' એ ચેતવે છે કે 'કેલો' બાદ કોઈ પણ મિલકતને ખાનગી પાર્ટીના લાભ માટે લઈ શકાશે, અને એનાં પરિણામો બધા માટે સરખાં નહીં હોય. લાભાર્થીઓ વધુ રાજકીય સત્તા અને પ્રભાવ ધરાવનારાઓ, તેમજ મોટાં કોર્પોરેશનો અને ડેવલપમેન્ટ ફર્મ હોય એ શકયતા ઘણી મોટી છે. ઓછાં સાધનોવાળા લોકોની મિલકત વધુ સાધનોવાળાના નામે ફેરવવાનું સરકારને હવે લાયસન્સ મળી ગયું છે. બંધારણના ઘડવૈયાઓએ આવા વિકૃત પરિણામની કલ્પના પણ નહીં કરી હોય.

અલબત્ત, અમેરિકાના બે અગ્રગણ્ય વર્તમાનપત્રો - ન્યુયોર્ક ટાઈમ્સે અને વોશિંગટન પોસ્ટે કેલોના ચુકાદાને વધાવ્યો. ન્યુયોર્ક ટાઈમ્સે પોતાના અગ્રલેખ ''The Limits of Property Rights''માં ત્યાં સુધી લખ્યું કે કેલો તો 'જાહેર હિતમાં કામ કરવાની શહેરની શક્તિને સમર્થન આપે છે', અને 'સરકારને તર્કસંગત ઝોનિંગ અને પર્યાવરણીય નિયંત્રણો લાદતાં રોકી રહેલા' 'મિલકતના અધિકારો' ના આંદોલનને અવરોધે છે'. પરંતુ આ બે વર્તમાનપત્રો સિવાયના લગભગ દરેક અગત્યના વર્તમાનપત્ર તેમજ ઈલેક્ટ્રોનિક મીડિયા, રાજ્ય સરકારો, કાયદાવિદો, વકીલો, રીયલ એસ્ટેટ એજન્ટો, અને ખાનગી મિલકત ધરાવનાર નાગરિકો - સૌએ આ ચુકાદાને અત્યંત ઉગ્રપણે વખોડી નાખ્યો.

'કેલો' પહેલાં પણ eminent domain ના વાજબીપણા પર હંમેશાં પ્રશ્નાર્થ લાગેલા જ હતા, પણ હવે એનો દુરુપયોગ વધી જશે એ ભયે એની સામે વિરોધનાં દ્વાર ખોલી નાખ્યાં છે. eminent domain પર મર્યાદા લાવતાં બીલો કોંગ્રેસનાં બંને ગૃહોમાં તેમજ લગભગ ૩૦ રાજ્યોનાં ધારાગૃહોમાં આવી રહ્યાં છે. મજાની વાત તો એ છે કે કેલિફોર્નિયાના અત્યંત ડાબેરી ડેમોક્રેટ કોંગ્રસમેનથી માંડીને એકદમ જમણેરી રિપબ્લિકન કોંગ્રેસમેને એમાં હાથ મિલાવ્યા છે.

ટેક્ષાસના રિપબ્લિકન સેનેટર જહોન કોર્નીને સેનેટમાં Protection of Homes, Small Business and Private Property Act of 2005નું બીલ દાખલ કર્યું છે. એ યુનિવર્સિટી ઓફ શિકાગોના પ્રોફેસર રિચાર્ડ એપસ્ટેઈનની કેટો ઈન્સ્ટિટ્યુટની એક નોંધને ટાંકે છે. ૧૭૮૯માં 'કાલ્ડર વિરુદ્ધ બુલ'ના કેસમાં સુપ્રીમ કોર્ટે હંમેશાં માનેલું કે સર્વસત્તા (sovereign) કોઈ એક વ્યક્તિની મિલકત, બીજી વ્યક્તિના નામે તબદીલ કરવાના એકમાત્ર હેતુ માટે લઈ જ ન શકે. પાંચમો સુધારો eminent domainની સત્તાને જાહેર ઉપયોગ પૂરતી નિયંત્રિત રાખે છે. સરકાર દ્વારા જપ્તી કે બિનજરૂરી હસ્તક્ષેપ સામે ઘરો, નાના ઉદ્યોગો અને ખાનગી મિલકતનું રક્ષણ એ દેશના ઘડવૈયાઓને મન કેન્દ્રસ્થાને રહેલો સિદ્ધાંત હતો. થોમસ જેફરસને ૧૮૧૬માં તો કહેલું કે આ અધિકારો એ યુનિયનનો પહેલો સિદ્ધાંત છે, અને દરેકને ઉદ્યમ કરવાની અને એનાં ફળો ભોગવવાની સ્વતંત્રતા છે.

કેટો સંસ્થાના રોજર પીલોનના મતે સુપ્રીમ કોર્ટનું ખાનગી મિલકત પરનું આ આધુનિક અર્થઘટન અત્યંત અતાર્કિક છે. બંધારણના મુખ્ય ઘડવૈયા મેડિસનનું માનવું હતું કે સરકારનું મુખ્ય કામ મિલકતનું રક્ષણ કરવાનું છે, જેમાં મિલકતનો અર્થ જહોન લોકે કરેલો એવો 'જિંદગી, સ્વતંત્રતા અને એસ્ટેટ' એવો થાય. મિલકતનું રક્ષણ કરવાને બદલે સરકાર એની સામેનું મોટું જોખમ બની ગઈ છે. મેડિસને કહેલું તેમ લેજિસ્લેટીવ અને એક્ઝીક્યુટીવ બ્રાન્ચ પોતાની સત્તા વધારે એની સામેનો અભેદ્ય આડબંધ ન્યાયતંત્ર જ છે. વક્રતા એ છે કે સુપ્રીમ કોર્ટ જ સરકારની આ સત્તાને બઢાવો આપી રહી છે ! •

# મારે ન્યાય વ્યવસ્થા બદલવી છે

*- કિરીટ પાનવાલા*

*[છ વર્ષ પહેલાં જેસિકા લાલની દેશની રાજધાનીમાં લગભગ સો થી પણ વધુ ભદ્રવર્ગની, ઉચ્ચ શિક્ષણ અને ઊંચા મોભા ધરાવતી વ્યક્તિઓની નજર સામે પોઈન્ટ બ્લેંક હત્યા થઈ. એના વગદાર આરોપીને નિર્દોષ છોડી મૂક્તો ચુકાદો હાલમાં જ આવ્યો. દેશ આખો પહેલાં તો સ્તબ્ધ થઈ ગયો, પણ તુરંત એ સ્તબ્ધતા આક્રોશમાં ફેરવાઈ ગઈ. મિડિયા અને હજારો જાગૃત લોકોએ એ ચુકાદા પર ધૂળ ના ચડવા દીધી. દિલ્હી પોલીસે ફરીથી કેસ દાખલ કરવો પડયો. અલબત્ત, દેશમાં રોજના આવા તો સેંકડો-હજારો કેસોમાં લોકોને ન્યાય મળતો નથી. લોકો ન્યાયતંત્ર પર શ્રદ્ધા ગુમાવી રહ્યા છે. જેસિકા લાલ કે ઝાહીરા શેખ જેવા પ્રખ્યાત અને બહુચર્ચિત કેસ ન્યાય વ્યવસ્થાના સુધારાનું નિમિત્ત કાં ન બને ? સુપ્રીમ કોર્ટના એક નિવૃત્ત ચીફ જસ્ટિસ સહિત ઘણા વિદ્વાન કાયદાવિદોના આપણી ન્યાય વ્યવસ્થામાં સુધારા સૂચવતા લેખો આવી રહ્યા છે. પણ ધરાતલની વાસ્તવિકતા સાથે એનો મેળ કેટલો એ સવાલ સતાવ્યા કરે છે. એ જ આરસામાં સુરતના બાહોશ વકીલ શ્રી કિરીટભાઈ પાનવાલા સાથે આ અંગે વાત થઈ. આમ તો વર્ષોથી ન્યાય વ્યવસ્થામાં સુધારાનો પ્રશ્ન કોઈને કોઈ સ્વરૂપે એમની સાથે ચર્ચાયા કરતો હતો. આટલાં વર્ષોના અનુભવના નીચોડ રૂપ ન્યાય વ્યવસ્થામાં બદલાવ - સુધારા અંગે 'ખોજ'માં લખવાનું અમારું ઈજન એમણે સહર્ષ સ્વીકાર્યું એનો આનંદ છે. આ અંકથી આ લેખમાળા શરૂ કરીએ છીએ. - સં]*

હાલમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણી એપ્રિલમાં આવી રહી છે. મેં એમાં ઉમેદવારી કરી છે. ઉમેદવારી ફોર્મ ભર્યું ત્યારે તેમાં સનદની તારીખ લખવાની હતી. તે વખતે તારીખ જોઈ - ૦૭/૦૯/૧૯૭૬. તુરત જ એ વાતનો અહેસાસ થયો કે, હું વકીલાતનાં ૩૦ વર્ષ પૂરાં કરવાના આરે છું.

આમ જોવા જઈએ તો, વકીલ બનવાનું મેં સ્વપ્નમાં પણ વિચાર્યું ન હતું. સ્કૂલ-કોલેજોના દિવસોમાં જે પહેલી ધારનું સ્વપ્ન હતું, તે ગાંધીના રંગે રંગાયું હતું. એ સ્વપ્ન તો અત્યાર સુધીમાં સાવ ફૂસ થઈ ગયું ! તે દિવસોમાં ફિલ્મ અને સાહિત્ય પણ મારા રસના વિષયો હતા. તે ક્ષેત્રોમાં સર્જન કરવાની ખાસ્સી લગની હતી. ફિલ્મ માટે તો એટલી બધી ઘેલછા હતી કે, કાચી ઉંમરે ઘરે કહ્યા વગર દોસ્તો સાથે મુંબઈ જતો રહ્યો હતો. ફિલ્મ ઘડતરની ઝલક મેળવવા માટે સ્ટુડિયોમાં આંટાફેરા કરવામાં કશુંય બાકી રાખ્યું ન હતું. વર્ષો પછી વકીલાતના વ્યવસાય વચ્ચે અને સમય, નાણાં, અનુભવ વગેરેની મર્યાદા વચ્ચે 'નર્મદા ' ફિલ્મ બનાવીને જ જંપ્યો. એમાં બાળપણનાં સપનાંને સાકાર કરવાનો અધકચરો પ્રયાસ હતો. સાહિત્યની લગની પણ એવી જ હતી. એસએસસી બોર્ડમાં નંબર આવ્યો હતો, છતાં આર્ટસ કોલેજમાં લગભગ એડમીશન લઈ લીધેલું, પણ તે જમાનામાં ઝળહળતી શૈક્ષણિક કારકિર્દી ધરાવનાર માટે તો ફક્ત મેડિકલ લાઈન જ હતી. મારે પરાણે સાયન્સ કોલેજમાં દાખલ થવું પડ્યું. પછી તો ભણવામાંથી સાવ રસ જ ઊડી ગયો. ન હું ડોકટર થઈ શકયો, ન શૈક્ષણિક કારકિર્દીનું જતન કરી શકયો. બીએસસી સુધીમાં તો કારકિર્દી સાવ તળિયે બેસી ગયેલી. ત્યાર પછી અનાયાસે લો જોઈન કર્યું. એ ચેન્જ મને ફળ્યો. ગમે તેમ પણ સાયન્સ લાઈન કરતાં તો વધારે ગમતી લાઈન હતી. હું અભ્યાસ તરફ વળ્યો. શૈક્ષણિક કારકિર્દીનો ગ્રાફ ઊંચો જવા લાગ્યો, જિંદગી ફરી જીવવા જેવી લાગી. સનદ મળ્યા પછી વકીલ તરીકેના વ્યવસાયમાં એવો તો ખૂંપી ગયો કે પાછું વળીને જોયું નહીં. જોતજોતામાં ૩૦ વર્ષ પૂરાં થઇ ગયાં !

વકીલાતે મને ઘણું આપ્યું છે. સૌથી પહેલાં એણે મારી જિંદગીની ડૂબતી નૈયાને સ્થિર કરી આપી. વકીલાતે મને નામ અને દામ બંને આપ્યાં. જો કે મારે મન આ બંનેનું એટલું મહત્ત્વ ન હતું, પણ જિંદગીમાં કટોકટીના એક તબક્કે આ બંને મારી વ્હારે ધાયાં. મારી ફિલ્મ 'નર્મદા'ને એવોર્ડો તો મળ્યા હતા, પણ બોક્સ ઓફિસ પર પિટાઈ ગઈ હતી. વકીલાતે મને નાણાંકીય કટોકટીમાંથી ઉગાર્યો. સાહિત્ય-સર્જનનું મારું સ્વપ્ન પણ વકીલાતમાંથી જ સાકાર થયું. વકીલાતના અનુભવો પર આધારિત પુસ્તક લખ્યું - ''અસત્યો માંહેથી''. ખાસ્સું પ્રસિદ્ધ થયું.

પણ આ બધાં કરતાં વકીલાતે મારા પર જે સૌથી મોટો ઉપકાર કર્યો છે, તે એ છે કે, તેણે મને લોકોને નિકટથી પિછાણવાની તક આપી છે. ન્યાયને, ન્યાય વ્યવસ્થાને સાવ નજીકથી નિહાળવાનો મોકો આપ્યો છે. કાયદા સાથે અને કાયદા કરતાં ય હકીકતો સાથે દિલ્લગી કરવાની તક આપી છે. કાયદા પરની મારી પકડ જોતાં મારે હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટ શીફટ થવું જોઈએ, તેવી ઘણા મિત્રો સલાહ આપે છે. ૧૯૮૫-૮૬ના

અરસામાં હાઈકોર્ટ શીફ્ટ થવાનો એકાદ પ્રયત્ન કરી પણ જોયો, પરંતુ તેમાં મઝા પડી નહીં. એપેલેટ કોર્ટમાં કાગળો પરથી દલીલો થાય છે; કાગળો પરથી ન્યાય થાય છે. હકીકતો કરતાં કાયદાને જ વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે. હું મુખ્યત્વે હકીકતોનો માણસ છું, એટલે આખરે તો હું ઓરીજીનલ જ્યુરીસડીકશનની કોર્ટોનો વકીલ બની રહ્યો. પણ મને એ વાતનો ગર્વ છે. નીચલી કોર્ટોમાં મને કાગળો કરતાં માણસો વચ્ચે રહેવાનું વધુ મળ્યું છે. લોકોનાં દુઃખ-દર્દ, સત્ય-અસત્યના કિસ્સાઓ, ન્યાય-અન્યાય-બધું રોજ રોજ પ્રત્યક્ષ જોઈએ છીએ, અનુભવીએ છીએ. કાયદો ખરેખર કાયદો હોતો જ નથી. પણ વ્યવહારમાં અમલમાં આવતી વાસ્તવિકતા જ કાયદો બને છે. એ 'Law In Action' છે. જ્યુરીસ્પ્રુડન્સમાં 'Realistic School of Law' છે. એ માને છે કે, વાસ્તવમાં જજો દ્વારા જે ન્યાય થાય છે, તે ખરેખરો કાયદો બની જાય છે. મારા અનુભવે મને આ વાત સાચી લાગી છે. અને એટલે જ વાસ્તવમાં કાયદો ન્યાય કરે છે કે નહીં, તેની સૌથી વિશેષ જાણકારી નીચેની કોર્ટના વકીલો, જજોને જ હોઈ શકે, પરંતુ આપણી કમનસીબી છે કે, કાગળો પરથી કાયદા બનાવવામાં આવે છે અથવા તો કાગળો પરથી વકીલાત, ન્યાય કરનારને પૂછીને કાયદા બનાવવામાં આવે છે. નીચલી કોર્ટની ન્યાય-વ્યવસ્થા સાથે સંકળાયેલાઓને ભાગ્યે જ કશું પૂછવામાં આવે છે. એમને શીખવવામાં આવે છે. સેમિનાર, વર્કશોપ, કોન્ફરન્સમાં એમને કાયદાની સમજ આપવામાં આવે છે. તે સમજ પ્રમાણે નીચલી કોર્ટોમાં તેઓ વર્તે, તેવી અપેક્ષા સેવવામાં આવે છે. તેમની પાસેથી કશું શીખવાનું હોય તેવું તો ભાગ્યે જ કોઈ માને છે. કાયદાના ઘડતરમાં કે ન્યાય વ્યવસ્થાની અસરકારકતા સમજવામાં તેમનો કોઈ સાથ, સહકાર લેવામાં આવતો નથી. ઉપર બેઠેલાઓની આ ઉદાસીનતા ખરેખર ખેદજનક છે. મારી દૃષ્ટિએ કાયદો કેવો હોવો જોઈએ, ન્યાય વ્યવસ્થા કેવી હોવી જોઈએ, આ વ્યવસ્થા ખરેખર ન્યાય કરે છે કે કેમ, તેની અસરકારકતા કેટલી છે - આ બધી બાબતોના અમે નીચલી કોર્ટનાં કામો સાથે સંકળાયેલાઓ શ્રેષ્ઠ સાક્ષીઓ છીએ. કાયદો બનાવવાની પ્રક્રિયામાં અમારી રજૂઆતો ધ્યાને લેવામાં આવે તો ઘણો મોટો ફરક પડી શકે તેમ છે. કમનસીબ વાત એ છે કે, કાયદો ઘડવાની પ્રક્રિયાની આ ટ્રાયલમાં, અમને ગવાહી-જુબાની આપવા દેવાની કોઈ તક આપવામાં આવતી નથી.

આ લેખમાળામાં આ ગવાહી-જુબાની આપવાની તક ઝડપી લેવી છે.

સૌથી પહેલાં એ સમજવાની જરૂર છે કે, નીચલી કોર્ટો ન્યાય વ્યવસ્થાનાં ૯૦ ટકા કામોનું ભારણ પોતાનાં શિરે ઉપાડે છે. આ નીચલી કોર્ટોમાં હું ડીસ્ટ્રીકટ અને સેશન્સ કોર્ટ તથા ફાસ્ટ ટ્રેક કોર્ટોને પણ સમાવી દઉં છું. એટલા માટે કે, કંઈક અંશે તેમને એપેલેટ જ્યુરીસડીકશન છે, પણ મોટા ભાગે તે કોર્ટો પણ ઓરીજીનલ જ્યુરીસડીકશનની કોર્ટો છે. એટલું જ નહીં પણ તેઓ ફર્સ્ટ અપીલ, રીવીઝન વગેરે સાંભળતી હોય છે, એટલે તે ફોરમોનો લોકો લાભ લઈ શકે છે. એટલે અહીં સુધીની વકીલાત કરનારાઓને લોકો સાથે ગાઢ સંપર્ક હોય છે. મોટાભાગના લોકો માટે સોલા મુકામે આવેલ ગુજરાત હાઈકોર્ટ કે દિલ્હીની સુપ્રીમ કોર્ટ બહુ દૂર છે. તે કોર્ટના દરવાજા ખટખટાવવા મોટા ભાગનાઓ માટે સ્વપ્નવત્ છે. નિર્વિવાદપણે નીચલી કોર્ટોમાં મેજિસ્ટ્રેરીયલ અને સિનિયર ડીવીઝન તથા જુનિયર ડીવીઝન કોર્ટો અને મેટ્રોપોલીટન કોર્ટોનો સમાવેશ થઈ જાય. આ કોર્ટો દીવાની તથા ફોજદારી કેસો ચલાવે છે.

આ તમામ કોર્ટોની આજે શું પરિસ્થિતિ છે? મારી ગવાહી એ છે કે, આ કોર્ટોમાં ન્યાય વ્યવસ્થા સદંતર તૂટી પડી છે. અહીં ન્યાયતંત્ર અન્યાયતંત્ર બની રહ્યું છે. એકાદ જેસિકા ખૂનકેસ બને છે અને રાષ્ટ્રીય સ્તર પર આ હકીકત ફોકસમાં આવે છે. એકાદ ઝાહીરા શેખનો કિસ્સો થાય છે, ત્યારે કોર્ટો રૂબરૂ કેટલી હદ સુધી જુઠ્ઠાણું બોલી શકાય છે, તેના વિશે સુપ્રીમ કોર્ટ સુધ્ધાં આઘાત પામે છે. એકાદ સર્વે જ્યારે એ હકીકત પ્રકાશમાં લાવે છે કે, ભ્રષ્ટાચાર સંબંધે આપણું ન્યાયતંત્ર બીજો નંબર ધરાવે છે, ત્યારે આપણી આંખ ખૂલે છે અને સરકાર નેશનલ જયુડીશીયલ કમિશનનો કાયદો ઘડવા ચક્રો ગતિમાન કરે છે. આ રીતે પણ ઉપરવાળાઓને બધી જાણ થાય. પણ હું કહેવા માંગું છું કે, નીચલી કોર્ટોના અમારા જેવા વકીલોને જો પૂછયું હોત, તો ક્યારનું આ બધું ઉપરવાળાઓના ધ્યાનમાં આવી ગયું હોત. અને આ બધું જે એમને દેખાયું છે, તે તો જાણે હિમશીલાની ટોચ સમાન છે. ઘણું બધું તો તળે ધરબાયેલું છે. ન્યાય વ્યવસ્થા ફારસરૂપ બની ગઈ છે. આના કરતાં પ્રાચીન ભારતમાં જે ન્યાય વ્યવસ્થા હતી, તે શું ખોટી હતી ? તે ન્યાય વ્યવસ્થામાં નસીબના આધારે ન્યાય થતો. 'Trial by ordeal' અમલમાં હતી. પોતાને નિર્દોષ સાબિત કરવું હોય તો આગમાંથી પસાર થવું પડતું અથવા પોતાના વજન જેટલી વજનની ચીજવસ્તુઓ ત્રાજવાના એક પલ્લામાં મૂકી બીજા પલ્લામાં બેસી, તે પલ્લાને વજનવાળા પલ્લા કરતાં વધુ નીચે નમાવવું પડતું. આવા તો ઘણા પ્રકારનાં ઓર્ડીયલ હતાં. બધામાં નસીબથી ન્યાય થતો. આજની વ્યવસ્થામાં પણ મોટાભાગે નસીબ જ ન્યાય કરે છે. મારી પાસે ઘણા એવા લોકો આવે છે, જે કહે છે કે અમે તો નિર્દોષ જ છીએ. અમને કાંઈ થવાનું નથી. મારે એમને કહેવું પડે છે કે, એવા ભ્રમમાં ના રહેશો. જુઠ્ઠી ગવાહીથી માંડીને અનેક એવાં પરિબળો અહીં કામ કરે છે કે જે નિર્દોષને દોષિત ઠરાવી શકે છે, જ્યારે ૧૦૦ ટકા દોષિત હોય તે અહીં આસાનીથી છૂટી જઈ શકે છે. તેવો જ એક કેસ મેં હમણાં ચલાવ્યો. હકીકતો કદાચ જેસિકા ખૂન

જેવી જ. થિયેટરમાં શોના સમયે હત્યારાઓ બિન્દાસ પણે લોકોની વચ્ચેથી રિવોલ્વર સાથે થિયેટરમાં મેનેજરની કેબિનમાં દાખલ થઈને, કેબિનમાં બેઠેલાઓની વચ્ચે વીકટીમનું ખૂન કરે છે. સાક્ષીઓએ ખરેખર જોયું હતું, તે પ્રમાણે જુબાની આપવા પહેલાં તૈયારી કરી ચૂકયા હતા, પરંતુ આ હત્યારાઓ આંતરરાષ્ટ્રીય ટોળકીના હતા. ટ્રાયલના દિવસે જ મલેશિયાથી એક ફોન આવ્યો અને સાક્ષીઓનાં હાંજાં ગગડી ગયાં. કોઈ સાક્ષી બોલ્યું જ નહી. સહેલાઈથી આરોપીઓ છૂટી ગયા. સાક્ષીઓ પણ બિચારા શું કરે ? સુપ્રીમ કોર્ટે એક કેસમાં જણાવ્યું છે કે, આજકાલ ફોજદારી કેસો પણ પક્ષકારો વચ્ચેની દીવાની બાબત બની ગઈ છે. એટલે તટસ્થ સાહેદો ભાગ્યે જ જુબાની આપવા આવતા હોય છે. જેમને બંને પક્ષકાર પૈકી કોઈ સાથે સંબંધ નથી તેઓ, સ્ટેટ એટલે કે રાજ્ય માટે જુબાની આપવા આવે, એ હવે બનતું નથી. હજારો સાક્ષીઓ રોજના ફૂટી જાય છે, જે બાબતે ભાગ્યે જ કોઈ સંવેદનશીલતા દાખવવામાં આવે છે. માલીમથ કમિટી જેવી કેટલીક કમિટી ઓછો પુરાવો હોય તો પણ સજા કરવી તેવી ભલામણ કરે છે. પ્રવર્તમાન કાયદા પ્રમાણે ફોજદારી કેસમાં ૧૦૦ ટકા પુરાવો જોઈએ, દીવાની કેસમાં ૫૦ ટકા. માલીમથ કમિટી એવું સૂચન કરે છે કે, ફોજદારી કેસમાં ૭૫ ટકા પુરાવો હોય તો પણ સજા કરવી. આ કોઈ ઈલાજ નથી. સાક્ષીઓ નહી મળે, એટલે ગમે તેટલા પુરાવાએ સજા કરી દેવી, તે બાબત અતિશય જોખમી છે અને કાઉન્ટર પ્રોડકટીવ બની શકે તેમ છે. બીજી બાજુ બને છે એવું કે, સાવ ખોટો કેસ હોય અને પોલીસે કાગળ પર જ કેસ બનાવ્યો હોય, પરંતુ સાક્ષીઓ આ કાગળ પરની જ ખોટી સ્ટોરીને કોર્ટમાં સમર્થન આપી જાય. કોર્ટો પણ એમ માનીને સજા કરી દે કે, જ્યારે સાક્ષીઓ ભાગ્યે જ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપવા આવતા હોય, ત્યારે એકાદ બકરો આવે તેને હલાલ કરી દેવો. એક નિર્દોષ માણસ એ રીતે જુઠ્ઠી ગવાહીના પાપે વધેરાઈ જાય છે. ધર્મ અને ભગવાન પરની આસ્થા પ્રાચીન ન્યાય વ્યવસ્થાના પાયામાં હતી. ધર્મ અને ભગવાનને ઓળખીને લોકો ખરી હકીકત જણાવતા હતા. ભૂલેચૂકે જુઠ્ઠી ગવાહી આપનારને દંડ કરવામાં આવતો. આજની સ્થિતિ એ છે કે રોજ હજારો લોકો જુઠ્ઠી જુબાની આપે છે, તેમ છતાં ઝાહીરા શેખ જેવા એકાદ અપવાદરૂપ કેસને બાદ કરતાં ભાગ્યે જ કોઈને સજા થાય છે. અરે, જુઠ્ઠી જુબાની આપવા સંબંધે કોઈના પર કેસ ચાલ્યા હોય, તેવા કિસ્સાઓ પણ ઓછા છે. જુબાનીમાં પ્લીડીગમાં ગમે તેટલું ખોટું કહી શકાય છે -''એ વાત ખરી નથી'' એ આપણા દેશમાં પ્રતિવાદીનો કે આરોપીનો સ્ટોક બચાવ છે. અમારા જેવા વકીલો તેવા બચાવની લ્હાયમાં ગમે તે હદ સુધી જઈ શકે છે. અમારા એક કેસમાં એક પતિએ પત્નીને સાત સાત બાળકો સાથે કાઢી મૂકેલી. બાઈએ પોતાના માટે અને છોકરાં માટે ખોરાકી અરજી કરી. કાયદા પ્રમાણે બાળકોની ખોરાકી આપવી જ પડે. પેલાએ વકીલની સલાહથી ગલી કાઢી. એવો બચાવ લીધો કે, આ સાત બાળકો તેનાં છે જ નહી. ઈલ્લેજીટીમેટ ચાઈલ્ડને પણ ખોરાકી મળે એવો કાયદો છે. એટલે એ ભાઈએ ત્યાં સુધી બચાવ લીધો કે, તેનાથી છોકરાં થયાં જ નથી, બીજાથી થયાં હશે. સાત સાત બાળકો થયા પછી પેલી બાઈએ આ બાળકોનો બાપ સામાવાળો જ છે, તે પુરવાર કરવા મથવું પડેલું.

મને તે ભાઈ કે એના વકીલ સામે કોઈ વાંધો નથી. વાંધો ન્યાય વ્યવસ્થા સામે છે કે, જે આવા બચાવો લેવા દઈ શકે છે. અમેરિકા જેવા દેશની ન્યાય વ્યવસ્થા એટલી સાબૂત છે કે, જેમાં બીલ કિલન્ટન જેવા રાષ્ટ્રના પ્રમુખે પણ મોનિકા લેવેન્સકી સાથેના સંબંધોનો સ્વીકાર કરવો પડે છે. તેઓ એમ કહી શકતા નથી કે, સંબંધો હોવાની વાત ખોટી છે. આપણે ત્યાં બચાવ જુઠ્ઠો લઈ શકાય છે, કારણ કે બચાવ જુઠ્ઠો સાબિત થાય તો પણ કાંઈ થતું નથી. કાયદા મુજબ ખોટો બચાવ લેવો કે ખોટી જુબાની આપવી એ ગુનો છે; પણ વ્યવહારમાં એ કાયદાનો કોઈ અમલ થતો નથી. આપણી ન્યાય વ્યવસ્થા બોડી બામણીનું ખેતર છે. અહીં તમે ગમે તે કરી શકો છો. ગમે તેટલું ખોટું બોલી શકો છો, પુરાવા સાથે ચેડાં કરી શકો છો, ખોટો પુરાવો રજૂ કરી શકો છો, ન્યાયને તમારા પક્ષમાં લાવવા માટે જજોને ફોડવા સુધીના તમામ રસ્તા બેરોકટોક અજમાવી શકો છો. આ આપણી ન્યાય વ્યવસ્થા છે, આ આપણી સિસ્ટમ છે. અમે વકીલો એ સિસ્ટમના ભાગ છીએ. સિસ્ટમને બગાડવામાં અમારો ય ફાળો છે. સફળ વકીલ તરીકે મારો ફાળો વધારે. સિસ્ટમને બગાડયા સિવાય સફળ થવું મુશ્કેલ છે. સીધી નહિ તો આડકતરી રીતે અમે ભ્રષ્ટાચારને પોષ્યો છે. છેલ્લાં વર્ષોમાં પરિસ્થિતિ એટલે હદે વણસી છે કે, સત્ય અને ન્યાયનો એકડો ન્યાય વ્યવસ્થામાંથી નીકળી ગયો છે. પ્રામાણિકતાથી વકીલાત કરવી મુશ્કેલ બની ગયું છે, પણ મારે પ્રામાણિકતાથી વકીલાત કરવી છે. હજુ ય અંતરમાં એવી શ્રદ્ધાનો દીવડો ઝળહળે છે કે હું તેમ કરી શકીશ. જો આ ન્યાય વ્યવસ્થામાં એ શકય ન હોય તો આ ન્યાય વ્યવસ્થાએ જવું જોઈએ. જો મેજર સર્જરીની જરૂર હોય તો તે થવી જોઈએ. એક એવી ન્યાય વ્યવસ્થાનું નિર્માણ થવું જોઈએ કે જેમાં હું પ્રામાણિકતાથી વકીલાત કરી શકું. એવી ન્યાય વ્યવસ્થા સત્ય અને ન્યાયની વધુ નિકટ હોવાની. એમાં મારો સ્વાર્થ પણ સધાય તેમ છે અને બાકીના લોકોને પણ ફાયદો થાય તેમ છે. એવી ન્યાય વ્યવસ્થાના નિર્માણની પ્રક્રિયામાં હું મારા પહેલી ધારના સ્વપ્નની ઝલક જોઉં છું. એવી ન્યાય વ્યવસ્થાના સર્જનમાં, મારી સર્જનની અભિલાષા પણ પૂરી થાય. વકીલાતે મને ઘણું આપ્યું છે, હવે હું વકીલાતને કશું આપવા માંગું છું.

હા, મારે ન્યાય વ્યવસ્થા બદલવી છે. •

# સૌરાષ્ટ્રનું જળસંચય અભિયાન શું નર્યું ગાંડપણ છે?

*- અંબરીષ મહેતા*

ગુજરાતમાં પાણી પ્રશ્ને ભારે ઊથલપાથલો ચાલી રહી છે, એ તો આપણે સૌ જાણીએ છીએ. પાણીને લગતી એવી ભાગ્યે જ કોઈ સમસ્યા હશે જે રાજ્યના એક યા બીજા ભાગમાં જોવા નહીં મળતી હોય - પાણીની કાયમી અછત અને દુષ્કાળની સમસ્યા હોય, કે ભૂગર્ભજળના દોહનની સમસ્યા હોય કે અતિવર્ષા અને પૂરની સમસ્યા હોય, નહેરોના કમાન્ડ વિસ્તારોમાં થતા પાણીના ભરાવા (વોટરલોગીંગ) અને પરિણામે વધતી ખારાશની સમસ્યા હોય, દરિયાકાંઠાના વિસ્તારોમાં કૂવાઓમાં દરિયાનાં ખારાં પાણી ઘૂસી જવાની (સેલિનીટી ઈન્ટ્રુઝન) સમસ્યા હોય, શહેરો અને ઉદ્યોગોનાં ગંદાં પાણી નદીઓમાં ઠલવવાને કારણે થતા પાણીના પ્રદૂષણની સમસ્યા હોય કે પીવાના પાણીમાં ફ્લોરાઈડ કે નાઈટ્રેટ જેવા પ્રદૂષકોના વધતા પ્રમાણની સમસ્યા હોય કે પછી રખરખાઉનો ખર્ચ પણ કાઢી નહીં શકતી શહેરો અને ગામડાઓની ખાડે ગયેલી પાણી પુરવઠા યોજનાઓ કે નહેરોની સિંચાઈ યોજનાઓની સમસ્યા હોય - આ તમામ સમસ્યાઓ રાજ્યના કોઈ ને કોઈ ભાગમાં જોવા મળે છે.

પરંતુ આની સાથે જ આ સમસ્યાઓના ઉકેલ માટે ગુજરાતમાં વ્યાપક સ્તરે જે ચહલપહલ જોવા મળે છે તેવી ચહલપહલ પણ ભાગ્યે જ દેશના બીજા કોઈ રાજ્યમાં જોવા મળતી હશે. તેમાંયે સૌથી અગત્યની વાત તો એ છે કે એ માટે માત્ર સરકાર તરફ જ મીટ માંડીને બેસી રહેવાને બદલે રાજ્યના લોકો જાતે જ - ખેડૂતો, સ્વૈચ્છિક સંસ્થાઓ, ધાર્મિક સંગઠનો, ઉદ્યોગો, શહેરીજનો - આ સમસ્યાઓનો ઉકેલ શોધવાને મંડી પડ્યા છે. ખાસ કરીને પાણીની કાયમી અછતથી પીડાતા સૌરાષ્ટ્ર અને કચ્છના લોકો. આણંદની ઈન્ટરનેશનલ વૉટર મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટના (IWMI) તુષાર શાહે નોંધ્યું છે તેમ દુનિયામાં ભાગ્યે જ એવો કોઈ પ્રદેશ હશે જ્યાં પાણી આટલા વ્યાપક સ્તર પર બધા લોકોની સહિયારી નિસબતનો વિષય બની ગયો હોય!

સૌરાષ્ટ્ર અને કચ્છમાં તો છેલ્લા દોઢ દાયકાથી વરસાદનું પાણી ઝીલી લઈને ભૂગર્ભમાં ઉતારી દેવાનું વ્યાપક લોક અભિયાન જ ચાલી રહ્યું છે, જે હજીયે ધીમું પડવાનું નામ નથી લેતું. ખેડૂતો, તેમજ ગામડાં અને શહેરોના અન્ય નિવાસીઓ, સામાજિક કાર્યકરો, કર્મશીલો, સ્વૈચ્છિક સંસ્થાઓ / સંગઠનો, ગામડાંનાં સ્થાનિક સામુદાયિક સંગઠનો, ધાર્મિક સંગઠનો, પંચાયતો, નગરપાલિકાઓ, ઉદ્યોગો વગેરે તમામ જાણે કે એક જ કામ પાછળ આદુ ખાઈને મંડી પડ્યા છે - ઘર, કંપાઉન્ડ, ખેતર, સીમ કે ગામમાં પડતા વરસાદનું પાણી ઝીલીને ભૂગર્ભમાં ઉતારી દેવું, જેથી જરૂર પડે ત્યારે એ પીવા તેમજ સિંચાઈ માટે વાપરી શકાય. 'ઘરનું પાણી ઘરમાં, ખેતરનું પાણી ખેતરમાં, સીમનું પાણી સીમમાં અને ગામનું પાણી ગામમાં' એ આ અભિયાનનું મુખ્ય સૂત્ર બની ગયું છે. અને તમામ લોકો જાણે કે પાણીના 'ઉઘાડપગા' નિષ્ણાતો બની ગયા છે અને હંમેશાં હજીયે વધારે પાણી રોકીને નીચે ઉતારી શકાય એવી નવી નવી જગ્યાઓ અને રીતો શોધવાની જ ફિરાકમાં હોય છે.

ગુજરાતના વાચકો તો સૌરાષ્ટ્ર અને કચ્છના લોકોના આ જળસંચય અભિયાનથી સુપેરે પરિચિત છે. પરંતુ એક બાબત જે ઘણાના ધ્યાનમાં નથી આવી તે એ છે કે પાણીના મોટાભાગના નિષ્ણાતો - એન્જિનિયરો, હાઈડ્રોલોજીસ્ટો, અર્થશાસ્ત્રીઓ, વગેરે આ અભિયાનથી લગભગ સંપૂર્ણપણે અળગા રહ્યા છે. વિશ્વબેંક કે એ.ડી.બી. જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પણ તેનાથી સાવ અલિપ્ત જ રહી છે. એટલું જ નહીં, એમાંના ઘણા નિષ્ણાતો તો શરૂઆતથી જ આ અભિયાનના વિરોધી રહ્યા છે અને તેની કડક ટીકા કરતા આવ્યા છે. ૨૦૦૦ની સાલમાં કેશુભાઈની સરકારે આ અભિયાનની તરફેણ કરીને એના સમર્થનમાં 'સરદાર પટેલ જળસંચય કાર્યક્રમ'ની ઘોષણા કરી ત્યાં સુધી ગુજરાત સરકારનો અભિગમ પણ તેનો વિરોધ નહીં તો અવગણના કરવાનો તો હતો જ. પરંતુ ત્યાર પછીથી રાજ્ય સરકાર સ્પષ્ટ રીતે તેને ટેકો કરી રહી છે. આમ છતાં અંદરખાને તો હજીયે ઘણા સરકારી એન્જિનિયરો તેનો વિરોધ જ કરી રહ્યા છે.

આ નિષ્ણાતોના મતે આવા વિકેન્દ્રિત જળસંચયથી નીચેવાસના લોકોના જૂના વપરાશના ભોગે ઉપરવાસના નવા વપરાશને જ ઉત્તેજન મળે છે

અને પ્રાદેશિક સ્તરે સરવાળે કોઈ ખાસ વધારાનો લાભ થતો નથી. અને વધારામાં સાવ બિનજરૂરી રીતે કરોડો રૂપિયા વેડફાઈ જાય છે. કેટલાકે તો ત્યાં સુધી કહ્યું છે કે આ આખું યે અભિયાન નર્યું ગાંડપણ જ છે, જે પાણીની કટોકટી ઊકલી રહી હોવાનો માત્ર આભાસ પેદા કરે છે. પાણીના નિષ્ણાતોની આ ટીકાઓ મોટાભાગે અંગ્રેજીમાં અને તેમાંયે પાણીને લગતાં વિશિષ્ટ સામયિકો કે જર્નલ્સમાં જ પ્રકાશિત થઈ છે. પરિણામે ગુજરાતી અખબારો / સામયિકોમાં આ ટીકાઓ વિશે ખાસ ચર્ચા નથી થઈ. અહીં આ ટીકાઓને વિગતે તપાસીને સ્થળ પર ખરેખર જે થઈ રહ્યું છે તે હકીકતોની સામે એ કેટલી ખરી ઊતરે છે તેની મૂલવણી કરવાની કોશિશ કરીશું. એમ કરતાં કરતાં સ્વાભાવિક રીતે જ આ જળસંચય અભિયાનની ઉપલબ્ધિઓનું મૂલ્યાંકન પણ થઈ શકશે, જે જરૂરી છે. પરંતુ તેમ કરતાં પહેલાં સૌરાષ્ટ્રની પાણીને લગતી પરિસ્થિતિ તેમજ ક્યાં સંજોગોમાં ક્યા કારણોસર આ અભિયાન શરૂ થયું તેના પર એક ઊડતી નજર નાખી જઈએ. (વરસાદી પાણી ઝીલીને ભૂગર્ભમાં ઉતારવાના આ અભિયાને સૌરાષ્ટ્ર અને કચ્છ એમ બન્ને પ્રદેશોમાં જોર પકડ્યું છે, પરંતુ પાણીને લગતી બન્ને પ્રદેશોની પરિસ્થિતિ, થયેલ કામો તેમજ તેનાં પરિણામો ખાસ્સાં જુદાં છે. અત્યારે અહીં મુખ્યત્વે સૌરાષ્ટ્રના સંદર્ભમાં જ ચર્ચા કરીશું.)

## સૌરાષ્ટ્રની પાણીની સ્થિતિ

પાણીની કારમી અછત એ કાંઈ સૌરાષ્ટ્રના લોકો માટે નવી વાત નથી. વરસે સરેરાશ ૫૦૦ મી.મી. જેટલો વરસાદ પડે, જે ચોમાસાના લગભગ ૨૫ દિવસમાં જ પડી જાય. સરેરાશ વરસાદ ઓછો એટલે વર્ષોવર્ષ તફાવતનું પ્રમાણ (variability) પણ વધારે. પાંચ વરસે એકાદ વાર ૭૦૦ મી.મી. જેટલો વરસાદ વરસી જાય જ્યારે બીજાં ઘણાં વર્ષોમાં માંડ ૩૦૦ મી.મી. જેટલો જ પડે. લગભગ ૬૦,૦૦૦ ચો.કી.મી.ના વિસ્તારમાં પથરાયેલા આ પ્રદેશમાં સરેરાશ વરસાદવાળા સામાન્ય વર્ષમાં લગભગ ૩૦ ઘન કી.મી. જેટલું પાણી ચોમાસામાં વરસાદરૂપે પડે છે. એમાંથી મોટાભાગનું પાણી તો જોકે ખેતીના પાકો તેમજ અન્ય વનસ્પતિઓ દ્વારા તેમજ બાષ્પીભવનથી વાતાવરણમાં પાછું ઊડી જાય છે. બાકી બચેલા પાણીમાંથી થોડું ભૂગર્ભજળના રિચાર્જમાં વપરાય અને બાકીનું નદી-નાળાં મારફતે ઝડપથી દરિયામાં વહી જાય છે.

સરકારી અંદાજ મુજબ સૌરાષ્ટ્રમાં સામાન્ય વર્ષમાં ભૂગર્ભજળમાં કુદરતી રીતે જે રિચાર્જ થાય છે તેમાંથી ૪.૫ ઘન કી.મી. જેટલું પાણી વાપરી શકાય એવા વિસ્તારોમાં થાય છે. અને બીજું ૩.૬ ઘન કી.મી. જેટલું પાણી નદી નાળાંઓમાં થઈને સમુદ્રમાં વહી જાય છે (૬૦ ટકા વિશ્વસનીયતાએ. ૫૦ ટકા વિશ્વસનીયતાએ સરેરાશ વરસાદના વર્ષમાં એનાથી થોડું વધારે પાણી વહેતું હોય!). ઊંધી રકાબી જેવી ભૂરચનાને કારણે નદીઓ મધ્યના ઊંચા વિસ્તારોમાંથી નીકળીને ઝડપથી ચારે દિશામાં વહી જાય છે. પરિણામે ૮૦ જેટલા સ્રાવવિસ્તારોની નદીઓ પૈકી એકે નદી બારમાસી નથી.

ભૂગર્ભજળની સ્થિતિના સંદર્ભમાં એક વાત એ ખ્યાલમાં રાખવી જોઈએ કે કાંઠાવિસ્તારો અને સુરેન્દ્રનગરના કેટલાક ભાગોને બાદ કરતાં એની ભૂસ્તરીય રચનામાં તળિયે બેસાલ્ટના પાકા ખડક આવેલા છે, જેના પરિણામે ઉત્તર ગુજરાતના મેદાની ભાગોથી વિપરીત અહીં ઊંડે સુધી ભૂગર્ભ જળના મોટા ભંડાર નથી જોવા મળતા. ખડકની ફાટો કે તિરાડોમાં જ ક્યાંક પાણી મળી આવે. એ સિવાય સો ફીટ સુધીની ઊંડાઈ સુધીના ઉપલા તળમાં જ ભૂગર્ભજળ મળે છે, જેનો એક માત્ર સ્રોત વરસાદના પાણીથી થતા રિચાર્જનો જ છે. પરિણામે અહીં ઊંડા બોર ભાગ્યે જ જોવા મળે છે, મોટાભાગે ૧૦૦-૧૨૫ ફીટ ઊંડા ખુલ્લા કૂવા જ જોવા મળે છે.

ઓછો અને અનિયમિત વરસાદ અને વારંવારના દુકાળને કારણે સૌરાષ્ટ્રના લોકો વર્ષોથી પાણીની અછત ભોગવતા આવ્યા છે. સિંચાઈની સગવડના અભાવમાં ઘણાં વર્ષો તો ચોમાસુ પાક બચાવી લેવાનાં પણ સાંસાં પડે. અને દુકાળનાં વર્ષોમાં તો પીવાનું પાણી મેળવવું પણ મુશ્કેલ બની જાય. એટલે જ તો નવી વહુને સાસુ પહેલી શીખામણ એ જ આપે કે ઘી ઢોળાઈ જાય તેનો વાંધો નહીં પણ લોટો પાણી નહીં ઢોળાવું જોઈએ. આવી વસમી પરિસ્થિતિને કારણે જ લાખો લોકોએ સુરત બાજુ હીરા ઘસવાની મજૂરી માટે કે અન્ય રોજગાર ધંધા માટે સ્થળાંતર કરી જવું પડેલું

### સરકારી બંધો

પાણીની આ વિકટ પરિસ્થિતિના ઉકેલ માટે સ્વતંત્રતા પછી રાજ્ય સરકારે બીજા વિસ્તારોની જેમ અહીં પણ લગભગ બધી જ નદીઓ પર મોટા, મધ્યમ અને નાના બંધો બાંધી દીધા છે. અત્યાર સુધીમાં કુલ ૧૨૦ જેટલી મધ્યમ અને મોટી સિંચાઈ યોજનાઓ બની છે. આ યોજનાઓનાં જળાશયોમાં લગભગ ૨.૩ ઘન કી.મી. જેટલું પાણી સંગ્રહી શકવાની ક્ષમતા તૈયાર થઈ છે. આ તમામ યોજનાઓનો મૂળ હેતુ તો સિંચાઈ માટેનું પાણી પૂરું પાડવાનો જ હતો. પરંતુ પાછળથી કાળક્રમે શહેરોની પાણીની જરૂરિયાત વધતી ગઈ તેમ તેમ મોટાભાગનું પાણી આ શહેરો માટે અનામત રખાતું ગયું. અને ખેડૂતોને પાણી વગરના જ છોડી દેવાયા. કમાન્ડ વિસ્તારોના ખેડૂતોને પાંચ વરસે માંડ એક કે બે

વાર શિયાળુ પાક માટે પાણી મળે. અને વક્રતા તો એ કે શહેરોને મુખ્યત્વે ઉનાળામાં જ પાણીની તંગી પડે અને એ માટે જળાશયોમાં જે પાણી અનામત રખાયું હોય તેમાંનું મોટાભાગનું પાણી તો બાષ્પીભવનથી ઊડી જાય. આમ, બાવાના બેઉ બગડે. આ ઉપરાંત મોટાભાગનો ખેતીનો વિસ્તાર તો આ યોજનાઓના ક્ષેત્રની બહાર જ રહી ગયેલો. પરિણામે સિંચાઈના હેતુ માટે તૈયાર થયેલી આ યોજનાઓએ સૌરાષ્ટ્રમાં સિંચાઈ માટે પાણી પૂરું પાડવામાં ખાસ નોંધપાત્ર ફાળો આપ્યો નથી.

## કૂવાની સિંચાઈ

બીજી બાજુ, ખેતીને બચાવવા માટે સિંચાઈની સગવડ ઊભી કરવી તો અત્યંત આવશ્યક હતી જ. સરકાર દ્વારા નદીઓ પર બંધો બાંધવાનું ચાલતું હતું, ત્યારે ૧૯૬૦ના ઉત્તરાર્ધથી ખેડૂતોએ કૂવાઓ ખોદવાનું ચાલુ કર્યું, જે છેક ૧૯૮૦ના મધ્યભાગ સુધી ચાલ્યું. આ સમયગાળામાં ખેડૂતોએ ઘણા નવા કૂવાઓ ખોદ્યા, તેમજ જૂના કૂવાઓને ઊંડા કર્યા. કૂવા ઊંડે જતા ગયા તેમ શરૂઆતનાં વર્ષોમાં કૂવાઓમાં વર્ષોથી સંગ્રહાયેલું પરંતુ વપરાયા વગરનું પડી રહેલું પુષ્કળ પાણી મળ્યું, જેનો ઉપયોગ કરીને ખેડૂતો સિંચાઈ કરવા લાગ્યા. ચોમાસુ અને શિયાળુ એમ બંને પાકો માટે કૂવાનું પાણી વપરાવા લાગ્યું. પરિણામે બહુ ઝડપથી કૂવાઓનાં તળિયાં દેખાવા માંડયાં. હજી વધારે ઊંડા જવાનો વિકલ્પ તો હતો જ નહીં. કારણ કે નીચે બેસાલ્ટના પાકા ખડકોમાં પાણીના કોઈ એક્વીફર નથી. તેમ છતાં, ઘણા લોકોએ ખડકોની તિરાડો અને દરારોમાં ભરાયેલા પાણીને મેળવવા માટે વધુ ઊંડા બોર-વેલ ખોદવાની પણ કોશિશો કરી. જોકે મોટા ભાગના આવા બોર નિષ્ફળ ગયા.

સામાન્ય રીતે ભૂગર્ભજળનો સ્ટોક વપરાવા માંડે તેમ તેના કુદરતી રિચાર્જનો દર પણ વધતો જાય છે. પરંતુ સૌરાષ્ટ્રની ઊંધી રકાબી જેવી ભૂરચનાને કારણે એવું ખાસ થયું નહીં. તેથી એકદમ ભારે વરસાદવાળા વરસોને બાદ કરતાં, સામાન્ય રીતે ચોમાસા પછી કૂવાઓમાં પાણીના સ્તર ઊંચા જરૂર આવે પણ એટલા નહીં કે સિંચાઈની જરૂરિયાત સંતોષી શકે. ઓછા વરસાદવાળાં વરસોમાં જ્યારે પાણીની સૌથી વધુ જરૂર હોય, ત્યારે તો પરિસ્થિતિ ઓર બગડી જાય. ત્યાં જ ૧૯૮૦ના દાયકામાં ઉપરાછાપરી દુષ્કાળ પડ્યા, જેના લીધે સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના ગ્રામીણ તથા શહેરી બન્ને વિસ્તારોમાં અત્યંત હાડમારી પડી - ખરીફ પાક નિષ્ફળ ગયો, હજારો ઢોર મરણ પામ્યાં અને ગામો તથા શહેરોમાં પીવાના પાણીની તીવ્ર અછત સર્જાઈ. પરિસ્થિતિ એટલી તો વણસી ગઈ હતી કે રાજકોટમાં તો ટ્રેઈન દ્વારા પાણી પહોંચાડવું પડ્યું.

## જળસંચય અભિયાનની શરૂઆત

દુષ્કાળની યાતના - હાડમારીમાંથી પસાર થયા પછી સૌરાષ્ટ્રના લોકોને સરકાર પરિસ્થિતિ બદલવા કાંઈક કરશે એવી આશા લગાવીને હાથ જોડીને બેસી રહેવાનું પાલવે એમ નહોતું. દરેકની સામે યક્ષપ્રશ્ન હતો - નદી નાળાંઓમાં વહી જતું વરસાદનું પાણી કેવી રીતે રોકવું અને ભૂગર્ભમાં ઉતારવું, જેથી પાછળથી એને વાપરી શકાય? સામાજિક કાર્યકરો, ખેડૂતો, વગેરે તમામ એ માટે પોતાનાં મગજ કસવા માંડયા. કોઈ કેન્દ્રીય સંગઠન કે સંસ્થા  બનાવવામાં ન આવી. પણ, બધા - વ્યક્તિગત રીતે કે નાનાં-નાનાં જૂથોમાં, આ જ સવાલનો ઉકેલ શોધવાને મંડી પડ્યા અને જુદા જુદા ઉકેલો અજમાવવા માંડ્યા. જે પ્રયોગો સફળ થયા, તે અનૌપચારિક વાતો દ્વારા અને જે તે સ્થળોની મુલાકાતો દ્વારા ધીમે ધીમે બધે ફેલાવા માંડયા. અને ત્યારથી પાણીનો પ્રશ્ન ખરા અર્થમાં દરેક વ્યક્તિની નિસબત બની ગયો.

## કૂવા રિચાર્જ

આ મથામણમાં સૌથી પહેલો પ્રયોગ જે વ્યાપક સ્તર પર અપનાવાયો તે કૂવા રિચાર્જનો હતો. એમાં ખેતરોમાંથી બહાર વહી જતા પાણીને રોકીને રેતી, કપચીના ફિલ્ટરેશન બેડમાંથી પસાર કરીને પાઈપ દ્વારા કૂવામાં નાંખવામાં આવે છે. શરૂ શરૂમાં ખેડૂતો આ પ્રક્રિયા તરફ શંકાશીલ હતા પણ જેવા એના લાભો દેખાણા કે તરત જ એણે વેગ પકડયો. શરૂઆતમાં વ્યક્તિગત દાતાઓ તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ-સંગઠનોએ જે ખેડૂતો આ કામ કરવા તૈયાર થયા તેમને સિમેંટ અને પાઈપની મદદ આપી. પરંતુ પાછળથી તો ખેડૂતોએ જાતે જ આ કામ હોંશભેર ઉપાડી લીધું. થોડાં જ વર્ષોમાં સૌરાષ્ટ્રનાં ખેતરોમાં ઠેર ઠેર કૂવા રિચાર્જ કરવાની વ્યવસ્થા અસ્તિત્વમાં આવી ગઈ. આજે તો એવી સ્થિતિ છે કે ભાગ્યે જ કોઈ ખેતરના કૂવામાં રિચાર્જની આવી વ્યવસ્થા જોવા ન મળે. કૂવા રિચાર્જનું આ કામ  ખેડૂતો અને સ્થાનિક દાતા જૂથોની ખાનગી પહેલથી જ થયું. એ માટે સરકાર તરફથી કોઈ જ આર્થિક સહાય મળી નહીં અને માગવામાં પણ નહોતી આવી.

## અન્ય પ્રયોગો

કૂવાઓના આવા સીધા રિચાર્જને લીધે પાણીની ઉપલબ્ધિ જરૂર વધી, પણ એટલું પૂરતું નહોતું. હજુ પણ ખેતરોમાંથી ઘણું પાણી નદી-નાળાંઓમાં વહી જતું હતું, અને ભૂગર્ભજળનાં તળ જોઈએ તેટલાં ઉપર ન્હોતાં આવતાં. એટલે ફરી પાછા બધા મંડી પડયા વધારે સારા અને

નવા ઉપાયો શોધવામાં. જુદી જુદી અનેક રીતો -પદ્ધતિઓ ચકાસી જોવામાં આવી. ખેત-તલાવડીઓ, સ્રાવ કૂવા, તળાવો ઊંડાં કરવાં, એકબીજા સાથે જોડાયેલાં તળાવોની હારમાળા, લીન્ક ચેનાલ, ચેક ડેમ વગેરે અનેક પ્રયોગો થયા. કેટલાક પ્રયોગો સફળ રહ્યા, બીજા નહીં. કેટલાક અમુક ખાસ વિસ્તારો માટે અનુકૂળ રહ્યા, પણ બીજા વિસ્તારો માટે નહીં. દરેક પદ્ધતિની ઝીણામાં ઝીણી ખૂબીઓ અને ખામીઓ વિશે સૌરાષ્ટ્રની લાક્ષણિક ઢબે જોશભેર ચર્ચાઓ ચાલી અને હજીયે ચાલતી રહે છે, જેમાં દરેક જણ, અલબત્ત, પોતે વિક્સાવેલી પદ્ધતિ જ સર્વશ્રેષ્ઠ હોવાનું ઠસાવવાની કોશિશ કરે છે!

## ચેક ડેમો

આ બધામાંથી છેવટે પછી ચેક ડેમ બાંધવાના પ્રયોગે લોકોનાં મન પર કબજો જમાવી દીધો, જેનો વ્યાપક સ્તરે અમલ થયો. એ વિચાર આમ તો સાવ સીધો-સાદો છે. નદી, નાળાં / ઝરણાં પર થોડા થોડા અંતરે ચેક ડેમો બાંધવા, જે નદી-નાળાંનાં ઝડપથી વહી જતાં પાણીને રોકી રાખે. એ સંગ્રહાયેલું પાણી પછી ભૂગર્ભમાં ઝમી જાય અને છેવટે સપાટી પરના અને ભૂગર્ભજળના જથ્થા વચ્ચે એક ગતિશીલ જોડાણ સ્થપાઈ જાય. એટલે કે, જ્યારે ભૂગર્ભજળનું લેવલ નદીમાં ચેક ડેમ પાછળ રોકાયેલા પાણીના લેવલ કરતાં નીચું હોય, ત્યારે નદીનું પાણી ભૂગર્ભમાં ઊતરે. અને એથી વિપરીત જ્યારે ભૂગર્ભજળનું લેવલ નદીના લેવલ કરતાં ઊંચું હોય, ત્યારે પાણી ત્યાંથી નદીમાં આવે.

પરંતુ આનો વ્યાપક સ્તરે અમલ શક્ય બને ત્યાર પહેલાં એક મોટો અવરોધ ઓળંગવો પડે એમ હતો. ડેમ બાંધવાનું કામ અત્યાર સુધી તો સરકાર જ કરતી આવેલી. એટલે ખેડૂતોને વિશ્વાસ જ ન્હોતો બેસતો કે તેઓ પોતે પણ આવા ચેક ડેમો ક્યાં અને કેવી રીતે બનાવવા તે નક્કી કરી શકે. એની વાત નીકળે ત્યારે તેઓ એમ જ કહે કે ‘એવા ડેમ કંઈ અમે થોડા બાંધી શકીએ? એ માટે તો એન્જિનિયર જોઈએ જે ક્યાં કેટલું પાણી આવશે તેની કોણ જાણે કેવી કેવી ગણતરીઓ કરે અને એના આધારે પછી ડેમની ડિઝાઈન નક્કી કરે. ત્યાર પછી જ એનું બાંધકામ થઈ શકે. આ બધું કંઈ અમે થોડું કરી શકીએ ? અને જો કરીએ અને ન કરે નારાયણ ને પહેલા જ વરસાદમાં ડેમ ધોવાઈ જાય તો ?’

પરંતુ તેની સાથે જ આ ખેડૂતોનો આત્મવિશ્વાસ વધે તે માટે મથતી વ્યક્તિઓ અને સંસ્થાઓ પણ હતી. તેમને ખેડૂતોની શક્તિ અને આવડત ઉપર પૂરો ભરોસો હતો અને એ માટે જોખમ લેવાની પણ તૈયારી ધરાવતા હતા. તેમાંથી કેટલીક વ્યક્તિઓ / સંસ્થાઓએ જાહેરાત કરી કે જે ખેડૂતો વ્યક્તિગત રીતે કે ભેગા મળીને પોતાની રીતે ચેક ડેમ બાંધવા તૈયાર હોય તેમને તે માટે જરૂરી સિમેન્ટનો ખર્ચ તેઓ આપશે અને બાકીના માલસામાન તેમજ મજૂરીનો ખર્ચ ખેડૂતોએ ભોગવવાનો રહેશે. જગ્યાની પસંદગી, ડેમની ડિઝાઈન વગેરે પણ ખેડૂતોએ જ નક્કી કરવાની.

ઘણા ખેડૂતોએ આ ઓફરને સ્વીકારી લીધી અને ચેક ડેમ બનાવવાના કામમાં લાગી ગયા. કામ આગળ વધતું ગયું તેમ, આ તો કરી શકાય એવું કામ છે, એવો વિશ્વાસ પણ વધતો ગયો. અલબત્ત, શરૂ શરૂમાં કેટલાક ચેક ડેમ ધોવાઈ પણ ગયા. પરંતુ એ બધું નવું કામ શીખવાની કિંમત તરીકે માની લેવાયું. જોત જોતામાં અનેક ખેડૂતોએ ઓછા ખર્ચે બાંધી શકાય એવા જુદા જુદા પ્રકારના ચેક ડેમો બાંધવાની કળા હસ્તગત કરી લીધી.

કામ વધતું ગયું તેમ તેમ અનેક નામી અનામી દાતાઓ, સંસ્થાઓ, સ્વૈચ્છિક સંગઠનો આ કામમાં જોડાતા ગયા. કેન્દ્ર સરકારની ‘વોટરશેડ’ યોજના હેઠળ મળતા ફંડનો ઉપયોગ પણ અનેક સ્વૈચ્છિક સંસ્થાઓએ ચેક ડેમ બનાવવાના આ કામ માટે કરવા માંડ્યો, જેનાથી આ પ્રક્રિયાને ઘણો વેગ મળ્યો. કેટલીક સંસ્થાઓએ તો એ યોજના હેઠળનાં કામોમાં લાભાર્થી ખેડૂતો પણ ૨૦ થી ૩૦ ટકા જેટલો પોતાનો ફાળો આપે એવો આગ્રહ રાખ્યો અને પરિણામે વધારે કામ તો થયું જ, સાથે સાથે ખેડૂતોમાં આત્મનિર્ભરતાની વૃત્તિ પણ કેળવાતી ગઈ.

પછીથી જાન્યુઆરી ૨૦૦૦માં ગુજરાત સરકારે આ અભિયાનને પોતાનો ટેકો આપવાનું નકકી કર્યું અને ‘સરદાર પટેલ જળસંચય યોજના’ની જાહેરાત કરી. આ યોજના હેઠળ જે કોઈ જૂથ કે ખેડૂત ચેક ડેમ બાંધવા ઈચ્છુક હોય, તો તેના અંદાજિત ખર્ચના ૬૦ ટકાની મદદ સરકાર તરફથી આપવામાં આવે છે અને બાકીના ૪૦ ટકા જે તે જૂથ કે ખેડૂતે ભોગવવાના રહે છે. ‘વૃક્ષ પ્રેમ’ અને Orpat જેવી સંસ્થાઓ દ્વારા શરૂઆતમાં ઉપાડાયેલી ‘સિમેન્ટ ટેકા’ યોજનાની જ આ એક પ્રતિકૃતિ હતી. આ યોજનાને કારણે આ આખા અભિયાનને જબરજસ્ત વેગ મળ્યો. જોકે એને કારણે આત્મનિર્ભરતાની જે વૃત્તિ કેળવાઈ રહી હતી તેને ધક્કો પણ પહોંચ્યો છે. ઘણી જગ્યાઓએ ખેડૂતોના નામે કોન્ટ્રાક્ટરોએ જ બધાં કામો કર્યાં. ખેડૂતોએ માત્ર સહી જ કરી આપવાની રહી. ૬૦ ટકાની જે મદદ સરકાર તરફથી મળી તે SOR મુજબના અંદાજ પર નક્કી થઈ. એટલે એમાંથી જ બધાં કામો થઈ ગયાં અને કોન્ટ્રાક્ટરોનો નફો પણ નીકળ્યો અને ખેડૂતે પોતે કોઈ લોકભાગીદારી આપવાની થઈ નહીં. જ્યારે અગાઉ બિનસરકારી ધોરણે જે સિમેન્ટ ટેકા યોજના ચાલતી હતી તેમાં તો ખરેખર થતા ખર્ચમાંથી માત્ર સિમેન્ટના ખર્ચની મદદ મળતી હતી અને બાકીનો બધો ખર્ચ જે તે

ખેડૂતે ભોગવવો પડતો અને સાચા અર્થમાં લોકભાગીદારી થતી. ૬૦-૪૦ની યોજના હેઠળ કોન્ટ્રાક્ટરો દ્વારા બનેલા ઘણા ચેક ડેમો પહેલા જ મોટા વરસાદમાં ધોવાઈ ગયાના દાખલા પણ જોવા મળે છે. જોકે ઘણી જગ્યાઓએ એનાં સારાં પરિણામો પણ આવ્યાં છે, ખાસ કરીને જ્યાં ખેડૂતોએ જાતે આ યોજનાનો લાભ લઈને ચેક ડેમો બનાવ્યા છે.

સરકારી આંકડા મુજબ ત્યારથી અત્યાર સુધીમાં આ યોજના હેઠળ સૌરાષ્ટ્રમાં જ કુલ ૨૪,૦૦૦ જેટલા ચેક ડેમો બાંધવામાં આવ્યા છે. આ યોજનાની જાહેરાત થઈ ત્યાર પહેલાં પણ ખાસ્સી મોટી સંખ્યામાં ચેક ડેમો બની ચૂક્યા હતા. એટલે કુલ સંખ્યા તો એના કરતાં પણ મોટી હશે. જોકે સૌરાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કુલ કેટલા ચેક ડેમો બન્યા હશે એનો ચોક્કસ આંકડો તો અત્યારે કોઈ આપી શકે એમ નથી.

## અભિયાનનું સરવૈયું - ટીકાકારો શું કહે છે ?

આટલા મોટા પાયા પર આ જે કામ થયું છે ત્યારે તેનાથી સરવાળે ખરેખર લાભ થયો છે કે નહીં અને વ્યાપક સ્તરે પાણીની ઉપલબ્ધિ ખરેખર વધી છે કે નહીં તે સવાલના જવાબ મેળવવા જરૂરી છે. અભિયાનમાં જોડાયેલા અને એના પ્રબોધકોના મતે તો એનાથી આસમાન-જમીનનો ફરક પડી ગયો છે. પાણીનો સંગ્રહ કરવાની કુલ ક્ષમતા તો વધી જ છે, તદુપરાંત એ સંઘરાયેલા પાણીનો વપરાશ પણ વધારે કાર્યક્ષમ રીતે થઈ રહ્યો છે. કૂવાનાં તળ ખાસ્સાં ઉપર આવ્યાં છે. ઘરવપરાશ અને પીવાના પાણીની સમસ્યા હલ થઈ જ ગઈ છે, અને સામાન્ય વરસમાં તો સહેલાઈથી બે પાક લઈ શકાય એટલું સિંચાઈનું પાણી પણ મળી રહે છે. કેટલાયે વિસ્તારોમાં તો દુકાળ એ હવે ભૂતકાળની બાબત બની ગઈ છે. કારણ કે એક કે બે સારાં ઝાપટાં પડે તો પણ સહેલાઈથી એટલું પાણી તો સંઘરી જ શકાય છે જેનાથી કમ સે કમ ચોમાસુ પાક તો બચાવી જ લેવાય.

તેમ છતાં, આગળ જોયું તેમ પાણીના ઘણા નિષ્ણાતોએ આ આખા અભિયાન સામે પાયાના સવાલ ઊભા કર્યા છે. આ ટીકાકારોમાં ઘણા એન્જિનિયરો, હાઈડ્રોલોજીસ્ટો અને અર્થશાસ્ત્રીઓનો સમાવેશ થાય છે. IWMIના તુષાર શાહ જ એક અપવાદરૂપ નિષ્ણાત છે જે આ અભિયાનને ટેકો આપી રહ્યા છે. જોકે એ જ સંસ્થાના દિનેશકુમાર જેવા હાઈડ્રોલોજીસ્ટો તેના પ્રખર ટીકાકાર પણ છે. આ ટીકાકારોની મુખ્ય ટીકાઓને ત્રણ ભાગમાં વહેંચી શકાય. ૧) આ અભિયાનના પરિણામે નદીઓનાં પાણી માટેની અરાજક ગળાકાપ હોડ પેદા થાય છે જે નીચેવાસનાં સરકારી જળાશયોને ખાઈ જાય છે, ૨) ચેક ડેમ પાછળનાં છીછરાં તળાવોમાં સંઘરાયેલું મોટાભાગનું પાણી બાષ્પીભવનથી ઊડી જાય છે અને કોઈ ઉપયોગમાં નથી આવતું અને ૩) સૌરાષ્ટ્રની બેસાલ્ટ ખડકોની ભૂસ્તરરચનાને કારણે આમ પણ ભૂગર્ભમાં ઘણા ઓછા પાણીનો સંગ્રહ કરી શકાય છે, પરિણામે ચેક ડેમોથી ખાસ લાભ થવાની શક્યતા બહુ ઓછી છે. આ ટીકાઓને વિગતે ચકાસીશું અને હકીકતમાં જે થઈ રહ્યું છે તેની સામે એ ટકી શકે એમ છે કે નહીં તેનો કયાસ કાઢવાની કોશિશ કરીશું.

### ગળાકાપ હોડ અને નીચેવાસમાં થતી આડ-અસરો

એ તો સ્પષ્ટ છે કે આ અભિયાન સામેની ટીકાઓ પૈકી આ ટીકા સૌથી વધારે મહત્ત્વની છે. એની મુખ્ય દલીલ એ છે કે સૌરાષ્ટ્રમાં સરકારે જે બંધો બનાવ્યાં છે તેનાં જળાશયોમાં જ નદી-નાળાં મારફત સામાન્ય વરસોમાં જે પાણી વહે છે તેનો સંગ્રહ કરવાની ક્ષમતા ઊભી થઈ ચૂકી છે. એટલે આ અભિયાનમાં ઉપરવાસમાં જે ચેક ડેમો બની રહ્યા છે તેને કારણે સરવાળે વધારાનું પાણી નથી સંઘરાતું, પરંતુ અગાઉ જે પાણી સરકારી જળાશયોમાં સંઘરાતું તે જ પાણી હવે ઉપરવાસના ચેક ડેમો પાછળ સંઘરાય છે. આની સીધી માઠી અસર વરસોથી આ સરકારી જળાશયોનાં પાણી પર આધારિત બની ગયેલાં શહેરો અને નીચેવાસનાં ગામોના લોકો પર પડે છે, જેમના ભોગે ઉપરવાસના ખેડૂતોની નવી માંગો સંતોષવામાં આવી રહી છે. સરકારી યોજનાઓમાં થયેલું મૂડીરોકાણ વ્યર્થ જાય છે.

આ ટીકાનો સીધો સાદો જવાબ તો એ જ છે કે જો ખરેખર આવું જ થયું હોત તો અત્યાર સુધીમાં તો સૌરાષ્ટ્રમાં પાણી પ્રશ્ને શહેરો અને ગામડાંઓ વચ્ચે મોટાં રમખાણો ફાટી નીકળ્યાં હોત. શહેરોના લોકો કાંઈ દબાયેલા નથી જ, જે પાણી પરના એમના અધિકારો ઝૂંટવાઈ જતા હોય ત્યારે પણ ચૂપાઈને બેસી રહે અને તે પણ ગામડાના ખેડૂતો દ્વારા. આમ નથી થયું એ જ બતાવે છે કે આ ટીકામાં ખાસ તથ્ય નથી. હકીકતમાં તો શહેરોના લોકો પણ આ અભિયાનને ટેકો આપી રહ્યા છે અને એમાં મદદ પણ કરી રહ્યા છે.

આપણે ઉપર જોયું તેમ સૌરાષ્ટ્રનાં ૧૨૦ જેટલાં સરકારી જળાશયોની કુલ ક્ષમતા ૨.૨ ઘન કી.મી. જેટલું પાણી સંઘરવાની છે. જ્યારે સરકારી અંદાજ મુજબ પણ સૌરાષ્ટ્રનાં નદી-નાળાંઓ મારફત ૬૦ ટકાની વિશ્વસનીયતાએ ૩.૬ ઘન કી.મી. જેટલું પાણી વહી જાય છે. એ તો સ્પષ્ટ છે કે ૫૦ ટકાની વિશ્વસનીયતાએ વહેતું સરેરાશ પાણી તો એનાથી પણ વધારે હોવાનું. આમ સરકારી જળાશયોમાં જ બધું પાણી સંઘરવાની

## ‘વૃક્ષ પ્રેમ’ના પ્રેમજી બાપા

સૌરાષ્ટ્રના જળસંચય અભિયાનની વાત કરીએ અને ઉપલેટાના પ્રેમજીભાઈ પટેલ (પ્રેમજી બાપા)ની વાત ના કરીએ તો તે અધૂરી જ રહે. કોઈ પણ જાતના કેન્દ્રીય સંગઠન કે નેતૃત્વ વિના સ્વયંભૂ રીતે ચાલેલા આ અભિયાનમાં જે થોડી વ્યક્તિઓ/સંસ્થાઓએ ‘રાહ ચીંધનાર પાટીયા’ની ગરજ સારી છે તેમાં એમનું નામ પહેલી હરોળમાં જ મૂકવું પડે.

મૂળે ઉપલેટામાં કાપડની દુકાન ચલાવતા. કૂવા ખોદવા, ઊંડા ઉતારવાની પ્રવૃત્તિ જોર પર હતી ત્યારે પત્થર ફોડવા માટેના ટોટા પણ વેચતા. ત્યારે જ ખેડૂતો સાથેની વાતોમાં ખબર પડતી ગઈ કે કૂવો ઊંડો ઉતારવાથી પાણી તો પુષ્કળ મળે છે, પણ એક જ વર્ષમાં તે ખૂટી જાય છે. બીજે વર્ષે ફરી ઊંડો ઉતારે, ફરી પાણી મળે, જે ફરી ખૂટી જાય. ત્રીજા વરસે પાછી એ જ કહાની. એમાંથી એમને વિચાર આવ્યો કે આવું ક્યાં સુધી ચાલી શકે ? વરસાદનું પાણી કૂવામાં ઉતારવાનો કોઈ કીમિયો શોધીએ તો જ આ ખૂટતા પાણીમાં ઉમેરો કરી શકાય.

મિત્રો / ખેડૂતો સાથે આ અંગે ચર્ચા કરે. પણ કૂવા ઊંડા ઉતારતાં પાણી મળે, એટલે કોઈ એમની વાત કાને ધરે નહીં. એટલે એમણે વિચાર્યું કે ‘બીજા કરે કે ના કરે, હું તો કરું’. આમ, ૧૯૬૮-૬૯માં ઉપલેટાની વાડીનો પોતાનો કૂવો રિચાર્જ કર્યો. ત્યારે તો આ કૂવા રિચાર્જનું નામ પણ કોઈએ સાંભળેલું નહીં. તે જ પ્રમાણે ૧૯૭૩માં ઉપલેટામાં પોતાનું રહેવાનું મકાન બનાવ્યું ત્યારે શરૂઆતથી જ ‘Roof Water Harvesting’ નહીં પણ ‘Compound Water Harvesting’ની વ્યવસ્થા ઊભી કરી દીધેલી ! એ માટે આખા પ્લોટમાં મકાન સિવાયના ખાલી ભાગમાંથી ત્રણેક ફુટ જેટલી ઊંડાઈ સુધીની માટી / મોરમ કાઢી નાંખીને તેની જગ્યાએ એક સરખી ચાળેલી ઝીણી રેતી ભરી દીધી. ત્યારથી અગાસી સહિત આખા પ્લોટ પર પડતું વરસાદનું બધું પાણી નીચે ઊતરી જાય. ત્યારથી એમના કંપાઉન્ડમાં આવેલ કૂવા કે ડંકીમાં ક્યારેય પાણી ખૂટ્યું નથી.

આ પ્રયોગો વિશે મિત્રો / ખેડૂતો સાથેની ચર્ચા ચાલુ, પણ ખાસ પ્રગતિ થાય નહીં. ૧૯૭૫માં સંજોગવસાત્ મુંબઈ રહેવા જવાનું થયું. પરંતુ સૌરાષ્ટ્રની પાણી અને વૃક્ષોની સમસ્યા અંગે કંઈક કરી છૂટવાનો કીડો મનમાં સળવળ્યા કરે. છેવટે ૧૯૮૭માં અમદાવાદ રહેતા ઉદ્યોગપતિ દિકરાની સંમતિ (અને પૂરેપૂરી મદદની ખાતરી) મળતાં દુકાન સંભાળવાના કામમાંથી નિવૃત્તિ લઈ લીધી. અને પૂરેપૂરો સમય આ જ કામો માટે આપવાના નિર્ધાર સાથે પાછા ઉપલેટા આવી ગયા.

ત્યારથી અત્યાર સુધીમાં વૃક્ષો અને પાણી અંગે જે કામો કર્યાં છે, જે રીતે કર્યાં છે અને એનાં જે પરિણામો આવ્યાં છે તેને યોગ્ય ન્યાય આપવો હોય તો તે માટે તો એક મોટી પુસ્તિકા જ તૈયાર કરવી પડે. અહીં તો માત્ર થોડી ઝલક જ આપી શકાશે, અને તે પણ પાણીને લગતાં કામોની જ. વૃક્ષોની બાબતમાં તો આખા સૌરાષ્ટ્રમાં ગાંડો બાવળ ફેલાવી દેવાનો આરોપ એમના પર છે જ, જે તેમણે ગૌરવપૂર્વક સ્વીકારી લીધેલો છે. એ કામને કારણે ઘણા પર્યાવરણવાદીઓના તેઓ અળખામણા બની ગયા છે. પરંતુ એક વાત તો સૌએ સ્વીકારવી પડે - ગાંડા બાવળને કારણે બળતણના લાકડાની સૌરાષ્ટ્રની સમસ્યા સમાપ્ત થઈ ગઈ છે. પરિણામે એ કારણે જે સારાં વૃક્ષો કપાતાં, તે કપાતાં બંધ થઈ ગયા છે અને એમની સંખ્યા પણ ઘણી વધી ગઈ છે.

### કૂવા રિચાર્જ અને ચેકડેમ માટે સિમેન્ટ ટેકો

૧૯૮૭માં મુંબઈથી પાછા આવીને શરૂઆત કૂવા રિચાર્જના કામથી જ જ કરી. કૂવા ઊંડા ઉતારવાથી પાણી મળતું હવે બંધ થઈ ગયેલું. એટલે ખેડૂતોને એ વાતમાં પહેલાં કરતાં વધારે રસ પડે. પણ છતાં આનાકાની ચાલ્યા કરે. એક વાર એક ખેડૂતથી બોલાઈ ગયું કે કૂવો રિચાર્જ તો કરવો છે પણ સિમેન્ટ પાઈપ ક્યાં? એટલે તરત જ એ તક ઝડપી લીધી અને કહ્યું ‘પાઈપ અમે આપીશું, બાકીનું તમારે કરવાનું’. ખેડૂત કહે, ‘પણ લેવા કોણ જાય’, તો તેનો જવાબ પણ હાજર -‘અમારા ટ્રકમાં પાઈપ આપના ગામે ખેતરે પહોંચતા કરીશું’. અને ખરેખર બીજે જ દિવસે ટ્રક ભરીને સિમેન્ટ પાઈપ એ ગામ પહોંચતા કર્યા. અને ધીરે ધીરે કામ શરૂ થયું . પછી તો જોતજોતામાં એની માંગ ખૂબ વધી ગઈ. વૃક્ષ પ્રેમ તરફથી લગભગ ૬૦ ટ્રક સિમેન્ટ પાઈપો ખેડૂતોને અપાયા. બીજી સંસ્થાઓ પણ ભળી અને હવા એવી બની ગઈ કે ખેડૂતો જાતે પણ કરવા લાગ્યા. એટલે પછી એમણે એ બંધ કર્યું.

એ દરમિયાન પ્રેમજી બાપાની ચકોર નજરમાં એ વાત આવી ગયેલી કે કૂવા રિચાર્જથી ફાયદો જરૂર થાય છે. પરંતુ એ પૂરતું નથી. ત્યાર પછી પણ ઘણું પાણી ખેતરમાંથી / ગામમાંથી બહાર વહી જતું હતું. એટલે એ માટે શું કરી શકાય તેની એમની શોધ ચાલુ થઈ ગયેલી. એમાંથી ચેક ડેમનો વિચાર આવ્યો. એ માટે સિમેન્ટ ટેકો યોજનાની જાહેરાત કરી. જે ખેડૂતો જાતે ચેક ડેમ બાંધવા તૈયાર હોય એમને એ માટે જરૂરી સિમેન્ટ તેઓ આપે, બાકીનું બધું ખેડૂતે કરવાનું. અહીં પણ કામ આગળ વધતું ગયું તેમ તેમ મદદનું પ્રમાણ ઘટાડતા ગયા. શરૂઆત ચેક ડેમ દીઠ વધારેમાં વધારે ૧૦૦ થેલી સિમેન્ટ આપવાથી કરી. પછી જેમ માંગ

વધતી ગઈ તેમ મદદનું પ્રમાણ ઘટતું ગયું અને છેલ્લે ૨૦ થેલી પર પહોંચી ગયું (એટલે કે સિમેન્ટના ખર્ચનો મોટો હિસ્સો પણ ખેડૂતો જાતે ભોગવતા થયા). ૧૯૯૮-૯૯ સુધીમાં તો આ કામ માટે લોકોનો ઉત્સાહ એટલો બધો વધી ગયેલો કે આખાને આખા ગામના ખેડૂતો ભેગા મળીને વીંઘે ૨૦૦-૩૦૦ રૂપિયાનો ફાળો નાખીને સામૂહિક રીતે આખા ગામ માટેના ચેક ડેમો બનાવવા લાગેલા. બધો ખર્ચ ખેડૂતો જ ઊઠાવે. છતાં પ્રેમજી બાપા પાસેથી શુકનના એકવીસ હજાર તો લે જ. એ કામ પૂરજોશમાં ચાલતું હતું ત્યારે જ મારે કેટલાંક ગામોમાં જવાનું થયેલું. ત્યારે કેટલાયે ખેડૂતોને એમ કહેતાં સાંભળેલા કે 'બાપા તમે તો અમને ભેગા મળીને ફાળો ઉઘરાવી કામ કેમ થાય તે શીખવી દીધું છે' ! આ કાર્યક્રમ હેઠળ કુલ ૫૦૦ જેટલા નાના ચેક ડેમો માટે સિમેન્ટનો ટેકો આપ્યો હશે. જોકે ૨૦૦૦માં ગુજરાત સરકારે ૬૦-૪૦ની યોજનાની જાહેરાત કરી ત્યાર પછી બધા એ બાજુ વળી ગયા. પરંતુ સિમેન્ટ ટેકો યોજનામાં જે જોમ અને ખુમારી પેદા થયેલા તે ખોવાઈ ગયા !

આ બે કામો તેમજ વૃક્ષબીજ વાવેતરનાં કામો પાછળ નહીં નહીં તો યે ગાંઠના (અને દિકરાના) પચાસેક લાખ ખર્ચી કાઢ્યા હશે. સરકારની કોઈ મદદ લીધેલી નહીં. પોતાના પૈસામાંથી જ કામ કરવાનું જ વિચારેલું. એટલે શરૂઆતમાં તો કોઈ સંસ્થા રજીસ્ટર કરાવવા અંગે પણ આનાકાની. પણ પછી મિત્રોની સલાહથી 'વૃક્ષ પ્રેમ સેવા સંસ્થા' રજીસ્ટર કરાવી.

### વોટરશેડ યોજનાનાં કામો


૧૯૯૫માં કેન્દ્ર સરકારની વોટરશેડ યોજનાનું કામ સ્વીકાર્યું. સ્વતંત્ર સ્વભાવ, એટલે સરકારી અધિકારીઓ સાથે કામ કરવાનું ફાવે ન ફાવે એમ વિચારી એ કામમાં જોડાવું કે નહીં એની અવઢવ. પરંતુ ડી.એસ.સી.ના અનિલ શાહના આગ્રહ અને પ્રોત્સાહનને કારણે ઝંપલાવ્યું. આ યોજના હેઠળ રાજકોટ જિલ્લાના જામકંડોરણા તાલુકાનાં ૨૮ ગામોમાં પાણી સંગ્રહનું સઘન કામ થયું. નાના નાના વોકળાઓ પરના નાના ચેક ડેમો થી માંડીને ફોફળ અને રસનાળ નદીના સંગમ સ્થળે બનેલા મોટા સંગમ ડેમ સુધીના નાના મોટા ૧૫૦૦ જેટલા ચેક ડેમોની જે હારમાળા તૈયાર થઈ છે, તે એવી તો અદભૂત છે કે તેને કારણે વરસોથી ચોમાસા પછી તરત જ સૂકાઈ જતી ફોફળ નદી વરસના ૮ થી ૧૦ મહિના સુધી 'જીવતી રહે છે, એટલું જ નહીં પાણીથી ભરાયેલી પણ રહે છે અને એથીયે આગળ વધીને વહેતી પણ થઈ છે'. એ ગામોની ખેતીની, મકાનોની અને લોકોની સ્થિતિમાં આસમાન જમીનનો ફરક પડી ગયો છે.

પરંતુ આ કામનું ખરું મૂલ્ય તો એ જે રીતે થયું તેમાં રહેલું છે. સરકારી યોજના, પણ પ્રેમજી બાપા કામ કરવાની પોતાની અનોખી રીતમાં કોઈ ફરક લાવ્યા નહીં. બધાં કામો વોટરશેડની ગાઈડલાઈન્સથી વિરુદ્ધનાં, અથવા કહો કે દશ પગલા આગળના. અહીં થોડાક દાખલા જ જોઈ શકીશું.

શરૂઆત જ ભારે દિલચસ્પ. ગાઈડલાઈન્સ પ્રમાણે લોકભાગીદારી ૧૦ ટકા આપવાની હોય. પહેલી બેચના ગામોનું કામ શરૂ થયું ત્યારે બાપાએ કહ્યું કે આ તો બહુ ઓછી કહેવાય, કમ સે કમ ૨૦ ટકા લોકભાગીદારી તો મળવી જ જોઈએ. બીજી બાજુ લોકો કહે કે સરકારી કામમાં વળી ભાગીદારી કેવી? બેમાંથી કોઈ એકના બે થાય નહીં. લોકોને એમ કે થોડો વખત ખેંચી કાઢીશું એટલે બાપા એની મેળે લાઈન પર આવી જશે. પણ અહીં એમનો પનારો બાપા સાથે પડેલો. ત્રણ વર્ષ સુધી કોઈ કામ થયાં નહીં, પણ એમના પેટનું પાણી હાલે નહીં. પણ ગામોમાં જવાનું ચાલું. ધીરે ધીરે છૂટાછવાયા બે પાંચ ખેડૂતોએ ૨૦ ટકાની ભાગીદારી સાથે કામ કર્યું. પહેલાં જ વરસે એ 'ગાંડા' ખેડૂતોને જે ફાયદો થયો તે જોઈને, બધા એ રીતે કામ કરવા તૈયાર થઈ ગયા. પછીના અઢી વર્ષમાં જ પાંચ વર્ષનાં કામ પૂરાં થઈ ગયાં. પછી તો લોકોએ વસવસો વ્યક્ત કર્યો કે 'બાપા, તમને ઓળખવામાં ભૂલ કરીને અમે ત્રણ વરસ ખોટાં બગાડ્યાં'. પહેલી બેચ પૂરી થઈ કે તરત જ બીજી બેચ માટે લોકભાગીદારીનું પ્રમાણ ૩૩ ટકા કરી દેવાયું, જે બધાએ હોંસથી આપી. ત્યારથી બધાં કામો ૩૩ ટકાની ભાગીદારી સાથે જ થયાં.

અને આ ભાગીદારી પણ ખરેખર લેવામાં આવે, SOR અને ખરેખર થતાં ખર્ચ વચ્ચેના તફાવતમાંથી કાગળ પર દેખાડેલી ભાગીદારી નહીં. SORના દરથી અડધા ખર્ચમાં જ કામ થઈ જતું હોય છે. એટલે ઘણી એજન્સીઓ એ બચેલાં નાણાંને જ લોકભાગીદારી તરીકે બતાવી દે. અહીં એવું નહીં થાય, ખરેખર જે ખર્ચ થયો હોય એના પર ભાગીદારી લેવાય. અને બચેલાં નાણાં તેમજ ભાગીદારીની રકમમાંથી બીજાં વધારાનાં કામો થાય. અને આ બધું ડી.આર.ડી.એ.ને લેખિત જણાવીને કરવામાં આવે. સરવાળે એટલી ગ્રાન્ટમાંથી સરકારી દરે જે કામો થયાં હોત તેનાંથી ત્રણ ગણાં કામો થયાં.

ચેક ડેમ બનાવવાનું કામ પણ બધું ખેડૂતોએ જાતે જ કર્યું. કોઈ કોન્ટ્રાકટર નહીં, સંસ્થા પોતે પણ નહીં કરે. સંસ્થામાં કોઈ એન્જિનિયર પણ નહીં. જરૂર પડ્યે તો ખેડૂતો કડીયા રાખે, પણ બાકીનું બધું કામ જાતે કરે. ચેક ડેમ ક્યાં બનાવવો, કેવો બનાવવો, વગેરે બધું ખેડૂતો જ નક્કી કરે. જરૂર પડ્યે સલાહ અપાય, વિકલ્પ સૂચવાય, પણ છેવટનો નિર્ણય ખેડૂતનો. પદ્ધતિ એવી કે ખેડૂતો (વ્યક્તિગત અથવા સમૂહમાં) પોતે જ નાણાં રોકીને બાંધકામ પૂરું કરે. પછી એના માપ પ્રમાણે જે ખર્ચ થતો હોય એમાંથી ભાગીદારીના ૩૩ ટકા કાપીને એમને ચેક આપી દેવામાં આવે. પરિણામે ગામે ગામ એન્જિનિયરો તૈયાર થયા, જે ગામમાં બીજાં જે કામ થતાં હોય તેમાં પણ બે સવાલ પૂછતા થયા છે.



**ખેત તલાવડી નહીં, પણ ખેતર તલાવડી - ભૂલમાંથી શીખીને આગળ કઈ રીતે વધ્યા ?**

દરેક કામનાં પરિણામ શું આવે છે, એમાં હજી શું સુધારા કરી શકાય, ખર્ચ ક્યાં ઘટાડી શકાય, હજી બીજું શું કરી શકાય, વગેરે સવાલો અંગે ખેડૂતો સાથે સતત વાતો ચાલ્યા કરે, નવા નવા અખતરાઓ થતા રહે. એને કારણે જ બે ગામને જોડતા રસ્તાના પુલ નીચેના પુલિયા ડેમ, આર્ચ પદ્ધતિના ડેમ, વગેરે અનેક પ્રયોગો થયા. ખેત તલાવડી નહીં પણ 'ખેતર તલાવડી'નું કામ જે રીતે વિકસ્યું તે એનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડે છે.

દરેક ખેતરમાં નીચામાં નીચી એક જગ્યાએથી વરસાદનું પાણી ભેગું થઈને નીકળી જતું હોય છે, જેને કાઢિયો કહે છે. ત્યાં કાચા પત્થરો મૂકીના ખેતરના લેવલથી ૪-૬ ઈંચ ઊંચું રાખ્યું હોય, જેથી પાણી વહી જાય, પણ માટી બચી જાય (જુઓ ફોટો ૧). હવે એ પાણી રોકવું હોય તો? એટલે કાઢિયાને એક બે ફીટ ઊંચો કરી દીધો. પહેલા વરસાદનું પાણી ખેતરમાં ભરાયું અને નીચે જમીનમાં ઊતરી ગયું. પાછો વરસાદ આવ્યો. પાછું એમ જ થયું. એમ ત્રીજી વાર પણ થયું. હવે વાવણીનો સમય થઈ ગયો. એટલે કાઢિયો તોડી નાંખીને પાણી કાઢી નાખવું પડ્યું (ફોટો ૨). બીજે વરસે આવું ન થાય એ માટે કાઢિયામાં નીચે સિમેન્ટના પાઈપ મૂકી દીધા (ફોટો ૩). પાણી રોકવું હોય ત્યારે પાઈપ બંધ કરી દેવાના અને પછી કાઢી નાખવું હોય ત્યારે ત્યારે પાઈપ ખોલી નાખવાના. ત્યાર પછી વળી લેવલિંગ કરવા ખેડૂત ખેતરમાં માટી અને મોરમ પૂરીને ખેતરનું લેવલ કાઢિયાના લેવલ જેટલું જ કરી દે તો શું કરવું ? જવાબ ૪ નંબરના ફોટામાં મળે છે. દરેક કામમાં સુધારા કરતા જવાની આવી જ ચીવટ જોવા મળે.

આટલી ઉંમરે પણ પ્રેમજીબાપા આવાં કામો કરી શક્યા તેમાં લીમેશભાઈ, મેણસીભાઈ, અશ્વિનભાઈ જેવા તેમના યુવાન સાથીદારો તેમજ એમના વાહનના 'પાઈલોટ' ધીરુભાઈનો ફાળો મોટો. સૌ રાત દિવસ જોયા વગર એમનો પડ્યો બોલ ઝીલવા તૈયાર હોય.

રાજકોટ જિલ્લા ડી.આર.ડી.એના નિયામકો અને જિલ્લાની બીજી સ્વૈચ્છિક સંસ્થાઓનો ફાળો પણ નાનો નહીં જ ગણાય. એ સૌએ આટલા વર્ષ સુધી એમને જીરવ્યા એટલું જ નહીં, પણ એમના અભિગમનું મૂલ્ય પણ સમજ્યા. એમના અનુભવના આધારે રાજકોટ જિલ્લામાં વોટરશેડના બધાં કામો SORના દરે નહીં, પણ વાસ્તવિક ખર્ચના આધારે જ થયા. આવું ભાગ્યે જ બીજા કોઈ જિલ્લામાં થયું હશે. 'ઓરપટ' અને સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ જેવી બીજી કેટલીયે સંસ્થાઓએ આવાં જ તગડાં કામો કર્યા છે. એટલે વોટરશેડના કામમાં રાજકોટ જિલ્લો નંબર વન બને એમાં શું નવાઈ ? •

ક્ષમતા ઊભી થઈ ગઈ છે એ વાત પણ સાચી નથી. ખરેખર તો આ ચેક ડેમોએ અગાઉ સમુદ્રમાં વહી જતા પાણીને સંઘરવાની ક્ષમતા ઊભી કરી છે અને પરિણામે ઉપયોગ માટે વધારે પાણી ઉપલબ્ધ કરી આપ્યું છે. આ ઉપરાંત ઓછા અને અનિયમિત વરસાદવાળા વિસ્તારોમાં તો પાણી સંઘરી શકવાની જેટલી વધારે ક્ષમતા ઊભી થાય તે સારું જ છે. ઉપરવાસમાં અસંખ્ય ચેક ડેમો બન્યા હોવા છતાં સરકારી જળાશયોમાં પાણી આવે જ છે જે પૂરેપૂરું શહેરોને જ મળી રહ્યું છે. આ ઉપરાંત નર્મદા પાઇપલાઇનમાંથી પણ તેમને પાણી મળવાની શરૂઆત થઈ ગઈ છે. આમ, ઉપરવાસના ખેડૂતો શહેરોના ભોગે પાણી મેળવી રહ્યા હોવાની વાત ટકી શકે એવી નથી.

સૌરાષ્ટ્રમાં બીજાને ભોગે પોતા માટે પાણી મેળવી લેવાનું કામ ખરેખર તો સિંચાઈ માટે ઊભાં કરાયેલાં સરકારી જળાશયોનું પાણી જ્યારે આડેધડ શહેરોને ફાળવી આપવામાં આવેલું ત્યારે થયેલું. અને સૌરાષ્ટ્રના ખેડૂતોએ એ મૂળ અન્યાયનો કેવો રચનાત્મક અને કલ્પનાશીલ પ્રતિભાવ આપ્યો છે ! અન્યાય સામે કાગારોળ મચાવીને ઉપલબ્ધ પાણીની ન્યાયી વહેંચણી માટે લડવામાં સમય વ્યય કરવાને બદલે તેમણે પોતાની મેળે જ પોતા માટે નવું વધારાનું પાણી ઉપલબ્ધ કરવાનો માર્ગ અખત્યાર કર્યો. આ અભિયાનનું આ જ સૌથી આકર્ષક પાસું છે. એને બીજાના ભોગે પોતા માટે પાણી મેળવી લેવાની ગળાકાપ સ્પર્ધા તરીકે કઈ રીતે વર્ણવી શકાય?

જોકે અહીં એ પણ નોંધવું જોઈએ કે નીચેવાસના કમાન્ડ વિસ્તારના ખેડૂતોને સરકારી જળાશયોમાંથી સિંચાઈ માટે ભાગ્યે જ પાણી મળે છે. પરંતુ ઉપરવાસમાં ચેક ડેમો બન્યા ત્યાર પહેલાં પણ તેમની સ્થિતિ તો આવી જ હતી. ઉપરવાસના ખેડૂતોની જેમ તેઓ પણ મુખ્યત્વે સિંચાઈ માટે કૂવા પર જ આધારે રાખે છે. અને ઉપરવાસના ખેડૂતોની જેમ જ ભૂગર્ભજળના રિચાર્જ માટે તેઓ ચેક ડેમો બાંધી રહ્યા છે. આમ, આ અભિયાન માત્ર ઉપરવાસના વિસ્તારો પૂરતું જ સીમિત નથી રહ્યું.

## બાષ્પીભવનનો સવાલ

આ અંગે ટીકાકારોની મુખ્ય દલીલ એ છે કે સૌરાષ્ટ્રની સૂકી અને ગરમ આબોહવાને કારણે બાષ્પીભવનનું પ્રમાણ ઘણું વધારે છે અને છીછરા તળાવમાં સંઘરાયેલા પાણીમાં હંમેશા બાષ્પીભવન વધારે થાય છે. જ્યારે સરકારી જળાશયો વધારે ઊંડાં હોવાને કારણે એમાંથી બાષ્પીભવન ઓછું થાય છે. અને ચેક ડેમ પાછળનાં છીછરાં તળાવોમાંથી મોટાભાગનું પાણી તો બાષ્પીભવનથી જ ઊડી જતું હશે.

આ દલીલ પણ ટકી શકે એવી નથી. હકીકત તો એનાથી સાવ ઊંધી જ જોવા મળે છે. સૂકી અને ગરમ આબોહવાને કારણે જ વરસાદનું પાણી જ્યાં પડે ત્યાં જ રોકીને ભૂગર્ભમાં ઉતારી દેવામાં આવે તે જ વધારે સારું છે. સરકારી જળાશયોમાં તો ઉનાળાના દિવસોમાં પણ જે પાણી હોય છે જેમાંનું મોટાભાગનું પાણી બાષ્પીભવનથી ઊડી જાય છે. ગુજરાત સરકારના નર્મદા અને જળ સંસાધન વિભાગના સચિવ એમ.એસ. પટેલના જણાવ્યા અનુસાર સૌરાષ્ટ્રનાં સરકારી જળાશયોમાંથી દર વર્ષે ૬૦૦ મીલીયન ઘનમીટર જેટલું પાણી બાષ્પીભવનથી ઊડી જાય છે, જે આખા સૌરાષ્ટ્રની પીવા તેમજ ઘરવપરાશ માટેની વાર્ષિક ૫૦૦ મીલીયન ઘનમીટર પાણીની જરૂરિયાત કરતાં પણ વધારે છે.

બીજી બાજુ ચેક ડેમો પાછળ સંઘરાયેલું બધું પાણી ફેબ્રુઆરી-માર્ચ આવતા પહેલાં તો ભૂગર્ભમાં ઊતરી ગયું હોય છે. એટલે બાષ્પીભવનથી ઊડી જવાનો કોઈ સવાલ રહેતો નથી. ભૂગર્ભજળ અને સપાટી પરના પાણી વચ્ચેના આ જોડાણની પધ્ધતિને જ આ નિષ્ણાતોએ નજરઅંદાજ કરી છે. ખરેખર તો પાણીની અછતવાળા આવા સૂકા વિસ્તારોમાં સપાટી પરનું પાણી અને ભૂગર્ભજળને અલગ અલગ ન જોતાં એક જ સંસાધન તરીકે જોવા જોઈએ. આ પાયાની વાત જ સરકારી યોજનાઓ તેમજ નિષ્ણાતોએ અવગણી છે, જ્યારે ખેડૂતોએ પોતાની કોઠાસૂઝથી પારખી લીધી છે.

અને ચેક ડેમની પાછળ સંઘરાયેલાં પાણીમાંથી મોટા ભાગનું પાણી તો તળમાં ઝમી જાય છે, જે ઉનાળો શરૂ થતાં પહેલાં તો શિયાળુ પાક માટે જ વપરાઇ જાય છે. તળનાં પાણી અને સપાટી પરનાં પાણી વચ્ચેના આ સંબંધને ઘણા નિષ્ણાતો નજરઅંદાજ કરતા હોય એમ લાગે છે. સૂકા વિસ્તારોમાં આ બન્ને પાણીને એક જ સંસાધન તરીકે માનવામાં આવવું જોઈએ, અને નહીં કે જુદા જુદા સંસાધન તરીકે. ખેડૂતોએ આ બાબત પોતાની કોઠાસૂઝથી પારખી લીધી, પણ સરકારે અને ઘણા નિષ્ણાતોએ એને ધ્યાન પર લીધી નથી.

## ભૂગર્ભજળ રિચાર્જ થવાની મર્યાદિત ક્ષમતા

કેટલાક નિષ્ણાતો વળી કહે છે કે બેસાલ્ટવાળા ભૂસ્તરનો રિચાર્જ દર માંડ ૮-૧૦ ટકા જેટલો જ છે અને પરિણામે ભૂગર્ભમાં પાણી સંઘરવાની ક્ષમતા ઘણી ઓછી છે. તેમના મતે સૌરાષ્ટ્રના ભૂગર્ભમાં હેકટરે માંડ ૪૦૦-૫૦૦ ઘન મીટર જેટલું પાણી સંઘરી શકાય છે, જે એક પાકની પાણીની જરૂરિયાત કરતાં પણ ઘણું ઓછું છે. બીજા શબ્દોમાં કહીએ તો માંડ ૫ ઈંચના વરસાદમાં પણ તેના ભૂગર્ભજળનાં

એકવીફર પૂરેપૂરાં છલકાઈ જશે અને ત્યાર પછીનું વધારાનું બધું પાણી સપાટી પર નદીનાળાંઓમાં રીજેક્ટેડ રિચાર્જ તરીકે પાછું ફેંકાઈ જશે. આમ, આટલા મોટા પાયે ચેક ડેમો બાંધવા છતાં એનાથી સૌરાષ્ટ્રના ખેડૂતો માટે પાણીની ઉપલબ્ધિમાં ખાસ કોઈ વધારો નહીં થાય.

અહીં પણ આ ટીકાકારોને એટલું જ પૂછવાની જરૂર છે કે જો આમ જ હોય, તો પછી ઉપરવાસના ખેડૂતો વહી જતાં પાણીને રોકી લે છે તેને પરિણામે નીચેવાસનાં સરકારી જળાશયો નકામાં બની જશે એવી કાગારોળ કર્યા કરવાનો કોઈ મતલબ ખરો ? વળી, સરકારી આંકડા મુજબ તો સૌરાષ્ટ્રમાં કુદરતી રિચાર્જનું પ્રમાણ ૪૫૦૦ મીલીયન ઘનમીટર જેટલું છે, જેનો મતલબ એ થયો કે હેક્ટરે ૭૫૦ ઘનમીટર કરતાં પણ વધારે પાણી તો કુદરતી રીતે જ રિચાર્જ થાય છે. એ તો સ્પષ્ટ છે કે રિચાર્જ વધારવાનાં આ પગલાંઓ પછી તો એનાથી ઘણું વધારે પાણી રિચાર્જ થઈ રહ્યું હોવું જોઈએ. અહીં પણ ચેક ડેમો પાછળ સંઘરાયેલાં સપાટી પરનાં પાણી અને ભૂગર્ભનાં પાણી વચ્ચેના ગતિશીલ સંબંધને ધ્યાન પર નથી લેવાયો લાગતો. હકીકત તો એ છે કે ભૂગર્ભજળ અંગે તેમજ સપાટી પરના પાણી સાથેની તેની સંકુલ અને ગતિશીલ આંતરક્રિયાઓ અંગે આપણે ત્યાં જોઈએ એવા અભ્યાસો જ નથી થયા!

એકંદરે એમ લાગી રહ્યું છે કે 'સરકારી જળાશયો ખતમ થઈ જશે'નો હાઉ આ બધા નિષ્ણાતો પર એવો તો છવાઈ ગયો છે કે સૌરાષ્ટ્રના આ જળસંચય અભિયાનમાં હકીકતમાં ખરેખર શું થઈ રહ્યું છે તેનો વ્યવસ્થિત અભ્યાસ તેઓ નથી કરી શક્યા. એ અભ્યાસોની કસોટીમાં પોતાની થિયરીઓ ખરી ઊતરે છે કે નહીં તે ચકાસવાનું અને એમાંથી જરૂરી પદાર્થપાઠ લેવા એ તો દૂરની વાત થઈ! ઘણી વાર 'કેન્દ્રિત આયોજિત વિકાસ'ના માહોલમાં ઊછરેલા મોટાભાગના નિષ્ણાતો વિકેન્દ્રિત બિન-આયોજિત વિકાસની દેખીતી રીતે 'અરાજક' લાગતી સ્વયંભૂ પ્રક્રિયાઓ કઈ રીતે વ્યાપક સ્તરે સારાં પરિણામો આપી શકે છે એ સમજી નથી શકતા.

સૌરાષ્ટ્રના ખેડૂતોને, અલબત્ત, નિષ્ણાતોના અભ્યાસોની રાહ જોવાનું પાલવે એમ નહોતું. એવા અભ્યાસોની તેમને જરૂર પણ નથી. પોતાના ખેતરમાં અને કૂવામાં જે નક્કર પરિણામો મળી રહ્યાં છે તે એમને માટે પૂરતાં છે. ઠેર ઠેર કૂવાઓમાં પાણીનાં તળ ઊંચાં આવ્યાં હોવાના અને એને કારણે ખેતઉત્પાદન વધ્યા હોવાના દાખલા જોવા મળે છે. સરેરાશ વરસાદનાં વરસોમાં ચોમાસુ અને શિયાળુ એમ બે પાકો તો સુનિશ્ચિત થઈ ગયા છે. ઓછા વરસાદનાં વરસોમાં પણ કમ સે કમ ચોમાસુ ખેતી તો નિષ્ફળ નહીં જાય એટલું પાકું થઈ ગયું છે અને આમ, દુષ્કાળ એ ભૂતકાળની બાબત બની ગઈ છે. ખેતીની વધતી

## જળસંચય અભિયાન અને પાણીના અધિકારો

સૌરાષ્ટ્રનું જળસંચય અભિયાન મૂળે તો પાણી પરના લોકોના અધિકાર પુનઃપ્રસ્થાપિત કરવાનું જ અભિયાન છે.

આપણે ત્યાં કાયદામાં તો અંગ્રેજ 'કોમન લો'ની અસર હેઠળ પાણી પર લોકોના *riparian* અધિકારોની વાત સ્વીકારાયેલી છે. એટલે કે નદી નાળામાંથી વહેતું પાણી એ જળસ્રાવ વિસ્તારમાં રહેતા બધા લોકોની સંયુક્ત માલિકીનું ગણાય. દરેકને પોતાના વિસ્તારમાંથી વહેતા પાણીનો ઉપયોગ કરવાનો અધિકાર. શરત એટલી જ કે એ રીતે ઉપયોગ કરવાના નીચેવાસના લોકોના અધિકારોને આંચ આવવી જોઈએ નહીં. 'વહેલો તેનો પહેલો'ની વાતને આ વ્યવસ્થામાં કોઈ સ્થાન નહીં.

છેલ્લાં ૫૦ વર્ષમાં નદીઓના પાણીનો ઉપયોગ સિંચાઈ અને શહેરોના વપરાશ માટે થઈ શકે તે હેતુસર નદીઓ પર બંધો બનાવીને જળાશયો તૈયાર કરવાની તેમજ એમાંથી નહેરો કાઢવાની પ્રક્રિયા ચાલી. સપાટી પરનાં જળસંસાધનો વિકસાવવાનું કામ રાજ્ય સરકારે જ કર્યું. અને પરિણામે સપાટી પરના આ પાણી ઉપર સરકારની ઈજારાશાહી સ્થપાઈ ગઈ. આ યોજનાઓના આયોજન, બાંધકામ અને વ્યવસ્થાપનમાં લોકોની કોઈ ભાગીદારી રહી નહીં. અને જે આયોજનો થયા, સંઘરાયેલા પાણીની જે રીતે ફાળવણી કરવામાં આવી એને કારણે આ પાણીનો લાભ જળસ્રાવ વિસ્તારના બધા લોકોને મળવાને બદલે કેટલાક ખાસ પોકેટના લોકોને જ મળ્યા. ઉપરવાસ તેમજ નીચેવાસ એમ બંને પ્રદેશોના લોકોના *riparian* અધિકારો ગંભીર રીતે ઉવેખાયા. અને આપણે જોયું તેમ સૌરાષ્ટ્ર જેવી પાણીની અછતવાળા પ્રદેશોમાં તો પાણીની ફાળવણીમાં મનમાની રીતે ફેરફાર કરીને ગામડાંની જરૂરિયાતોના ભોગે શહેરોની જરૂરિયાતો સંતોષવામાં આવી. બળિયાના બે ભાગનો ન્યાય ચાલ્યો.

સૌરાષ્ટ્રના જળસંચય અભિયાનના પાયામાં આ અન્યાય સામેની લડતની વાત પણ રહેલી છે. એ લડતનું સ્વરૂપ સાવ અનોખું છે. રેલીઓ કાઢીને માંગપત્રો આપવાને બદલે સરકારે પોતે જે રીતે પાણી પરનો પોતાનો એકહથ્થુ અધિકાર પ્રસ્થાપિત કરેલો, એ જ રીતે હવે લોકો પોતાના અધિકાર પ્રસ્થાપિત કરી રહ્યા છે — પોતાના વિસ્તારમાં પડતા વરસાદના પાણીને ઝીલવાને બંધો બનાવીને. પરિણામે સપાટીના પાણી ઉપરની સરકારની ઈજારાશાહી તૂટી રહી છે અને લોકોના પોતાના *riparian* અધિકારો ફરીથી પ્રસ્થાપિત થઈ રહ્યા છે. સૌરાષ્ટ્રના લોકો એ વાતથી પૂરેપૂરા વાકેફ છે કે તેઓ માત્ર ચેક ડેમ નથી બનાવી રહ્યા, પરંતુ પાણી પરના આધિકારો પ્રસ્થાપિત કરી રહ્યા છે. 'ઘરનું પાણી ઘરમાં, ખેતરનું પાણી ખેતરમાં, સીમનું પાણી સીમમાં અને ગામનું પાણી ગામમાં' દેખીતી રીતે સરળ લાગતું સૂત્ર આ વાતની પ્રતીતિ કરાવે છે.

અને સૌથી મઝાની વાત તો એ છે કે આ આખી પ્રક્રિયામાં પાણી સંઘરવાની કુલ ક્ષમતા પણ વધી રહી છે જેના પરિણામે પાણીની કુલ ઉપલબ્ધિ પણ વધી છે. અગાઉ જેમણે બધું પાણી કબ્જે કરી લીધેલું તેમને પણ ખાસ આંચ નથી આવી. દુશ્મનને પણ દોસ્ત બનાવી દે તેવી આ લડત છે. •

આવકના પરિણામે ઘેર ઘેર નવાં પાકાં મકાનો બની રહ્યાં છે. જે વિસ્તારના લોકો પહેલાં કામની શોધમાં બીજે સ્થળાંતર કરી જતા હતા તે વિસ્તારો હવે પંચમહાલ અને અન્ય વિસ્તારના આદિવાસીઓને ખેતીમાં રોજી પૂરી પાડતા થઈ ગયા છે. એક અંદાજ મુજબ દર વર્ષે ૩ થી ૪ લાખ જેટલા આદિવાસીઓ મજૂરીની શોધમાં સૌરાષ્ટ્રમાં આવતા હશે. દિવાળીની આસપાસ આવે અને હોળીની આસપાસ પાછા પોતાના વતન જતા રહે. કેટલાક તો વળી કાયમી વસવાટ પણ કરવા માંડ્યા છે. ખેતીમાં મજૂરીના દર વધી ગયા છે અને સિઝનમાં રોજના સો રૂપિયાથી પણ વધી જાય છે. ખેતીની સ્થિતિ સુધરતાં જે લોકો સુરત હીરા ઘસવા સ્થળાંતર કરી ગયેલા તેમાંથી પણ ઘણા પોતાના વતનમાં પાછા ફરીને ખેતી કરવા માંડ્યા છે. ગામડાંઓની પીવા તેમજ ઘરવપરાશના પાણીની કટોકટી તો પૂરેપૂરી દૂર થઈ ગઈ છે. (અલબત્ત, કાંઠાના વિસ્તારોમાં જ્યાં દરિયાનાં ખારાં પાણી ભૂગર્ભજળમાં ધસી આવ્યાં છે ત્યાં એ સમસ્યા હજી ઊભી જ છે. પરંતુ એ વિસ્તારોમાં પણ આજે હવે પીવા અને ઘરવપરાશના પાણી માટેની પહેલાં જેવી બૂમરાણો નથી જોવા મળતી, તેનું એક અગત્યનું કારણ એ છે કે અંતરિયાળ વિસ્તારોનાં ગામોમાં જ્યાં પાણીની સ્થિતિ સુધરી છે ત્યાંથી ટેન્કરો મારફત આ કાંઠાના વિસ્તારોમાં પાણી પહોંચાડાઈ રહ્યું છે. એ માટેનું સ્વયંભૂ બજાર ઊભું થઈને વિકાસ પામ્યું છે.)

રાજકોટ જિલ્લાના જામકંડોરણાની આસપાસનાં ગામોમાં 'વૃક્ષ પ્રેમ' દ્વારા જ્યાં કામો થયાં છે તે ગામોમાં ફરતી વખતે આ પરિણામો મેં નજરે જોયાં છે. પરંતુ વ્યાપકપણે સૌરાષ્ટ્રના બીજા વિસ્તારોમાં આવાં જ પરિણામો આવી રહ્યાં હોવાના ઘણા અહેવાલો છે. કેટલીક બાબતો સૌરાષ્ટ્રના વિસ્તારોમાં થઈને મુસાફરી કરતી વખતે પણ સહેલાઈ જોઈ શકાય છે. આવાં પરિણામો આવતાં હોય ત્યારે પંદર વર્ષે પણ આ જળસંચય અભિયાન હજી ધીમું પડ્યું નથી તેમાં કોઈ નવાઈ ખરી?

## અભિયાનના વ્યાપક સૂચિતાર્થો

સૌરાષ્ટ્રના આ જળસંચય અભિયાનના વ્યાપક સૂચિતાર્થો શું, એ સવાલ સહેજે પેદા થાય. એ તો સ્પષ્ટ છે કે સૌરાષ્ટ્રના આ અનુભવને કાંઈ અપવાદરૂપ ખાસ કિસ્સા તરીકે જ જોઈ ના શકાય. પાણીની અછતવાળા એના જેવા દેશના બીજા ભાગોમાં પણ પાણીસંચયના આવા વિકેન્દ્રિત ઉપાયો કારગર નહીં નીવડે એમ માનવાને કોઈ જ કારણ નથી. અલબત્ત, સ્થાનિક પરિસ્થિતિ મુજબ એમાં જરૂરી સુધારા -વધારા કરવા પડે. રાજસ્થાન અને મધ્યપ્રદેશના આવા વિસ્તારોમાં જ્યાં આવા પ્રયત્નો થઈ રહ્યા છે, ત્યાં પણ તે સફળ થઈ રહ્યા હોવાના અહેવાલો મળી જ રહ્યા છે. આમ, પાણીની અછતની કટોકટી દૂર કરવામાં ક્યા કામોને પ્રોત્સાહન આપવાની જરૂર છે તેની સ્પષ્ટ દિશા સૌરાષ્ટ્રના આ અભિયાનમાંથી મળી રહે છે.

પરંતુ આની સાથે જ કેવા વિસ્તારોમાં આવાં સ્થાનિક વિકેન્દ્રિત જળસંચયનાં કામોથી પરિસ્થિતિમાં ખાસ સુધારો નહીં થાય એ પણ સ્પષ્ટપણે સમજી લેવા જેવું છે. ગુજરાતની જ વાત કરીએ તો એ તો સ્પષ્ટ છે કે ઉત્તર ગુજરાતના મેદાની પ્રદેશોમાં જ્યાં ૪૦૦-૫૦૦ ફીટથી પણ વધારે ઊંડા એક્વીફરોમાંથી બોરવેલની મદદથી પાણી ઉલેચાઈ રહ્યાં છે ત્યાં વરસાદી પાણી ઝીલવાના આવા સ્થાનિક પ્રયત્નો ખાસ કારગર નહીં નીવડે. એક તો મેદાની પ્રદેશ હોવાને કારણે ચેક ડેમ બનાવી શકાય એવી જગ્યા જ બહુ ઓછી હોય. બીજું, જમીનોમાં રેતીનું પ્રમાણ વધારે હોવાથી તેમજ સપાટ વિસ્તાર હોવાથી, કશું ન કરીએ તો પણ વરસાદનું મોટાભાગનું પાણી નીચે ઊતરી જ જાય છે. પરંતુ મુખ્ય પ્રશ્ન એ છે કે જે ઊંડાઈએથી પાણી ઉલેચાઈ રહ્યાં છે ત્યાં સુધી પહોંચતાં પહેલાં એ પાણી ક્યાં ખોવાઈ જાય તેની જ કોઈને ખબર નથી પડતી. ઉત્તર ગુજરાતના ખેડૂતોને તો ખબર જ છે કે આવા સ્થાનિક પ્રયત્નોથી પરિસ્થિતિમાં ખાસ ફરક નહીં પડે. એટલે સરકારે તો તેની રાબેતા મુજબની રીતે ઉત્તર ગુજરાત માટે પણ ચેક ડેમ માટેની ૬૦% -૪૦% ની યોજનાની જાહેરાત કરેલી હોવા છતાં તેને ખાસ પ્રતિસાદ મળ્યો નથી.

આવા વિસ્તારોની પાણીની અછતની સમસ્યા ઉકેલવી ખરેખર ખૂબ અઘરી છે. અત્યારે તો ખેડૂતો ધીરે ધીરે ઓછા પાણીએ વધારે આવક આપતી બાગાયતી ખેતી તેમજ પાણીનો બચાવ કરતી ડ્રીપ અને સ્પ્રીંકલર ટેકનોલોજી તરફ વળી રહ્યા છે, જે આવકારદાયક છે. પરંતુ લાંબા ગાળાનો વિચાર કરીએ તો બહારથી પાણી લાવવાના વિકલ્પ અંગે પણ ગંભીરતાથી વિચાર કરવો જ પડે. સૌરાષ્ટ્રમાં પણ આવનારા દિવસોમાં શહેરોની વધતી જરૂરિયાતને ધ્યાનમાં રાખીએ તો તેમાં નર્મદા પાઈપલાઈનથી મળનાર પાણીની ભૂમિકા મહત્ત્વની રહેવાની જ છે. અલબત્ત, સ્થાનિક કક્ષાએ જેટલું કરી શકાય તે પહેલાં કરી લેવું જોઈએ. અને પાણીની અછતથી પીડાતા દેશના ઘણા વિસ્તારોમાં આવાં કામો માટેનો મોટો અવકાશ છે. સામાન્ય માન્યતાથી વિપરીત, ઘણે ઊંડેથી પાણી ઊલેચવું પડતું હોય તેવા ઉત્તર ગુજરાત જેવા વિસ્તારો પ્રમાણમાં ઓછા છે અને કેટલાક ચોક્કસ પોકેટ્સ પૂરતા જ મર્યાદિત છે. બાકીના વિસ્તારોમાં તો સૌરાષ્ટ્રની જેમ જ વરસાદનું પાણી ઝીલીને એને ભૂગર્ભમાં ઉતારવાના વિકેન્દ્રિત હસ્તક્ષેપોનાં ઘણાં સારાં પરિણામો મેળવી શકાય, એમાં શંકાને કોઈ સ્થાન નથી. •

# આ NPV વળી શું ચીજ છે ?

*- તૃપ્તિ પારેખ*

૧૧મી ફેબ્રુઆરી ૨૦૦૬ની સવાર. અમદાવાદ મુકામે સર્કિટ હાઉસ એનેક્ષીના વેઇટિંગ રૂમમાં મહારાષ્ટ્ર-મુંબઇ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ગુજરાતનાં વિવિધ સ્થળોથી આવેલા ઉદ્યોગપતિઓ, આદિવાસી સંગઠનો, સ્વૈચ્છિક સંસ્થાઓ, પર્યાવરણવાદી સંગઠનો, સરકારી અધિકારીઓ, કોર્પોરેશનના અધિકારીઓ, એકેડેમિશીયનો, વકીલો અને અર્થશાસ્ત્રીઓનો હેરતભર્યો શંભુમેળો ભેગો થયો હતો. સૌ નાનાં-મોટાં જૂથમાં, નાના-મોટા સાદમાં અને ભાવાવેશથી ચર્ચા કરી રહ્યા હતા. કોઈ ગુસ્સામાં, તો કોઇ નિરાશાથી પોતાનો ઊભરો ઠાલવી રહ્યા હતા. તો બીજા વળી ખુશ જણાતા હતા. એવો તો એ ક્યો પ્રસંગ હતો જેને માટે આવા વિવિધ સમૂહોનો આ શંભુમેળો ભેગો થયો હતો ? અને શું હતો એમની ચર્ચાનો વિષય ? પ્રસંગ હતો સુપ્રીમ કોર્ટે જંગલોની નેટ પ્રેઝન્ટ વેલ્યુ (NPV) નક્કી કરવા માટે નીમેલી એક્ષ્પર્ટ કમિટિની જાહેર સુનાવણીનો. એટલે સ્વાભાવિક જ બધા ચર્ચા પણ આ NPVની જ કરી રહ્યા હતા.

### આ NPV વળી શું છે ?

અહીં સહેજે સવાલ પેદા થાય કે જે વિષય પર આટલા બધા જુદા જુદા પ્રકારના લોકો એક સાથે પોતપોતાની રજૂઆત કરવા ભેગા થયા તે NPV વળી છે શું ચીજ? એ માટે આપણે સુપ્રીમ કોર્ટમાં ૧૯૯૫થી ચાલતા અને 'વન કેસ' તરીકે જાણીતા થયેલા ટી.એન.ગોદાવર્મન વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયાના કેસની કેટલીક આંટીઘૂંટીઓ સમજવી પડશે. આ કેસના માધ્યમથી સુપ્રીમ કોર્ટે દેશભરમાં વનવ્યવસ્થાપનને લગતી તમામ બાબતોને પોતાના સીધા નિયંત્રણ અને નિગરાની હેઠળ મૂકી દીધી છે (જુઓ 'ખોજ' અંક ૨). એને લગતા તેના હુકમોનો બરાબર અમલ થઈ રહ્યો છે કે નહીં તેના પર નજર રાખવા વન અધિકારીઓ અને પર્યાવરણવાદીઓની બનેલી એક સેન્ટ્રલ એમપાવર્ડ કમિટી (સી.ઈ.સી.)ની પણ સ્થાપના કરી છે. ત્યારથી જંગલો અને જંગલજમીનને લગતો કોઈ પણ મહત્ત્વનો નિર્ણય સુપ્રીમ કોર્ટ કે સી.ઈ.સી.ની મંજૂરી વગર લઈ શકાતો નથી. આ સંજોગોમાં વિકાસ યોજનાઓ કે અન્ય કારણોસર જંગલની જમીન બિનજંગલ ઉપયોગ માટે હસ્તાંતરિત કરવાની થાય ત્યારે જંગલના વિનાશને ભરપાઈ કરવા માટે શું પગલાં લેવાઈ રહ્યાં છે અને એમાં શું સુધારા કરવા જોઈએ એ સવાલ ૨૦૦૦ની સાલમાં કોર્ટના ધ્યાન ઉપર આવ્યો. ૧૯૮૦ના વન (સંરક્ષણ) અધિનિયમની જોગવાઈઓ મુજબ જ્યારે કોઇ પણ જંગલજમીનને બિનજંગલ હેતુ માટે હસ્તાંતરિત કરવાની થાય ત્યારે એ માટે કેન્દ્ર સરકારના વન અને પર્યાવરણ મંત્રાલયની મંજૂરી લેવી જરૂરી છે. અને ત્યાં સુધી સામાન્ય રીતે મંત્રાલય આવી મંજૂરી કોમ્પેન્સેટરી એફોરેસ્ટેશનની શરતે આપતું. એટલે કે જંગલની જેટલી જમીન બિનજંગલ ઉપયોગ માટે હસ્તાંતરિત કરવાની હોય એટલી બીજી બિનજંગલ જમીન જે તે એજન્સીએ ખરીદી કે સંપાદન કરીને વન વિભાગને સોંપવી અને એમાં વૃક્ષો ઉછેરવા માટેનો તમામ ખર્ચ પણ આપવો અથવા વનીકરણ કરવું. જે એજન્સીઓ આ રીતે કોમ્પેન્સેટરી એફોરેસ્ટેશન માટેનાં નાણાં ચૂકવવા તૈયાર હોય એને માટે જંગલજમીન મેળવવાની મંજૂરી મળે.

૨૦૦૦ની સાલમાં દરેક રાજ્યમાં આવા કોમ્પેન્સેટરી એફોરેસ્ટેશનના કામમાં કેટલી પ્રગતિ થઈ છે તેના આંકડા તપાસતી વખતે સુપ્રીમ કોર્ટના ધ્યાનમાં આવ્યું કે જે તે એજન્સીઓ મારફત રાજ્યના વન વિભાગોને જમીનો અને નાણાં તો ચૂકવાઈ ગયાં હતાં, પરંતુ એનો ઉપયોગ કરીને જરૂરી પ્લાન્ટેશનો ઊભા કરવામાં ખાસ પ્રગતિ ન્હોતી થતી અને મળેલ ફંડનો મોટો હિસ્સો એમ જ વપરાયા વગર પડી રહેતો હતો. આ સ્થિતિનો અભ્યાસ કરીને એને નિવારવા માટે શું કરવું જોઈએ એની ભલામણ કરવાનું કામ કોર્ટે સી.ઈ.સી.ને સોંપ્યું.

૨૦૦૨માં કરેલી ભલામણોમાં સી.ઈ.સી.એ એ માટે કેન્દ્રીય સ્તરે એક 'કોમ્પેન્સેટરી એફોરેસ્ટેશન ફંડ' ઊભું કરવાની અને જે તે એજન્સીઓ પાસેથી કોમ્પેન્સેટરી એફોરેસ્ટેશન તેમજ વનીકરણને લગતાં બીજાં કામો માટે જે કાંઈ ભંડોળ મળે તે રાજ્ય સરકાર હસ્તક ન રાખતાં આ કેન્દ્રીય ફંડમાં જમા કરાવવાની ભલામણ કરી. અને એના વહીવટ માટે

'કોમ્પેન્સેટરી એફોરેસ્ટેશન ફંડ મેનેજમેન્ટ એન્ડ પ્લાનિંગ ઓથોરિટી' (CAMPA)ની રચના કરવાનું પણ સૂચવ્યું. પરંતુ એ ઉપરાંત સી.ઈ.સી.એ સાથે સાથે એક બીજી વાત પણ ઉમેરી કે જેમને માટે જંગલજમીનો હસ્તાંતરિત કરવામાં આવે એ એજન્સીઓ પાસેથી માત્ર કોમ્પેન્સેટરી એફોરેસ્ટેશન માટેનાં જ નાણાં લેવામાં આવે એ પૂરતું નથી. કારણકે એ કોમ્પેન્સેટરી એફોરેસ્ટેશનના કાર્યક્રમોમાં જે પ્લાન્ટેશન કરવામાં આવે એનાથી જે તે યોજનાથી કુદરતી જંગલોનો જે વિનાશ થાય તેની નુકસાની કાંઈ પૂરેપૂરી ભરપાઈ નથી થતી. એટલે કોમ્પેન્સેટરી એફોરેસ્ટેશન ઉપરાંત જેટલું જંગલ હસ્તાંતરિત કરવાનું હોય તેટલા જંગલની Net Present Value (NPV) ની કિંમત પણ વસૂલ કરવી અને એ રકમ પણ 'કેમ્પા' હસ્તકના કેન્દ્રીય ફંડમાં જમા કરાવવી. એટલે કે જેટલી જંગલજમીન હસ્તાંતરિત કરવાની હોય કે બિનજંગલ હેતુ માટે વાપરવાની હોય એટલા ક્ષેત્રફળના જંગલમાંથી સીધા કે આડકતરા જે લાભો મળતા હોય તે તમામ લાભોનું નાણાંકીય મૂલ્ય નક્કી કરવું અને એની જે કિંમત થતી હોય તે વસૂલ કરવી. એ માટે જંગલમાંથી મળતા લાભોમાં લાકડું, ગૌણ વન પેદાશ વગેરેની કિંમત તો આવે જ, એ ઉપરાંત માટીનું ધોવાણ અટકાવવાના, કાર્બન ડાયોક્સાઈડ શોષી લેવાના, અને એ રીતે ગ્લોબલ વોર્મિંગ ઓછું કરવાના, જૈવિક વિવિધતા જાળવવાના પર્યાવરણીય લાભો વગેરેનું પણ નાણાંકીય મૂલ્ય નક્કી કરવાનું. આ NPVની ગણતરી કઈ રીતે કરવી તે માટે આખા દેશના બધા વિસ્તારો માટે મ.પ્ર. સરકારે વિક્સાવેલી જંગલની ઘનતાના આધારે હેક્ટરે ઓછામાં ઓછા રૂ. ૫.૮ લાખથી લઈને વધારેમાં વધારે રૂ. ૯.૨ લાખની કિંમત અપનાવવાની પણ ભલામણ કરી.

સુપ્રીમ કોર્ટે સી.ઈ.સી.ની આ ભલામણો સ્વીકારી લીધી અને અને એજન્સીઓ પાસેથી કોમ્પેન્સેટરી એફોરેસ્ટેશન ઉપરાંત ઉપર મુજબ NPVની કિંમત પણ વસૂલ કરવાનો અને એ બધાં નાણાં 'કેમ્પા' હસ્તકના કેન્દ્રીય ફંડમાં જમા કરાવવાનો હુકમ કર્યો. 'કેમ્પા' એ નાણાં ક્યાં અને ક્યા કામોમાં વાપરી શકે તેના નીતિનિયમો તૈયાર કરવાનો તેમજ એની સમિતિમાં સરકારી અધિકારીઓ ઉપરાંત બે પર્યાવરણવાદીઓને રાખવાનો હુકમ પણ કર્યો. તેમાં એક સવાલ એ આવ્યો કે જે રાજ્યમાંથી આ ભંડોળ આવ્યું હોય તે રાજ્યમાં જ એનો ઉપયોગ કરવો કે પછી બીજે પણ વાપરવા ? એ વિશે કોર્ટે સૂચના આપી કે કોમ્પેન્સેટરી એફોરેસ્ટેશનનાં નાણાં ભલે જે તે રાજ્યોમાં જ વાપરવામાં આવે, પરંતુ NPVનું ભંડોળ તો કેમ્પા દેશના ગમે તે ભાગમાં વાપરી શકશે. ૨૦૦૨ની સાલમાં સુપ્રીમ કોર્ટે આપેલા હુકમ બાદ આખા દેશમાં NPVની આ મડાગાંઠ શરૂ થઈ !

### હુકમની વ્યાપક અસરો

સુપ્રીમ કોર્ટના NPV અંગેના આવા હુકમની જાણકારી આમ તો અમને ઘણા વખતથી હતી. પરંતુ NPV ચૂકવવાની વાત તો બંધો અને ઉદ્યોગો જેવી મોટી વિકાસ યોજનાઓને જ લાગુ પડતી હશે એમ માનીને એના પર બહુ ધ્યાન ન્હોતું આપ્યું. પરંતુ પાછળથી ખબર પડી કે એ તો જંગલજમીનને બિનજંગલ ઉપયોગ માટે ફેરવવા માગતી તમામ યોજનાઓને પણ લાગુ પડે છે. પછી એ યોજના પીવાના પાણીની પાઈપલાઈન નાખવાની હોય, રસ્તા બનાવવાની હોય, ટેલીફોન કે વિજળીનાં દોરડાં નાંખવાની હોય કે કેનાલ કાઢવાની હોય - તમામને એ લાગુ પડે છે. એટલું જ નહીં, પેઢીઓથી જંગલોમાં રહેતા આદિવાસીઓની વર્ષો જૂની જમીનો નિયમબદ્ધ કરવાની હોય કે અંગ્રજોએ વેઠ માટે વસાવેલાં વન વસાહતનાં ગામો (Forest Villages)ને મહેસૂલી ગામોમાં ફેરવવાનાં હોય તો એને પણ એ લાગુ પડે છે. ૧૯૯૦માં વન વસાહતનાં ગામોને મહેસૂલી ગામોમાં ફેરવવાની દરખાસ્તો મંગાવતો પરિપત્ર કેન્દ્ર સરકારના વન અને પર્યાવરણ મંત્રાલયે બહાર પાડેલો, તેમ છતાં એ અંગે રાજ્ય સરકારે કેમ કોઈ દરખાસ્ત નથી મોકલી એની તપાસ કરતા ખબર પડી કે દરખાસ્ત તો તૈયાર છે પણ એ મોકલવી હોય તો એ દરખાસ્તની સાથે એમાં જેટલી જંગલજમીન રેવન્યૂમાં તબદીલ કરવાની થાય તેની NPV નો ચેક પણ સાથે મોકલવો પડે અને એ રકમ રાજ્યના વન વિભાગના ૩ વર્ષના કુલ બજેટ કરતાં પણ મોટી થાય. એટલા રૂપિયા સરકાર લાવે ક્યાંથી? આવું જ બધે જ બધી યોજનાઓમાં થવા માંડ્યું. રસ્તા જેવી પાયાની સુવિધામાં દાખલા તરીકે ૨૦ હેકટર જમીનની જરૂર હોય તો તે માટે પણ ઓછામાં ઓછી ૧ કરોડ ૧૬ લાખ રૂપિયાની NPV ચૂકવી આપવી પડે, જે કદાચ રસ્તાના બાંધકામની કિંમતથી પણ વધી જાય ! આમ, ઘણા કેસમાં યોજનાના કુલ ખર્ચથી પણ વધારે રકમની NPV ચૂકવવાની આવે. આ ખબર પડી ત્યારથી કોર્ટના હુકમ વગેરેનો અભ્યાસ કર્યો. જે જાણવા મળ્યું એનાથી તો ઘા જ ખાઇ ગયા !

દેશના દરેક ભાગમાં દરેક પ્રકારનાં વિકાસ કામો ઉપર આ ચુકાદાથી ઘણી માઠી અસરો પડે એ સ્વાભાવિક છે. સૌથી વધારે ખરાબ અસર ઉત્તર-પૂર્વી રાજ્યોમાં પડી, જ્યાં પહેલેથી વિકાસનાં કામો ઓછાં થયાં છે અને જે હાથ ધરાયેલાં તેમાંથી કેટલાયે કામોમાં NPVની જંગી રકમો ચૂકવવાની થતી હોવાથી ઠપ્પ થઈ ગયાં. અને જે ચૂકવવામાં આવે તે રકમ પણ પાછી ત્યાં જ ખર્ચવામાં આવશે તેની પણ કોઈ ખાતરી નહીં. આવા કારણોસર ચોફેરથી વિરોધના સૂર ઊઠવા માંડ્યા. બીજી બાજુ, ઘણાં પર્યાવરણવાદી જૂથોએ આ ચુકાદાને આવકાર્યો, કારણ કે

એનાથી વિકાસ યોજનાઓના અમલને રોકી પાડવાને કે એમાં અંતરાયો ઊભા કરવાને એક નવું હથિયાર હાથ મળતું હતું.

ખેર, આ હુકમના અમલ બાબતે અનેક પ્રશ્નો ઊઠવા લાગ્યા. એના પરિણામે છેવટે સપ્ટેંબર ૨૦૦૫ના એક હુકમથી સુપ્રીમ કોર્ટે આ પ્રશ્નની હકીકતો સંબંધી બાબતોનો અભ્યાસ કરીને સૂચનો આપવા માટે દિલ્હી-સ્થિત ઈન્સ્ટિટયુટ ઓફ ઇકોનોમિક ગ્રોથનાં પર્યાવરણીય-અર્થશાસ્ત્રી પ્રાધ્યાપિકા કંચન ચોપરાના વડપણ હેઠળની શ્રી વી. બી. ઈશ્વરન અને બીજા ડૉ. ગોપાલ કાડેકોડીની ત્રણ સભ્યોની એક એક્ષ્પર્ટ કમિટિની નિમણૂક કરી. કમિટિની ટર્મ્સ ઓફ રેફરન્સમાં દેશના જુદા જુદા ભૌગોલિક પ્રદેશોના જુદા જુદા પ્રકારનાં જંગલો માટે NPV કઈ રીતે નક્કી કરવી તેની વ્યવહારુ પદ્ધતિ સૂચવવાની, કઇ રીતે એ ચૂકવવાની આવશે, બધા જ પ્રકારની યોજનાઓ પાસેથી NPV વસૂલ કરવી કે પછી અમુક યોજનાઓને એમાંથી છૂટ આપવી એ નક્કી કરી આપવા જેવી બાબતોનો સમાવેશ થાય છે. આ એક્ષ્પર્ટ કમિટિએ દેશભરમાં જુદા જુદા ભાગોમાં જાહેર સુનાવણીઓ યોજીને નિસબત ધરાવતા સૌને પોતાની વાત રજૂ કરવાનો મોકો આપ્યો. ૧૧મી ફેબ્રુઆરીની બેઠક પણ આ જાહેર સુનાવણીની પ્રક્રિયાના ભાગરૂપે જ રાખવામાં આવી હતી. અને એમાં દેશનાં પશ્ચિમી રાજ્યોને આવરી લેવામાં આવ્યાં. તમામ યોજનાઓ અંગેની મહત્ત્વની બાબતો નક્કી થવાની હોય, ત્યારે એની જાહેર સુનાવણીમાં જુદાં જુદાં તમામ હિતોનું પ્રતિનિધિત્વ કરતી અનેક વ્યક્તિઓનો શંભુમેળો ભેગો થાય એ સ્વાભાવિક હતું. અમારે પણ આદિવાસીઓના પ્રશ્ને મહત્ત્વની રજૂઆત કરવાની હતી, એટલે આદિવાસી મહાસભાના સાથીઓ અને આર્ચ તરફથી અમે રજૂઆત કરી.

### અમદાવાદની સુનાવણીમાં શું રજૂઆતો થઈ ?

ઉપસ્થિત લોકોમાં વિવિધ ઉદ્યોગો, સિંચાઈ કે પીવાના પાણીની યોજનાઓ, માઈનીંગ કંપનીઓ જેવી વિકાસ યોજનાઓના પ્રતિનિધિઓની સંખ્યા ખાસ્સી મોટી હતી. એ તમામની રજૂઆતોનો મુખ્ય સૂર એ જ રહ્યો કે NPVની જંગી રકમો એ યોજનાઓ ચૂકવી શકે એવી સ્થિતિમાં જ નથી, માટે એમને એમાંથી રાહત મળવી જોઈએ. પીવાના પાણીની યોજનાઓના પ્રતિનિધિઓએ કહ્યું, 'અમે તો પીવાનું પાણી પૂરું પાડી રહ્યા છીએ જે કાંઈ નફો કમાવાની યોજના નથી, માટે અમને માફી મળવી જોઈએ'. એવું જ સિંચાઈ યોજનાઓના અધિકારીઓએ કહ્યું. ત્યાં સુધી કે મીઠાના કારખાનાવાળાઓએ પણ રજૂઆત કરી કે 'અમે તો આયોડિનવાળું મીઠું બનાવીએ છીએ, એટલે અમારી યોજનાને ખરેખર તો આરોગ્યની યોજના ગણવી જોઈએ અને એ રીતે માફી મળવી જોઈએ' !

પરંતુ આ બધી રજૂઆતોમાંથી કેટલીક ચોંકાવનારી હકીકતો પણ બહાર આવી. જે જમીનો સાવ પડતર હોય અને જ્યાં વૃક્ષ તો શું ઘાસનું તણખલું પણ ઉગી શકે એમ ના હોય એવી જમીનો માટે પણ કરોડો રૂપિયાની NPV માંગવામાં આવી રહી છે. તે જ પ્રમાણે ભૂગર્ભ ખાણો કે ટેલિફોનના દોરડાં નાખવાની યોજનાઓ જેનાથી જંગલને કોઈ નુકશાન નહીં થવાનું હોય એમાં પણ પૂરીપૂરી NPV ચૂકવવી પડે છે. મોટાભાગની યોજનાઓમાં NPVની રકમ કરોડો રૂપિયાની થતી હતી.

બીજી તરફ કેટલાક પર્યાવરણવાદી સંગઠનોએ રજૂઆત કરી કે બધી યોજનાઓમાં તો NPV વસૂલ કરવી જ જોઈએ અને એમાં કોઈને કોઈ પણ જાતની માફી નહીં મળવી જોઈએ, પછી એ આદિવાસીઓને જમીન આપવાની બાબત કેમ ના હોય. કેટલાકે તો વળી એમ પણ કહ્યું કે આ તો અત્યારે જે નુકસાન થઈ રહ્યું છે તેની કિંમત વસૂલ કરવાની જ વાત છે, પરંતુ ભૂતકાળમાં આવી યોજનાઓથી જે નુકસાન થયેલું તેની કિંમત પણ વસૂલ થવી જોઈએ. સ્પષ્ટ છે કે આત્યંતિક પર્યાવરણવાદી જૂથો જ આવી વાતો કરે ! અલબત, આવું કહેનારાની સંખ્યા બહુ નાની હતી.

ગુજરાત અને મ.પ્ર.ના વન વિભાગના અધિકારીઓએ આદિવાસીઓ ખેતી કે રહેણાંક માટે વર્ષોથી જે જમીનોનો ઉપયોગ કરી રહ્યા છે તે એમને નામે કરી આપવાના તેમજ વન વસાહતનાં ગામોને રેવન્યૂ ગામોમાં ફેરવવાના કેસોને NPV ચૂકવવામાંથી બાકાત રાખવા જોઈએ એવી રજૂઆત કરી.

આદિવાસીઓના અધિકારો તેમજ પર્યાવરણના જતનની બાબતોને કેન્દ્રમાં રાખીને અમે નીચેની મુખ્ય બાબતોની રજૂઆત કરી :

### NPV જંગલો પર ગણાવી જોઈએ, નહીં કે જંગલ-જમીન પર

જંગલો અને જંગલજમીનો વચ્ચેનો તફાવત ઘણો અગત્યનો છે. વન વિભાગ હસ્તકની બધી જમીનો જંગલજમીન ગણાય, પરંતુ એ બધી જમીનો પર ખરેખર જંગલ ઊભેલાં નથી હોતાં. એટલે એ બે વચ્ચે તફાવત કરવો જરૂરી છે. આપણે ત્યાં રાષ્ટ્રીય સ્તરે વન વિભાગના નિયંત્રણવાળો કુલ નોંધાયેલ વન વિસ્તાર (recorded forest area) ૭.૬૫ કરોડ હેકટરનો છે. જ્યારે દહેરાદુનના ફોરેસ્ટ સર્વે ઓફ

ઇન્ડિયાના ૧૯૯૯ના અહેવાલ મુજબ જેમાં ખરેખર જંગલ (forest cover) હોય એવો વિસ્તાર ૬.૨૪ કરોડ હેક્ટરનો જ છે. ફોરેસ્ટ કવરવાળો આ બધો વિસ્તાર વન વિભાગના નિયંત્રણવાળા રેકોર્ડેડ ફોરેસ્ટના વિસ્તારમાં જ આવેલો હોય એ જરૂરી નથી. પરંતુ એમ છે એમ માની લઈએ તો પણ એ તો સ્પષ્ટ છે કે ૭.૬૫ કરોડ હેક્ટરના કુલ નોંધાયેલ વન વિસ્તારમાંથી ૧.૪ કરોડ હેક્ટર (૧૮ ટકા) જેટલા વિસ્તારમાં તો કોઈ જંગલો આવેલાં નથી. ગુજરાતમાં તો આ આંકડા એથી પણ ખરાબ છે - ૧૯.૪ લાખ હેકટરના નોંધાયેલ વન વિસ્તારમાંથી ૭ લાખ હેકટર (૩૬ ટકા) જેટલા વિસ્તારમાં કોઈ જંગલ નથી.

NPV તો કુદરતી જંગલોમાંથી મળતા લાભની નુકસાની ભરપાઈ કરવા માટે લેવાની છે. એટલે એ તો સ્પષ્ટ છે કે જ્યાં જંગલો જ ના હોય ત્યાં કોઈ NPV લઈ ના શકાય. એટલે કે એ કિસ્સાઓમાં NPV શૂન્ય જ ગણાય. પરંતુ અત્યારે જંગલજમીન અને જંગલો વચ્ચે આવો કોઈ ભેદ પાડવામાં આવતો નથી અને વન વિભાગ હસ્તકની બધી જમીનો જંગલ ધરાવે જ છે એમ માની લઈને બધી જમીન માટે હેક્ટરે ઓછામાં ઓછી રૂપિયા ૫.૮ લાખની NPV વસૂલ કરવામાં આવે છે, જે સાવ ખોટું છે.

ખરો સવાલ તો એ છે કે વન વિભાગના સીધા નિયંત્રણ હેઠળ હોય એવી આટલી બધી જમીનો જંગલ વગરની કેમ છે? એનું એક અગત્યનું કારણ એ છે કે સ્વતંત્રતા બાદ દેશમાં જંગલો વધારવાની જે ઝૂંબેશ ચાલી તેમાં લાખો હેકટર સરકારી પડતર જમીનોને જંગલ જાહેર કરી દઈને વન વિભાગના નિયંત્રણ હેઠળ મૂકી દેવામાં આવેલી - કદાચ એમ માનીને કે વન વિભાગના નિયંત્રણ હેઠળ આવી જશે એટલે એના પર જંગલો ઊગી જશે ! આમ, ૧૯૫૦-૫૧માં દેશમાં કુલ નોંધાયેલ વન વિસ્તાર ૫.૪ કરોડ હેક્ટરનો હતો તે અત્યારે વધીને ૭.૬૫ કરોડ હેક્ટરનો થઈ ગયો છે, જે ૨.૨૫ કરોડ હેક્ટર (૪૦ ટકા)નો વધારો સૂચવે છે. આમ, જંગલ જમીનમાં તો વધારો થયો છે, અને છતાં જંગલો તો બધાં ખલાસ થઈ ગયાં છે! આ વધારાની જે જમીનો જંગલજમીન તરીકે જાહેર થઈ ગઈ છે તેમાંની કેટલીયે જમીનો એવી છે, જ્યાં ક્યારેય જંગલો હતાં નહીં અને જંગલો ઊગે એવી કોઈ સંભાવના પણ નથી. ખરેખર તો આવી બધી જમીનોને ડીનોટીફાઈ કરી દઈને જંગલજમીનની યાદીમાંથી જ બાકાત કરી દેવી જોઈએ. જેથી ખરેખર જ્યાં જંગલો છે અને જ્યાં તે ઊગી શકે એમ છે એ જમીનો પર જ ધ્યાન કેન્દ્રિત કરી શકાય. અને જંગલના નામે બાકીની પડતર જમીનો માટે સાવ બિનજરૂરી સમય, શકિત અને નાણાંનો બગાડ બચી જાય.

## વર્ષોથી આદિવાસીઓનાં રહેઠાણ કે ખેડાણ હેઠળની જમીનો માટે કોઈ NPV લઈ ના શકાય

આ જ રીતે જંગલમાં રહેતા આદિવાસીઓ વર્ષોથી જંગલની જે જમીનોનો ઉપયોગ ખેતી કે ઘર તરીકે કરી રહ્યા છે એ જમીનો એમને નામે કરી આપવાની થાય તેમાં NPV ઉઘરાવવાને કોઈ કારણ નથી. એમાં વન વસાહતનાં ગામોને રેવન્યૂ ગામોમાં ફેરવવાના, ફોરેસ્ટ સેટલમેન્ટની પ્રક્રિયામાં જેમના દાવાઓની યોગ્ય તપાસ નહીં થઈ હોવાથી જે જમીનો એમના નામે નથી થઈ અને હવે કરવાની થાય છે તેવા વિવાદી કિસ્સાઓ તેમજ વર્ષોથી જંગલજમીનમાં ખેતી કરતા કે ઘર બાંધી રહેતા લોકોના અધિકારો અંકે કરવા - એમ ત્રણે પ્રકારના કિસ્સાઓનો સમાવેશ થાય છે. આમાંની ઘણી જમીનો તો જંગલ તરીકે જાહેર થઈ ત્યાર પહેલાથી જ આદિવાસીઓ ખેડતા આવ્યા છે. અને છતાં એમને 'દબાણદાર' ગણવામાં આવે છે. આ તમામ જમીનો વર્ષોથી ખેતી કે ઘર હેઠળ જ છે અને કોઈ જંગલ ધરાવતી નથી. એટલે અહીં પણ જંગલ ગુમાવવાથી થતી નુકસાની ભરપાઈ કરવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી અને એટલે એ માટે કોઈ NPV માગી ન શકાય. એટલે કે એ જમીનોની NPV પણ શૂન્ય જ ગણવી પડે. આ તમામ કિસ્સાઓમાં હકીકતમાં સ્થળ ઉપર જમીનના ઉપયોગમાં કોઈ ફરક પડતો નથી. જે ઉપયોગ થઈ રહ્યો છે તે મુજબ જમીનના સરકારી રેકર્ડ સુધારવાનો જ આ કેસ છે.

## આમ છતાં આદિવાસીઓ કોઈ રાહત કે દયા નથી માગતા

આમ છતાં, એ સ્પષ્ટતા પણ કરવામાં આવી કે, આદિવાસીઓ કોઈ રાહતની માંગણી નથી કરતા, કે એમના કેસોને અપવાદ ગણીને એમને NPV ભરવામાંથી મુક્તિ આપવાની વાત પણ નથી કરતા. તેઓ સૌ NPV ભરવા તૈયાર છે, પરંતુ નાણાંના સ્વરૂપમાં નહીં, પણ આસપાસનાં પાંખાં થઈ ગયેલાં જંગલોવાળી જમીનો પર ખરેખર કુદરતી જંગલો ઉછેરીને ! આમ પણ NPV ઉઘરાવવાનો દેખીતો ઉદ્દેશ્ય તો કેન્દ્રીય સમિતિ પાસે ભેગા થયેલાં નાણાંની મદદથી કુદરતી જંગલો ઉછેરવાનો જ છે ને? એટલે જંગલમાં જ રહેતા આદિવાસીઓ દિલ્હીની કેન્દ્રીય એજન્સીને નાણાં આપે અને એ એજન્સી પછી બીજી કોઈ એજન્સીને એ આપીને જંગલ ઉછેરવાનું કામ સોંપે એના કરતાં આદિવાસીઓ પોતે જ જંગલ ઉછેરે એ શું ખોટું? બહારની એજન્સીઓ તો એ કામ ક્યારેય કરી જ ના શકે. આમ પણ, કુદરતી જંગલો ઉછેરવાના કામમાં નાણાંની એટલી જરૂર નથી જેટલી સ્થાનિક લોકોની ભાગીદારીની છે. જંગલો ઉછેરવાનું સૌથી સારું કામ તેઓ જ કરી શકે. જરૂર છે એ

માટે એમને પોતાની રીતે જંગલો સાચવીને તેનું વ્યવસ્થાપન કરવાના અને પેદાશોના ટકાઉ વપરાશના અધિકારો આપવાની. જંગલને રક્ષણ આપવાનું કામ કાંઈ કાંટાળી વાડ કે બંદૂકથી નહીં, પરંતુ સ્થાનિક લોકોએ ઊભી કરેલી 'સામાજિક વાડ'થી જ થઈ શકે.

ઉપરની વાતો અમદાવાદ ખાતેની સુનાવણી દરમિયાન રજૂ કરેલી. પરંતુ આ જ વાતને આગળ લંબાવીએ તો ખ્યાલ આવે છે કે પૈસાના સ્વરૂપમાં NPV ઉઘરાવીને કેન્દ્રીય ફંડમાં જમા કરાવવાની આ આખી યોજના વિશે જ કેટલાક પાયાના સવાલ ઊભા કરવા જેવા છે. એ બાબતો અમે પાછળથી પૂરક નોંધ મારફત કમિટિ સમક્ષ રજૂ કરી છે.

### પૈસાના સ્વરૂપમાં NPV ઉઘરાવીને કેન્દ્રીય એજન્સીને સોંપવાથી દેશનાં જંગલોની સ્થિતિ કેવી રીતે સુધરશે ?

હકીકતમાં પૈસાના સ્વરૂપમાં NPV ઉઘરાવીને કેન્દ્રીય એજન્સીને એનો વહીવટ સોંપવો એ જ કેમ શ્રેષ્ઠ ઉપાય છે એ વિશે સુપ્રીમ કોર્ટ કે સી.ઈ.સી.એ કોઈ ખુલાસો આપ્યો નથી. એક માત્ર જે કારણ આપવામાં આવ્યું છે તે એ જ છે કે કોમ્પેન્સેટરી એફોરેસ્ટેશનમાં જે પ્લાન્ટેશનો થાય છે તેનાથી કુદરતી જંગલો નાશ થવાથી થયેલ નુકસાન પૂરેપૂરું ભરપાઈ નથી થતું. આ વાત સાચી જ છે. પરંતુ એનો તો સીધો અને સરળ ઉપાય છે : બિનજંગલ જમીનો મેળવીને એમાં પ્લાન્ટેશન કરવા માટે જંગલની જે જમીનો જતી હોય એની આસપાસના વિસ્તારોમાં એટલી જ કે એનાથી બમણી કે ત્રણગણી પાંખાં થઈ ગયેલાં જંગલોવાળી જંગલજમીનોમાં કુદરતી જંગલ ઉછેર (natural regeneration) કરવામાં આવે અને એ માટેનો તમામ ખર્ચ જે તે એજન્સી પાસેથી વસૂલ કરવામાં આવે. આવો સીધો રસ્તો અપનાવવાને બદલે પૂરેપૂરી NPV જ નાણાંના સ્વરૂપમાં ઉઘરાવીને કેન્દ્રીય એજન્સીને સોંપવાનો રસ્તો કેમ અપનાવાયો તેનો કોઈ ખુલાસો જોવા મળતો નથી. પ્લાન્ટેશનો કુદરતી જંગલોનો સાવ નબળો વિકલ્પ પૂરો પાડે છે એ સાચું. પરંતુ નાણાં શું એનાથી સારો વિકલ્પ પૂરો પાડે છે? એ તો કોઈ વિકલ્પ જ નથી.

અને કુદરતી રીતે જંગલ ઉછેરના કાર્યક્રમ હાથ ધરી શકાય એ માટે પાંખાં થઈ ગયેલાં જંગલોની તો આપણે ત્યાં કોઈ કમી જ નથી. ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયાના ૧૯૯૯ના અહેવાલ મુજબ દેશમાં ૭.૬૫ કરોડ હેક્ટરના નોંધાયેલ વન વિસ્તારમાંથી  માત્ર ૬.૩૭ કરોડ હેક્ટરમાં જ જંગલ આવેલાં છે અને એમાંથી માત્ર ૩.૭૭ કરોડ હેક્ટરમાં જ ગાઢાં જંગલો આવેલાં છે, જ્યારે બાકીની ૨.૬ કરોડ હેક્ટર જેટલી જમીનમાં પાંખાં થઈ ગયેલાં ખુલ્લાં જંગલો આવેલાં છે. આમ, દેશના ૭.૬૫ કરોડ હેક્ટરના નોંધાયેલ વન વિસ્તારમાંથી ૩.૮૮ કરોડ હેક્ટર (૫૦ ટકાથી પણ વધારે) જેટલી જમીન સાવ પાંખાં થઈ ગયેલાં જંગલ ધરાવે છે અથવા તો જંગલ જ નથી ધરાવતી. આમાંથી જે જમીનોમાં જંગલો થઈ શકે એમ જ ન હોય એને બાદ કરી દઈએ તો પણ બીજી કરોડો હેક્ટર જમીન બચશે, જેમાં કુદરતી જંગલ ઉછેરના કાર્યક્રમો હાથ ધરી શકાય, ધરવા જોઈએ. આ બધી જમીનો વન વિભાગ હસ્તક જ છે. દેશનાં જંગલોની સ્થિતિ સુધારવી હોય તો ખરેખર તો આપણે વન વિભાગ હસ્તકની અને છતાં પાંખાં જંગલો ધરાવતી કે બિલકુલ જંગલ નહીં ધરાવતી આ જમીનો ઉપર જ ખાસ ધ્યાન આપવું જોઈએ. અને અગાઉ કહ્યું તેમ આ જમીનો પરનાં જંગલોને નવપલ્લવિત કરવાનો સૌથી સારો રસ્તો સ્થાનિક આદિવાસીઓને એને જાળવવાના, ઉછેરવાના અને એની પેદાશોનો ભોગવટો કરવાના લાંબા ગાળાના અધિકાર આપવાનો છે. આમ કરવામાં આવે તો ખૂબ ઝડપથી અને ઘણા ઓછા ખર્ચે આ જંગલોનું કુદરતી નવસર્જન હાંસલ કરી શકાય. સુપ્રીમ કોર્ટ જંગલના કુદરતી ઉછેરની પ્રક્રિયા ખૂબ ધીમી અને ખર્ચાળ હોવાનું જણાવે છે. પરંતુ વાસ્તવિકતા સાવ જુદી છે. એ ખૂબ ઝડપથી અને ઓછા ખર્ચે હાંસલ કરી શકાય એવી પ્રક્રિયા છે. એ માટે જરૂર નાણાંની એટલી નથી, જેટલી સ્થાનિક સમુદાયોને જરૂરી અધિકારો આપવાની.

આદિવાસીઓ કોઈ રાહતની માંગણી નથી કરતા, કે એમના કેસોને અપવાદ ગણીને એમને NPV ભરવામાંથી મુક્તિ આપવાની વાત પણ નથી કરતા. તેઓ સૌ NPV ભરવા તૈયાર છે, પરંતુ નાણાંના સ્વરૂપમાં નહીં, પણ આસપાસનાં પાંખાં થઈ ગયેલાં જંગલોવાળી જમીનો પર ખરેખર કુદરતી જંગલો ઉછેરીને ! આમ પણ NPV ઉઘરાવવાનો દેખીતો ઉદ્દેશ્ય તો કેન્દ્રીય સમિતિ પાસે ભેગા થયેલાં નાણાંની મદદથી કુદરતી જંગલો ઉછેરવાનો જ છે ને? એટલે જંગલમાં જ રહેતા આદિવાસીઓ દિલ્હીની કેન્દ્રીય એજન્સીને નાણાં આપે અને એ એજન્સી પછી બીજી કોઈ એજન્સીને એ આપીને જંગલ ઉછેરવાનું કામ સોંપે એના કરતાં આદિવાસીઓ પોતે જ જંગલ ઉછેરે એ શું ખોટું?

**યોજનાથી જંગલ અને પર્યાવરણને લાભ મળતા હોય તો તે ગણતરીમાં લેવા જોઈએ કે નહીં ?**

કેટલીક યોજનાઓ એવી હોય છે, જેની જંગલ / પર્યાવરણ ઉપર નકારાત્મક અસરો તો હોય છે, પણ સાથે સાથે એની સારી અને સકારાત્મક અસરો પણ હોય છે. દાખલા તરીકે, સિંચાઈ કે વિજળી પેદા કરવા માટેના ડેમ. આ ડેમ પાછળનાં જળાશયોમાં જંગલની જમીનો ડૂબાણમાં જતી હોવાથી જંગલો નાશ પામે છે એ તો સ્પષ્ટ છે. પરંતુ એમને કારણે ડૂબાણમાં નહીં ગયેલાં, બાકી બચેલાં જંગલની સ્થિતિમાં નાટ્યાત્મક સુધારો પણ થાય છે, જેની નોંધ નથી લેવાતી. એનું કારણ એ કે જળાશયમાં પાણી ભરાવાથી વાતાવરણ અને જમીનમાં ભેજનું પ્રમાણ વધે છે. આ ઉપરાંત અગાઉ ત્યાં જે લોકો રહેતા હતા તેમનું સ્થળાંતર કરીને તેમને બીજે વસાવવામાં આવે છે જેને કારણે જંગલો પરનું જૈવિક દબાણ પણ ઓછું થઈ જાય છે. (બંધોથી અસર પામતા લોકોના પુનર્વસવાટની બાબતે આપણા દેશની આવી યોજનાઓનો ટ્રેક રેકોર્ડ જરાયે સારો નથી, અને એ અંગે હજી ઘણું કરવાનું બાકી છે. પરંતુ એ આ ચર્ચાનો વિષય નથી એટલે એની વિગતોમાં અહીં નહીં જઈએ.) પરિણામે બાકી બચેલાં જંગલોમાં કુદરતી નવસર્જનની પ્રક્રિયાને જબરજસ્ત વેગ મળે છે. અને અગાઉ જે જંગલો સાવ પાંખાં હોય તે થોડાં જ વર્ષોમાં લીલાંછમ અને ગાઢાં બની જાય છે અને એની જૈવિક વિવિધતામાં પણ ઘણો વધારો થાય છે. સરદાર સરોવરની આસપાસનાં જંગલોની સ્થિતિમાં છેલ્લા થોડાં જ વર્ષોમાં જે જબરજસ્ત સુધારો થયો છે તે હકીકત આ વાતની સાક્ષી પૂરે છે. કેટલાયે કિસ્સાઓમાં તો આસપાસનાં જંગલોની સ્થિતિનો આ સુધારો જ ડૂબાણમાં ગયેલાં જંગલથી થયેલા નુકસાનને પૂરેપૂરું ભરપાઈ કરી આપે છે. એટલું જ નહીં, ક્યારેક તો નુકસાનની તુલનામાં લાભનું પ્રમાણ વધી પણ જાય છે. NPVની આ આખી ચર્ચામાં યોજનાથી થતા આવા લાભની તો કોઈ વાત જ નથી કરતું. મઝાની વાત તો એ છે કે જે રીતે ડૂબમાં જતાં જંગલની NPV જે તે યોજનાએ 'કેમ્પા'ને ચૂકવી આપવાની થાય છે તે જ રીતે યોજનાને કારણે આસપાસનાં જંગલોની સ્થિતિમાં સુધારો થવાને કારણે એની NPVમાં જે વધારો થાય તે જો કેમ્પાએ યોજનાને ચૂકવવાનો હોય તો આપણી ધારણાથી વિપરીત ઘણીવાર એવું બને કે કેમ્પાએ લેવાના કરતાં ચૂકવવાના વધારે થાય. એ, અલબત્ત, એબસર્ડ જ ગણાય. પરંતુ રોકડના સ્વરૂપમાં NPV વસૂલ કરવાની વાતનાં આવાં જ એબસર્ડ પરિણામો આવી શકે એ પણ એટલું જ સ્પષ્ટ છે.

સુપ્રીમ કોર્ટ જેવી દેશની સર્વોચ્ચ અદાલતે પણ અગત્યનો નિર્ણય લેતાં પહેલાં આવા પાયાના પ્રશ્નોને ધ્યાનમાં લીધા નથી એ જાણીને આશ્ચર્ય થયા વિના રહેતું નથી. જે રીતે NPV વસૂલ કરવાનો આ નિર્ણય લેવાયો, એ જોઈને તો ઘા જ ખાઈ જવાય. કોમ્પેન્સેટરી એફોરેસ્ટેશનનું કામ બરાબર થતું નથી એ ધ્યાન પર આવતાં કોર્ટે એ અંગે ભલામણ કરવાનું કામ સી.ઈ.સી.ને સોંપેલું. સી.ઈ.સી.એ એ અંગેના પોતાના અહેવાલમાં NPV વસૂલ કરવાની વધારાની નવી વાત ઉમેરી દીધી. વન મંત્રાલયે એ માટે સંમતિ દર્શાવી. સી.ઈ.સી.નો અહેવાલ કોર્ટના રેકોર્ડ પર આવી ગયેલો હોવા છતાં કોઈ રાજ્ય સરકારે એ સામે એનો વિરોધ કરતી એફીડેવીટ દાખલ ના કરી. એટલે માની લેવાયું કે રાજ્ય સરકારો પણ એની સાથે સહમત છે. અને એટલે સુપ્રીમ કોર્ટે ૨૦૦૨માં NPV વસૂલીનો હુકમ કરી દીધો. આખીયે પ્રક્રિયામાં જે લોકો-સંસ્થાઓ -એજન્સીઓ ઉપર આ નિર્ણયની ઘેરી અસરો પડવાની હતી તેમને તો આ આખી પ્રક્રિયામાં પોતાની વાત રજૂ કરવાનો મોકો જ ના મળ્યો. આ વાંચીએ ત્યારે બાળપણની 'દલા તરવાડીની વાર્તા' યાદ આવ્યા વિના રહેતી નથી. એ તો સારું છે કે સુપ્રીમ કોર્ટે ત્યાર પછી આ એક્ષ્પર્ટ કમિટિની નિમણુંક કરીને આખા પ્રશ્નનો તલસ્પર્શી અભ્યાસ કરાવવાનું નક્કી કર્યુ. આ કમિટિએ દેશભરમાં જાહેર સુનાવણીઓ યોજીને દરેકને પોતાનો કેસ રજૂ કરવાનો અવસર આપ્યો છે અને બધાની વાતો શાંતિથી સાંભળી છે.

કમિટિનો અહેવાલ હવે તૈયાર થવામાં જ હશે. આપણે આશા રાખીએ કે ત્રણ પ્રતિષ્ઠિત સભ્યોની બનેલી આ એક્ષ્પર્ટ કમિટિ જુદા જુદા વિસ્તારોમાં NPVની ગણતરી કઈ રીતે કરવી એની વિગતોની સાથે સાથે આ આખી યે વિભાવના સામેના આ પાયાના સવાલો પણ બરાબર ચકાસશે અને એ અંગે વિવેકપૂર્ણ અહેવાલ આપશે, જેના આધારે સુપ્રીમ કોર્ટ યોગ્ય નિર્ણય લઈ શકે. બાકી અત્યાર સુધી આ પ્રશ્ને જે રીતે નિર્ણયો લેવાયા છે તે જોતાં તો એવી જ છાપ પડે છે કે વિકાસ યોજનાઓના માર્ગમાં અવરોધો પેદા કરવા અને એમની પાસેથી બને એટલાં વધારે નાણાં કઢાવી લેવા એમાં જ જાણે કે જંગલ અને પર્યાવરણના જતનના કામની ઈતિશ્રી આવી જાય છે. આ એડવર્સરીયલ અભિગમમાંથી દેશ જેટલો વહેલો બહાર નીકળી જાય એ જ સરવાળે વિકાસ અને પર્યાવરણ એમ બન્નેના હિતમાં છે. એનો અર્થ એ હરગીજ નથી કે જંગલ કે પર્યાવરણને ગમે તેટલું નુકસાન થતું હોય તો પણ બધી યોજનાઓને મંજૂરી મળી જ જવી જોઈએ. જે યોજનાઓથી ખરેખર ભરપાઈ ના થઇ શકે એવું નુકસાન થતું હોય તો એને બેશક રોકી દેવી જોઈએ. પરંતુ એમ કરવાને બદલે નુકસાન થતું હોય કે ન થતું હોય, કે એ ભરપાઈ કરી શકાય એવું થતું હોય, પણ 'કાગળ પરનાં જંગલ'ના નામે દરેક યોજનાના માર્ગમાં અવરોધો પેદા કરવાનો અને નાણાં કઢાવવાનો જે માર્ગ આપણે અપનાવ્યો છે, એ સરવાળે કોઈના લાભમાં નથી. •

आ नो भद्रा क्रतवः यन्तु विश्वतः।


–ऋग्वेद

*'Dare to be free, and respect the freedom and the autonomy of others; for the dignity of man lies in his freedom, and in his respect for other people's autonomous and responsible beliefs, especially if these differ widely from his own.'*

*- Immanuel Kant*

*'Men wiser and more learned than I have discerned in history a plot, a rhythm, a predetermined pattern... I can see only one emergency upon another as wave follows wave, only one great fact with respect to which, since it is unique, there can be no generalizations, only one safe rule for the historian: that he should recognize ...the play of the contingent and the unforeseen.... The fact of progress is written plain and large on the pages of history; but progress is not a law of nature. The ground gained by one generation may be lost by the next.'*

*- H.A.L. Fisher*


Where the mind is without fear and the
head is held high;
Where knowledge is free;
Where the world has not been broken
up into fragments of domestic walls;
Where words come out from the depth
of truth;
Where tireless striving stretches its arms
towards perfection;
Where the clear stream of reason has
not lost its way into the dreary desert
sand of dead habit;
Where the mind is led forward by
Thee into ever-widening thought and
action
into that heaven of freedom, my Father,
let my country awake.
- Rabindranath Tagore - Gitanjali